MARKET 4U
જંગ-એ-ગુજરાત
અખબાર
સુરત ઓફિસ
૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.
કોલ કરીને જ આવવું
મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । મંગળવાર । તા. ૧૧-૦૨-૨૦૨૦ । વર્ષ : ૧૬ । પાના : ૧૨

2 ઓસ્કર ૨૦૨૦: 'પેરાસાઈટ'એ ચાર એવોર્ડ્સ જીતી ઈતિહાસ સર્જ્યો

5 'થપ્પડ'નું ટ્રેલર જોઈ સ્મૃતિ ઈરાની બની ભાવુક, સમાજ પર રોષ ઠાલવ્યો

7 મહાકાળી મંદિર ટ્રસ્ટમાં ચાંદીનાં કૌભાંડ મુદ્દે સીઆઈડી કાઇમને રજૂઆત કરાશે

12 અંકલેશ્વરની સ્કૂલની બસ ચીખલીમાં પલટી : ૨૩ બાળકો ઇજાગ્રસ્ત

આજે ફેંસલો: આખરે દિલ્હી પર કોણ કરશે રાજ..?

એક્ઝિટ પોલના આંકડા પ્રમાણે આપની સરકાર બનતી હોવાનો દાવો,આજે ચિત્ર થશે સ્પષ્ટ,ભાજપ માટે અગ્નિપરીક્ષા,કુલ ૭૦ બેઠકોના પરિણામ જાહેર થશે



ન્યુ દિલ્હી

રાજકિય રીતે પ્રતિષ્ઠિત એવી દિલ્હી વિધાનસભા ચૂંટણી-૨૦૨૦ માટે ચૂંટણી પંચ દ્વારા સત્તાવાર રીતે જણાવ્યાં પ્રમાણે ૮મીએ ૭૦ બેઠકો માટે ૬૨.૫૯ ટકા મતદાન નોંધાયું છે. આવતીકાલ ૧૧મી ફેબ્રુઆરીએ સવારથી મતગણતરીની પ્રક્રિયા હાથ ધરાશે. ચૂંટણી પંચ દ્વારા મતોની ગણતરી માટેની તમામ તૈયારીઓ પૂર્ણ કરવામાં આવી છે. તમામ મતગણતરી સ્થળે પોલીસનો ભારે બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. વિજય સરઘસને લઈને કાયદો-વ્યવસ્થાનો કોઈ પ્રશ્ન ન સર્જાય તેની ખાસ કાળજી લેવામાં આવશે. સૌની નજર સીએમ અરવિંદ કેજરીવાલની બેઠક નવી

અનુસંધાન પાના નં. ૬



નવી દિલ્હીના જંતર-મંતર ખાતે સીએએ, એનસીઆર અને એનપીઆર સામે વિરોધ પ્રદર્શન દરમિયાન મહાત્મા ગાંધીઓનો માસ્ક પહેરેલા વિરોધીઓએ સૂત્રોચ્ચાર કર્યા હતા.

મમતા સરકારે વિધાનસભામાં બજેટ રજૂ કર્યું

દિલ્હી બાદ પશ્ચિમ બંગાળમાં ૭૫ યુનિટ સુધી વીજળી ફ્રીમાં મળશે

કેન્દ્ર સરકારે નફરતના રાજકારણમાં વ્યસ્ત રહેવાને બદલે અર્થવ્યવસ્થા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ: મમતા બેનર્જી

કોલકાત્તા

પશ્ચિમ બંગાળની મમતા સરકારે આજે વિધાનસભામાં બજેટ રજૂ કર્યું હતું. આ બજેટમાં ખાસ વાત એ છે કે પશ્ચિમ બંગાળની સરકારે ત્રિમાસિક ધોરણે ૭૫ યુનિટ સુધી મફત વીજળી આપવાની જાહેરાત કરી છે. દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં નિશુલ્ક વીજળી યોજના ચર્ચામાં રહી છે. દેશની રાજધાનીમાં દર મહિને ૨૦૦ યુનિટ સુધી વીજળીના ઉપયોગ પર કોઈ ચાર્જ લાગતો નથી.

પશ્ચિમ બંગાળ સરકારે ત્રિમાસિક ધોરણે ૭૫ યુનિટ સુધી મફત વીજળી આપવાની જાહેરાત કરી. બજેટમાં આગામી ત્રણ વર્ષમાં ૧૦૦ નાના અને મધ્યમ ઉદ્યોગ પાર્ક બનાવવાની દરખાસ્ત, ૨૦૨૦-૨૧ માટે આ હેઠળ ૨૦૦ કરોડની ફાળવણી.

રાજ્ય સરકારે આગામી બે નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨ માટે ચાના

અનુસંધાન પાના નં. ૬

સરકારને 'સુપ્રિમ'ની રાહત: એસસી/એસટી સંશોધિત એક્ટને આપી મંજૂરી

એટ્રોસિટી કેસમાં હવે તપાસ વગર જ ધરપકડ થઈ શકશે



સુપ્રિમ કોર્ટે એસસી/એસટી સંશોધન અધિનિયમ-૨૦૧૮ની બંધારણીય કાયદેસરતાને યથાવત રાખ્યો, એફઆઈઆર નોંધવા માટે પ્રાથમિક તપાસની જરૂર નથી અને આ માટે વરિષ્ઠ પોલીસ અધિકારીની મંજુરી નહિ લેવી પડે,સુપ્રિમે બે વર્ષ બાદ પોતાના જ ચુકાદામાં ફેરફાર કર્યો

ન્યુ દિલ્હી

એસસી/એસટી એક્ટમાં કેન્દ્ર સરકારના એસસી-એસટી સંશોધન કાયદાને પડકારતી અરજીને સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી છે. પોતાના ચૂકાદામાં સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કરતા જણાવ્યું કે, એસસી-એસટીએક્ટમાં તાત્કાલીક ધરપકડની જોગવાઈને જોડવા માટે સરકાર તરફથી ૨૦૧૮માં કરવામાં આવેલા સંશોધનને યથાવત રાખવામાં આવ્યું છે. સુપ્રિમે બે વર્ષ બાદ પોતાના જ નિર્ણયમાં ફેરફાર કર્યો છે જેથી સરકારને મોટી રાહત મળી છે. આથી જો કોઈ કેસમાં એફઆઈઆર દાખલ કરવામાં આવે છે, તો આરોપીની તાત્કાલીક ધરપકડ કરવામાં આવશે. આ સાથે જ એસસી-એસટી એક્સના મામલામાં કેસ દાખલ કર્યા પહેલા તપાસની આવશ્યક્તા નહી રહે. જયારે એફઆઈઆર દાખલ કર્યા પહાલ કોઈ વરિષ્ઠ અધિકારીની મંજૂરીની પણ જરૂરત નહીં રહે. જો કે કેટલીક ખાસ પરિસ્થિતિઓમાં કોર્ટ એફઆઈઆર ફગાવી શકે છે.

જણાવી દઈએ કે, કેન્દ્ર સરકારના સંશોધિત કાયદાને પડકારવા માટે સુપ્રીમ કોર્ટમાં અરજીઓ દાખલ કરવામાં આવી હતી. જેને સોમવારે સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી અને કેન્દ્રના સંશોધિત કાયદાને મંજૂરી આપી દીધી છે. કોર્ટે જણાવ્યું કે, આ એક્ટમાં તાત્કાલીક ધરપકડની જોગવાઈ યથાવત રહેશ અને કોઈ પણ આરોપીને આગોતરા જામીન નહીં મળે.

જણાવી દઈએ કે, કેન્દ્રનો સંશોધિત કાયદો એસસી/એસટી એક્ટ અંતર્ગત ધરપકડ કરવામાં આવેલા કોઈ પણ આરોપીને આગોતરા જામીન આપવા પર રોક લગાવે છે. આ મામલે સુપ્રીમ કોર્ટના

અનુસંધાન પાના નં. ૬

ભાજપ અનામત વિરોધી, સરકાર સુપ્રિમમાં પુનર્વિચારણા અરજી કરે: કોંગ્રેસ

અનામત મામલે સંસદમાં હોબાળો: વિપક્ષનું વોકઆઉટ



- **અનામત કોઈ ખૈરાત નથી, સંવૈધાનિક અધિકાર છે: ચિરાગ પાસવાનનો ધ્રૂજારો**
- **આ સુપ્રિમ કોર્ટનો નિર્ણય છે,કોંગ્રેસ ખોટું રાજકારણ ન કરે: સરકારનો જવાબ**

ન્યુ દિલ્હી

સરકારી નોકરીમાં પ્રમોશનમાં અનામતને મૌલિક અધિકાર ન ગણાવનારા સુપ્રીમ કોર્ટના તાજેતરના નિર્ણય વિરુદ્ધ વિવાદ શરૂ થઈ ગયો છે. લોકસભામાં સોમવારે વિપક્ષે આ મુદ્દો ભારે હોબાળો કર્યો હતો. ત્યારબાદ સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કહ્યું કે, સુપ્રીમ કોર્ટેનો તાજેતરનો નિર્ણય સંવેદનશીલ છે ત્યારે કોંગ્રેસે આ મુદ્દે રાજકારણ ન કરવું જોઈએ. લોકસભામાં શૂન્યકાળ દરમિયાન કોંગ્રેસ અને દ્રમુકના સભ્યોએ સરકાર પર નિશાન સાધતાં તેમને દલિત વિરોધી ગણાવી અને ઉત્તરાખંડ સરકારે સુપ્રીમ કોર્ટમાં પોતાનો પક્ષ રાખ્યો તે બાદ કોર્ટનો આવો આદેશ આવ્યો તેમ જણાવ્યું.

સામાજિક ન્યાય મંત્રી થાવર ચંદ ગેહલોતે કહ્યું કે, આપણે આ અંગે ઉચ્ચ સ્તરે ચર્ચા કરી રહ્યા છે. હું એ સ્પષ્ટતા કરવા માંગું છું કે કોર્ટમાં સરકાર ક્યારેય આ કેસમાં પાર્ટી તરીકે નથી ઊભી. ગેહલોતે કહ્યું કે, આ કેસ ૨૦૧૨માં ઉત્તરાખંડ સરકારના પ્રમોશનમાં અનામત ન આપવા અંગે સામે આવ્યો હતો. એ વખતે રાજ્યમાં કોંગ્રેસની સરકાર હતી. આ અંગે કોંગ્રેસે ગૃહમાંથી વોકઆઉટ કરી દીધું હતું.

ત્યારબાદ સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કહ્યું કે, સુપ્રીમ કોર્ટેનો તાજેતરનો નિર્ણય સંવેદનશીલ છે ત્યારે કોંગ્રેસે આ મુદ્દે રાજકારણ ન કરવું જોઈએ. લોકસભામાં શૂન્યકાળ દરમિયાન કોંગ્રેસ અને દ્રમુકના સભ્યોએ સરકાર પર નિશાન સાધતાં તેમને દલિત વિરોધી ગણાવી અને ઉત્તરાખંડ સરકારે સુપ્રીમ કોર્ટમાં પોતાનો પક્ષ રાખ્યો તે બાદ કોર્ટનો આવો આદેશ આવ્યો તેમ જણાવ્યું.

સાથે જ વિપક્ષે સરકારને સુપ્રીમ કોર્ટમાં સમીક્ષા અરજી

અનુસંધાન પાના નં. ૬

MARKET 4U ફ્રેન્ચાઈઝી નિમવાના છે

MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) મૂડી રોકાણ કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા

ફ્રેન્ચાઈઝી

તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નિમવાના છે. ઈચ્છા ધરાવતી વ્યક્તિઓ સંપર્ક કરે.
(નફાનું ધોરણ ટર્ન ઓવરના ૪% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)

સ્કીમ : ફ્રેન્ચાઈઝી બની એક સાથે ૩૦ જોઈનિંગ પીન ખરીનાર પહેલા ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી વચ્ચે ડ્રો થશે જેમાં
પહેલું ઇનામ : રૂપિયા એક કરોડ (૧ વ્યક્તિ ને)
બીજું ઇનામ : રૂપિયા એક લાખ (૫ વ્યક્તિ ને)
ત્રીજું ઇનામ : રૂપિયા ૫૦ હજાર (૨૫ વ્યક્તિને) આપવામાં આવશે.

શરતો

૧. ડ્રો ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી પુરા થયે જ કરવામાં આવશે
૨. ડ્રો ની રકમ માંથી સરકારી TDS ૫% કાપવામાં આવશે.
૩. ડ્રો જાહેરમાં ફંકશન યોજી કોમ્પ્યુટરાઈઝડ સિસ્ટમ થી કરવામાં આવશે.
૪. ડ્રો ની રકમ ની ચુકવણી NEFT થીજ કરવામાં આવશે.
૫. ડ્રો નો એડમીન ચાર્જ ૨% ડ્રો ની રકમ માં થી અલગ થી કમાશે
૬. આ ડ્રો બાબતે કંપની લેખિત માં લખાણ કરી આપશે જે પિન ખરીદીના ૧૫ દિવસમાં ફ્રેન્ચાઈઝીના નોંધાયેલ એડ્રેસ પર આરપીએડી થી મોકલશે
૭. ફ્રેન્ચાઈઝી બનવા પહેલા મેમ્બર બનવું ફરજીયાત છે જે માટે નિયત રકમ એડવાન્સ ભરવાની રહેશે.
૮. પિન મેમ્બરના વોલેટમાં મળશે. જેના પર પીનદીઠ કમિશન રૂપિયા ૨૫ અલગ થી વોલેટમાં જમા થશે.
૯. મેમ્બર અથવા ફ્રેન્ચાઈઝી બનવા સંપર્ક કરો 9978406257
૧૦. ફ્રેન્ચાઈઝી પીન કંપની પાસેથી ખરીદી હશે તેજ વ્યક્તિ ડ્રોમાં ભાગીદાર ગણાશે. માટે ડ્રોમાં ભાગ લેનારે કંપની પાસેથીજ પીન ખરીદવી ફરજીયાત રહેશે.
૧૧. ફ્રેન્ચાઈઝી એક આઈડી પર એકજ વખત આ સ્કીમનો લાભ લઈ શકશે બીજી વાર લાભ લેવા અલગથી મેમ્બર બની ત્યારબાદ ૩૦ પિન સામટી લઈ લાભ લઈ શકાશે.

9978406257 Whats-App Time 10 am to 5 pm

લૉરા ડર્ન અને બ્રેડ પીટ બેસ્ટ સપોર્ટિંગ એક્ટર બન્યા

ઓસ્કર ૨૦૨૦: 'પેરાસાઈટ'એ ચાર એવોર્ડ્સ જીતી ઈતિહાસ સર્જ્યો





લોસ એન્જલ્સ

હોલિવુડના ખ્યાતનામ એવા ૯૨માં ઓસ્કર એવોર્ડનો રંગેચંગે પ્રારંભ થઈ ચૂક્યો છે. આ વખતનો ઓસ્કર એવોર્ડ હોલિવુડના લોસ એન્જેલસ સિટીના ડોલ્બી થિયેટર ખાતે યોજાયો છે.

હોલિવુડ ફિલ્મની વિવિધ હસ્તીઓએ એવોર્ડમાં ભાગ લીધો છે. બ્રેડ પીટે પોતાના કરિયરનો સૌ પ્રથમ ઓસ્કર એવોર્ડ જીત્યો છે. બ્રેડ પીટે આ એવોર્ડ ૨૦૧૯ની ડ્રામા ફિલ્મ વન્સ અપોન અ ટાઈમ ઈન હોલીવુડ માટે જીત્યો છે.

બ્રેડ પીટ સિવાય સપોર્ટિંગ એક્ટરનો ઓસ્કર જીતવાની રેસમાં ટોમ હેંક્સ, એન્થની હોપકિન્સ, જો પેસ્કી અને અલ પચીનો જેવા ખ્યાતનામ કલાકારો હતા. બ્રેડે પોતાનો પ્રથમ ઓસ્કર જીતવાની સાથે જ ફિલ્મના કો સ્ટાર લિયોનાર્ડો ડિ કેપ્રિયોને ગળે લગાવ્યો હતો. તેણે પોતાની ઓસ્કર સ્પીચમાં ખાસ ક્વેંટન ટેરેન્ટીનોનો આભાર માન્યો હતો. આ સિવાય બ્રેડે ૪૫ સેકન્ડની સ્પીચ પણ આપી હતી.

બેસ્ટ સાઉન્ડ મિક્સિંગનો ઓસ્કર એવોર્ડ માર્ક ટેલર અને સ્ટુઅર્ટ વિલ્સનની જોડીને મળ્યો છે. આ ઓસ્કર તેમને પ્રથમ વિશ્વયુદ્ધ પર આધારિત વોર ફિલ્મ ૧૯૧૭ માટે મળ્યો છે. સાઉથ કોરિયન સ્ક્રિપ્ટરાઈટર્સ બોંગ જુન હો અને હાન જીન હોને ફિલ્મ પેરેસાઈટ માટે બેસ્ટ ઓરિજનલ સ્ક્રિનપ્લેનો ઓસ્કર એવોર્ડ મળ્યો છે. આ પ્રથમ એવી સાઉથ કોરિયન ફિલ્મ છે જે ઓસ્કર એવોર્ડ માટે નોમિનેટ થઈ હોય અને જીતવામાં પણ સફળ થઈ હોય. આ ફિલ્મ સિવાય મેરિઝ સ્ટોરી, વન્સ અપોન અ ટાઈમ ઈન હોલિવુડ, ૧૯૧૭ જેવી ફિલ્મો પણ પોતાના સ્ક્રિનપ્લે માટે નોમિનેટ થઈ હતી. જેમાંથી પેરેસાઈટે ઓસ્કર એવોર્ડ જીત્યો છે.

ઓસ્કાર એવોર્ડ-૨૦૨૦ વિનર્સની યાદી

બેસ્ટ ફિલ્મ: પેરાસાઈટ
બેસ્ટ ઈન્ટરનેશનલ ફીચર ફિલ્મ: પેરાસાઈટ
બેસ્ટ લીડ એક્ટ્રેસ: રેની ઝેલવેગર (જુડી)
બેસ્ટ લીડ એક્ટર: વૉકિન ફીનિક્સ (જોકર)
બેસ્ટ એક્ટ્રેસ સપોર્ટિંગ રોલ: લોરા ડર્ન (મેરેજ સ્ટોરી)
બેસ્ટ એક્ટર સપોર્ટિંગ રોલ: બ્રાડ પિટ (વન્સ અપોન અ ટાઈમ ઈન હોલિવૂડ)
બેસ્ટ ડિરેક્ટર: બોન્ગ જૂન હો
બેસ્ટ વિઝ્યુઅલ ઈફેક્ટ્સ: ૧૯૧૭
બેસ્ટ સિનેમેટોગ્રાફી: ૧૯૧૭ (રોજર ડીકિન્સ)
બેસ્ટ એનિમેટેડ ફિલ્મ: ટોય સ્ટોરી ૪
બેસ્ટ એનિમેટેડ શોર્ટ ફિલ્મ: હેર લવ
બેસ્ટ ઓરિજિનલ સ્કોર: જોકર
બેસ્ટ ડોક્યુમેન્ટરી: અમેરિકન ફેક્ટરી
બેસ્ટ પ્રોડક્શન ડિઝાઈન: વન્સ અપોન અ ટાઈમ ઈન હોલિવૂડ
બેસ્ટ ઓરિજિનલ સોન્ગ: આઈ એમ ગોના લવ મી અગેઈન (રોકેટમેન)
બેસ્ટ ઓરિજિનલ સ્ક્રીનપ્લે: પેરાસાઈટ (બોન્ગ જૂન હો)
બેસ્ટ સાઉન્ડ એડિટિંગ: ફોર્ડ વર્સિસ ફરારી
બેસ્ટ સાઉન્ડ મિક્સિંગ: ૧૯૧૭
બેસ્ટ ફિલ્મ એડિટિંગ: ફોર્ડ વર્સિસ ફેરારી (એન્ડ્રયુ બકલેન્ડ, માઈકલ મેકકસ્કર)
બેસ્ટ મેકઅપ એન્ડ હેર સ્ટાઈલિંગ: બોમ્બશેલ

લીંક કરવા માટેની અંતિમ તારીખ ૩૧ માર્ચ ૨૦૨૦ સુધી લંબાવાઈ

આધારકાર્ડ સાથે લીંક ન કરાયેલા ૧૭ કરોડ પાનકાર્ડ રદ થશે...!!

ન્યુ દિલ્હી

પાનને આધાર સાથે લીંક કરવાનુ ફરજીયાત છે. આના માટે આવકવેરા વિભાગ દ્વારા વારંવાર પાન-આધાર લીંક કરવાની મુદ્દત વધાર્યા પછી પણ ૧૭ કરોડથી વધારે લોકો એવા છે જેમણે હજુ સુધી પાન-આધાર લીંક નથી કરાવ્યા. આવા લોકોના પાન કાર્ડ હવે રદ થઈ શકે છે.

લોકસભામાં નાણા રાજ્ય પ્રધાન અનુરાગસિંહ ઠાકુરે માહિતી આપી કે જાન્યુઆરી સુધીમાં ૩૦.૭૫ કરોડ પાન કાર્ડને આધાર સાથે લીંક કરી ચુકાયા છે,જ્યારે ૧૭.૫૮ કરોડ લોકોએ હજુ પાન-આધાર લીંક નથી કર્યા. તેમણે કહ્યુ કે મુદ્દત વધાર્યા પછી જેમણે હજુ સુધી પાન-આધાર લીંક નથી કર્યા તેમણે સુવિધા થશે. આવકવેરા વિભાગ અનુસાર, હવે રીટર્ન ફાઈલ કરવા માટે આ બંન્નેમાંથી કોઈ એક નંબરનો ઉપયોગ કરી શકાય છે. પણ તેના માટે પાન-આધાર લીંક હોવા જરૂરી છે. નાણા ખરડા ૨૦૧૯માં સુધારા પછી હવે આવકવેરા વિભાગને અધિકાર મળી ગયો છે કે મુદ્દત પુરી થવા સુધીમાં જો કોઈ પોતાના પાન અને આધારને લીંક ન કરાવે તો તેનુ પાનકાર્ડ રદ કરી દેવાશે. આના માટેની છેલ્લી તારીખ ૩૧ ડીસેમ્બર ૨૦૧૯ હતી જે વધારીને ૩૧ માર્ચ ૨૦૨૦ કરવામાં આવી છે આવકવેરા કાયદાની કલમ ૧૩૯ એ એ હેઠળ નક્કી કરાયેલ તારીખ પછી આધારકાર્ડ ધરાવતા લોકોના પાન જો લીંક નહી હોય તો રદ થઈ જશે. આ સુધારો ૧ સપ્ટેમ્બર ૨૦૧૯થી અમલી બની ગયો છે.

જમ્મુ-કાશ્મીરની પરિસ્થિતિ મુદ્દે વિદેશી ડેલિગેટ્સ આ સપ્તાહે મુલાકાત લેશે

ન્યુ દિલ્હી

જમ્મુ કાશ્મીરની હાલની સ્થિતિની સમીક્ષા કરવા માટે આ સપ્તાહે વિદેશી ડેલિગેટ્સની વધુ એક ટીમ ફરી એકવાર રાજયની મુલાકાતે આવશે. ગત મહિને જ અમેરિકન રાજદૂતના નેતૃત્વમાં ૧૫ સભ્યોનું પ્રતિનિધિમંડળે કાશ્મીરની મુલાકાત લીધી હતી. અધિકારીઓના જણાવ્યા પ્રમાણે, આ વખતે ડેલિગેશનમાં યૂરોપિયન યૂનિયન અને ખાડી દેશોના ડેલિગેટ્સ સામેલ રહેશે.

ગત મુલાકાતમાં યૂરોપિયન પ્રતિનિધિમંડળે કાશ્મીરની મુલાકાત પર જવા માટે ઈંકાર કરી દીધો હતો. તેમના કહ્યાં પ્રમાણે, તે 'ગાઈડેડ ટૂર'ના પક્ષમાં નથી અને બાદમાં તે ત્યાં જશે. જેના કારણે ગત વખતની મુલાકાતમાં અમેરિકન રાજદૂત કૈનેથ જસ્ટર સહિત બાંગ્લાદેશ, વિયતનામ, નોર્વે, માલદીવ, દક્ષિણ કોરિયા, મોરક્કો, નાઈઝીરીયા અને અન્ય દેશાના ડેલિગેટ્સ કાશ્મીર ગયા હતા. ઈના ડેલિગેટ્સે કહ્યું હતું કે તે પોતાની મરજીથી ચૂંટેલા નેતાઓ સાથે મુલાકાત કરવા માંગતા હતા. એટલા માટે તેઓ બાદમાં કાશ્મીર જશે.

હોમ અને વાહન લોન લેવી સસ્તી થશે

બેન્ક ઓફ બરોડાએ એમસીએલઆરમાં ૦.૧૦ ટકા ઘટાડાની જાહેરાત કરી

ન્યુ દિલ્હી

જાહેર ક્ષેત્રની બેંક ઓફ બરોડાએ પોતાની સીમાંત ખર્ચ આધારિત વ્યાજ દરોમાં સોમવારે ૦.૧૦ ટકા ઘટાડાની જાહેરાત કરી છે. નવા દરો ૧૨ ફેબ્રુઆરીથી લાગૂ કરાશે. બેંકનાં આ ઘટાડાને કારણે લોન લેનારા ગ્રાહકો માટે ઘર, વાહન અને અન્ય લોન સસ્તી થશે.

બેંક તરફથી જાહેર કરાયેલાં નિવેદન મુજબ, વ્યાજદરોમાં ઘટાડા બાદ એક વર્ષની એમસીએલઆર ૮.૨૫ ટકાથી ઘટીને ૮.૧૫ ટકા પર આવી ગઈ છે. રિઝર્વ બેંકની નાણાકીય નીતિ સમીક્ષાનાં થોડા દિવસ બાદ બેંક ઓફ બરોડાએ એમસીએલઆરમાં ઘટાડો કર્યો છે.

આરબીઆઈએ રેપો રેટને ૫.૧૫ ટકા પર યથાવત રાખ્યો છે. પરંતુ એક લાખ કરોડ સુધીની સિક્યોરિટીઝને રેપો દર પર ખરીદવાની જાહેરાત કરી છે. તેનાંથી બેંકો માટે ટ્રેઝરી ખર્ચ ઘટી જશે. બેંક ઓફ બરોડાએ એક મહીનાની લોન માટે એમસીએલઆરને ૦.૦૫ ટકા ઘટાડીને ૭.૫૫ ટકા કરી દીધી છે. જ્યારે એક દિવસ, ત્રણ મહિના અને છ મહિનાના એમસીએલઆરમાં ૦.૧૦ ટકાનો ઘટાડો કર્યો છે.

નિફ્ટી ૬૭ અંકના ઘટાડા સાથે ૧૨૦૩૧ની ટોચે

માર્કેટમાં નરમાશ: સેન્સેક્સ ૧૬૨ અંક ઘટી ૪૦૯૭૯ની સપાટીએ બંધ

મુંબઈ

સપ્તાહના પહેલા જ દિવસે ભારતીય શેર બજાર ગગડીને સેટલ થયા છે. બીએસઈ બેંચમાર્ક ઈન્ડેક્સ સેન્સેકસ વેચવાલીને પગલે સોમવારે અંતિમ ટ્રેડિંગ સેશનમાં ૧૬૨ અંક અથવા ૦.૩૯ ટકા ઘટીને ૪૦,૯૭૯ નજીક જ્યારે નિફ્ટી ૫૦ આંક ૬૬ પોઈન્ટ અથવા ૦.૫૫ ટકા ગગડીને ૧૨,૦૩૧.૫૦ નજીક બંધ આવ્યા છે.

આ સિવાય બેંક નિફ્ટીની વાત કરીએ તો સોમવારે ઈન્ડેક્સ ૧૪૩ પોઈન્ટ પટકાઈને ૩૧,૦૫૮ નજીક સેટલ થયો છે. ઉપરાંત બીએસઈ પર મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સ અનુક્રમે ૦.૭૮ ટકા અને ૦.૪૩ ટકા ગગડીને બંધ આવ્યા છે. અન્ય સેક્ટર્સમાં આજે બીએસઈ પર મેટલ ઈન્ડેક્સ ૩.૧૪ ટકા, ઓટો ઈન્ડેક્સ ૨.૩૭ ટકા, રિયલ્ટી ઈન્ડેક્સ ૧.૧૩ ટકા અને આઈટી ઈન્ડેક્સ ૦.૦૫ ટકા પટકાઈને બંધ આવ્યા છે.



લંડનમાં રિચમન્ડ પાર્કમાંથી આકાશ પર નજર કરતા ચંદ્રમાની નિકટ પહોંચી ગયેલા વિમાનનો ખૂબસૂરત નજારો માણવા મળ્યો હતો.

બીજાપુરમાં ૭ નક્સલીઓએ સરેન્ડર કર્યુ

છત્તીસગઢના બીજાપુરમાં અથડામણ: ૨ જવાન શહિદ, ૧ નક્સલી ઠાર

કોબરા બટાલિયન કમાન્ડર સહિત બે જવાન ઘાયલ

બીજાપુર

છત્તીસગઢમાં બીજાપુર જિલ્લાના પામેડ પોલીસ સ્ટેશન વિસ્તારમાં સોમવારે સવારે નક્સલીઓ અને સીઆરપીએફ કોબરા ૨૦૪ બટાલિયનના જવાનો વચ્ચે અથડામણ થઈ હતી. આ દરમિયાન એક નક્સલી ઠાર મરાયો જ્યારે ૨ જવાન શહિદ થયા છે. અથડામણમાં ૨ જવાન પણ ઘાયલ થયા છે. જેમાં સીઆરપીએફ કમાન્ડેન્ટ પણ સામેલ છે. અથડામણ હાલ પણ ચાલું છે.

સીઆરપીએફ કોબરા બટાલિયનના જવાન નક્સલીઓની હાજર હોવાની સૂચના મળતા તિપાપુરામ કેમ્પથી પામેડ ક્ષેત્ર તરફ સર્ચિંગ પર નીકળ્યા હતા. આ દરમિયાન ઈરાપલ્લીના જંગલોમાં હાજર નક્સલીઓએ હુમલો કરી દીધો હતો. ઘાયલ જવાનોની મદદ કરવા માટે જવાનોની એક ટૂકડીને ઘટનાસ્થળે મોકલી દેવાઈ છે.



આ પહેલા બીજાપુરમાં સોમવારે ૭ નક્સલીઓએ સરેન્ડર કર્યુ છે. એસપી દિવ્યાંગ પટેલે જણાવ્યું કે, સરેન્જર કરનારાઓમાં અમિત લેકામ એટલે કે શિવાજી, મડકમ શંકર ઉર્ફ હિરમા અને પોયામ મોટૂનું નામ સામેલ છે.

આ તમામ પર ૩-૩ લાખ રૂપિયાનું ઈનામ જાહેર કરવામાં આવ્યું છે. આ લોકોની પોલીસ ટીમ પર હુમલો કરવાની, ગામના લોકોને ધમકાવવાની અને આગ ચાંપવા જેવા મામલાઓમાં શોધખોળ ચાલી રહી છે.

સુકમામાં રવિવાર સાંજે સર્ચિંગ પર નીકળેલા સીઆરપીએફ જવાનોને આઈડી મળી આવ્યા હતા. જેને જંગલના એ રસ્તા પર જમીન પર સંતાડીને રાખવામાં આવ્યા હતા, જ્યાંથી જવાનો પસાર થાય છે.

છાતી પર ગોળી ખાવા તૈયાર પણ સીએએના દસ્તાવેજો ક્યારેય નહીં બતાઉં: ઓવૈસી

હૈદરાબાદ

નાગરિકતા સુધારણા કાયદા અને એનઆરસી વિરુદ્ધ વિપક્ષના કેન્દ્ર સરકાર પર પ્રહારો હજ પણ યથાવત્ છે. ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઈત્તેહાદુલ મુસ્લિમીનના ચીફ અસરુદ્દીન ઓવૈસીએ એક જનસભાનું સંબોધન કરતા કહ્યું કે મોદી સરકાર પર પ્રહાર કરતા કહ્યું 'અમે કોઈ પ્રકારના કાગળો નહીં બતાવીએ. અમે અમારી છાતી બતાવીશું અને કહીશું કે હવે મારો ગોળી, કારણકે અમારા હદયમાં ભારત માટે પ્રેમ રહેલો છે'

મોદી સરકાર પર પ્રહાર કરતા ઓવૈસીએ કહ્યું કે, જે વ્યક્તિ નરેન્દ્ર મોદી અને અમિત શાહની વિરોધમાં હલ્લાબોલ કરશે તેને જ સાચા અર્થમાં 'મર્દ-એ-મુજાહિદ' તરીકે ઓળખવામાં આવશે. હું દેશમાં જ રહીશ અને દેશના નાગરીક હોવા માટેના પુરાવા તરીકે કોઈ પ્રકારના કાગળીયા પણ નહીં બતાવું અને દેશમાં પણ રહીશ. જો કાગળ બતાવવાની વાત આવશે તો હું કાગળની જગ્યાએ મારી છાતી આગળ કરીશ અને કહીશ કે લો મારો ગોળી. મારા હદયમાં ભારત દેશ માટે પ્રેમ અને સમ્માન ભરેલું છે.

નોંધનીય છે કે સીએએ અને એનઆરસીના મામલા પર આ સમયે સમગ્ર દેશમાં વિવાદ ચાલી રહ્યો છે. દેશમાં એક તરફ તેનો વિરોધ ચાલી રહ્યો છે તો બીજી તરફ તેના સમર્થનમાં રેલીઓ પણ નિકળી રહી છે.

પાકિસ્તાનમાં મોંઘવારી આસમાને: લોટ-ખાંડના ભાવ ૭૦ રુપિયાને પાર

ઈસ્લામાબાદ

પાકિસ્તાનના વડાપ્રધાન ઈમરાન ખાનની મુશ્કેલીઓનો અંત જ નથી આવતો. દેશમાં લોટની ભારે તંગી વચ્ચે હવે પાકિસ્તાનમાં ખાંડની કિંમતો આકાશ આંબી રહી છે. રોજીંદા જીવનનિર્વાહ માટે અત્યંત જરૂરી લોટ અને ખાંડની વધતી જતી કિંમતોને પગલે હવે ઈમરાન ખાને હસ્તક્ષેપ કરવાની ફરજ પડી છે. ઈમરાન ખાને લોટ અને ખાંડની કિંમતોની વધતી કિંમતોની તપાસ કરીને દોષિતો વિરુદ્ધ કડકમાં કડક કાર્યવાહી કરવાના નિર્દેશ આપ્યા છે. આ મામલે ઈમરાન ખાને ટ્વીટ કર્યું છે.

લોટ અને ખાંડની વધતી જતી કિંમતોને પગલે હવે પાકિસ્તાનમાં સ્થિતિ એવી છે કે, એક સામાન્ય રોટીની કિંમત ૧૨થી ૧૫ રૂપિયા થઈ ગઈ છે. ઈમરાન સરકારના ૧૫ મહિનાના કાર્યકાળમાં ખાંડની જથ્થાબંધ કિંમતો હવે ૭૪ રૂપિયા પ્રતિ કિલો પહોંચી ગઈ છે. બજાર નિષ્ણાંતોના મતે આગામી સપ્તાહ સુધીમાં ખાંડની કિંમતો ૮૦ રૂપિયા પ્રતિ કિલો પર પહોંચી જશે. તો બીજી તરફ પાકિસ્તાનના મોટા શહેરો કરાચી, હૈદરાબાદ અને લાહોરમાં લોટની કિંમતો ૭૦ રુપિયા પ્રતિ કિલો પહોંચી ગઈ છે.

ખાંડની વધતી કિંમતો છતાં ઈમરાન સરકારે હજુ સુધી નિકાસ પર પ્રતિબંધ નથી લગાવ્યો. જેથી હવે એવી આશંકા ઉભી થઈ છે કે, જો નિકાસ પર પ્રતિબંધ નહીં મૂકવામાં આવે તો ખાંડની કિંમત પ્રતિ કિલો ૧૦૦ રુપિયા થઈ શકે છે. મહત્વનું છે કે, અગાઉ પરવેઝ મુશર્રફના કાર્યકાળમાં ખાંડની કિંમતો ૧૦૫ રુપિયા પ્રતિ કિલો પર પહોંચી ગઈ હતી.

લોટ અને ખાંડ પછી હવે પાકિસ્તાનમાં ગેસની કિંમતોમાં પણ ૫ ટકાની વૃદ્ધિ થવા જઈ રહી છે. લોટની અછત પૂરી કરવા પાકિસ્તાન સરકારે ત્રણ લાખ ટન ઘંઉની આયાત કરવાનો નિર્ણય કર્યો છે.



કનેક્ટ ઈન્ડિયન્સ www.connectindians.inમાં જોડાઈ નિયમ મુજબ કામ કરો અને સોળ વર્ષ જુના સમાચારપત્ર (news paper) જંગ એ ગુજરાત www.jungegujarat.inના
PRESS પ્રતિનિધિ બની સમાજમાં પ્રતિષ્ઠા સાથે સંપત્તિ કમાવા તાત્કાલિક વહેલા તે પહેલાંના ધોરણે નિયુક્તિ માટે સંપર્ક કરો. ૯૯૭૮૪૦૬૨૫૭

જોજો ચૂકી જતા આ મોકો

MARKET 4U ને સમગ્ર ગુજરાતના તમામ શહેરોમાં

CONNECTINDIANS

પ્લાન માટે

માત્ર રૂપિયા ૫૫૦/- ભરી શકે તેવા અને
પોતાની મહેનત મુજબ આવક મેળવવા માગતા
૫૦૦૦થી વધુ ભાઈ- બહેનોની તાત્કાલિક જરૂર છે

આજે જ જોડાઓ અને
મોબાઈલ એન્ટી રેડીએશન ચીપ મફત મેળવો
(કુરિયર ચાર્જ ૧૦૦ રૂ. અલગથી ચૂકવવાનો રહેશે)



નિયત સમયમાં યોજના મુજબ કામ કરો અને

જીતો



MARUTI ALTO



HONDA ACTIVA



BRANDED MIXER

ફ્રી ૧૫ ઓગષ્ટ સ્વાતંત્ર્ય દિવસ

(શરતો લાગુ રહેશે)

9978406257

'આપની પ્રગતિ એજ અમારો નિર્ધાર'

શુ આપ **Market4u** રજીસ્ટર્ડ કંપનીમાં માત્ર ૬૫૦/- ભરી કોઈ પણ ચીજવસ્તુ વેચ્યા વગર અન્ય મિત્રોને, કુટુંબીઓને કે કોઈપણ વ્યક્તિને આપની જેમ જ ૬૫૦/-ભરાવી **Market4u**ની કેટેગરી વાપરવાનું સમજાવી તેને આપની સાથે જોડી શકો છો તો આપ અને જોડાયેલા તમામ અન્યોને **Market4u**ની કેટેગરી સાથે જોડી ઓછા સમયમાં લાખો કમાઈ શકો છો ઉપરાંત **MARKET4U** ની જાહેરાતની કોઈ પણ એક કેટેગરી વાપરી શકશો. **(T.& C.Apply)**

આજે જ વોટ્સ એપ નંબર ૯૯૭૮૪૦૬૨૫૭ પર આપનું નામ અને એડ્રેસ લખી મોકલો

અને હા જેને **PRESS** માં જોડાવામાં રસ હોય તેઓ પણ સંપર્ક કરી શકશે
PRESS પ્રતિનિધિ બનાવવામાં આવશે (નિયમ લાગુ રહેશે)

MARKET 4U **ફ્રેન્ચાઈઝી નીમવાના છે**

CEO Mrket4u, Dhananjay zaveri, Surat - Bharuch. 7575006850
www.jungegujarat.in

Market4u રજીસ્ટર્ડ.કંપનીને વિસ્તરણ માટે જિલ્લા અને તાલુકા દીઠ સુપર ફ્રેન્ચાઈસી
(રોકાણ માત્ર ૫૫૦૦૦/- કે તેના ગુણાકમાં નફો ૧૫% ટર્નઓવરના)
ફ્રેન્ચાઈસી (રોકાણ ૫૫૦૦/-કે તેના ગુણાકમાં નફો ૮% ટર્નઓવરના)
એજન્ટ : તમામ સ્થળે અને તમામ રાજ્યોમાં રોકાણ માત્ર રૂ.૬૫૦/- **(T. @ C.apply)**

ઓફીસ એડ્રેસ

સુરત
Market4u
૧૩/૯૬ બેઠી કોલોની, એપલ હોસ્પિટલ પાસે રિલાયન્સ મોલ સામેની ગલીમાં, ઉધના દરવાજા, સુરત. ૭૫૭૫૦૦૬૮૪૭

ભરૂચ
Market4u
બંગલા નંબર ૧૩, પ્રીતમ સોસાયટી વિભાગ ૧, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની ગલીમાં, કસક, ભરૂચ. ૯૯૭૮૪૦૬૨૫૭

થોડી મહેનતે આપ પણ બની શકો લાખોપતિ
જો આપ આટલું કરો તો જ

આપ જેની રાહ જોઈ રહ્યા હતા એ **MARKET4U**નું નવું સાહસ
WWW.CONNECTINDIANS.IN

Market4uના **connectindians** પ્લાન સાથે માત્ર રૂપિયા ૫૫૦/-ભરી જોડાઈ જાવ અને **Market4u** વેબસાઈટની કોઈપણ એક કેટેગરી વાપરી કમાવ અઢળક આવક

(અલગ અલગ કેટેગરી માટે અલગથી જોઈનીંગ કરવાનું રહેશે.)

પોતાના સપના સાકાર કરવા આજે જ સંપર્ક કરો
9978406257

જો આપ આ માધ્યમથી કમાવા ઈચ્છો તો પણ સરળ છે માત્ર રૂપિયા ૫૫૦/- ભરી જોડાઈ જાવ અને આપના કુટુંબી કે પરિચિત મિત્રોને આપની આઈડીથી **Market4u**ની કેટેગરી વાપરવા જોડો, આપની આવક શરૂ. જેમાંથી **market4u** કંપની આપની આવકમાંથી **TDS** બાદ કરી વધેલી રકમ આપના બેંકખાતામાં **NEFT**થી જમા કરશે. તો રાહ શેની માત્ર ૫૫૦/- ભરો અને અન્યોને **Market4u**ની કેટેગરી સમજાવી જોડતા જાવ અને બનો ટૂંકા સમયમાં માત્ર ૫૫૦/-માં લાખોના માલીક

વેબ સાઇટ જુઓ • www.connectindians.in • www.market4u.in
ગેરેન્ટેડ ગિફ્ટ મોબાઈલ એન્ટી રેડિયેશન ચિપ *મોકલવાનો ખર્ચ રૂ.૧૦૦/- અલગથી ચૂકવવાનો રહેશે*

CONNECT INDIANS : MLM Plan Rs. 550
INCOME ILLUSTRATION OF 1 X 10 DOWNLINES

DOWNLINE LEVEL	No. OF DOWNLINE	INCOME IN RS.	TOTAL AMOUNT IN RS.	5% TDS DEDUCTION	TOTAL AMOUNT AFTER TDS
1	10	100	1000	50	950
2	100	75	7500	375	7125
3	1000	50	50000	2500	47500
4	10000	25	250000	12500	237500
5	100000	20	2000000	100000	1900000
6	1000000	15	15000000	750000	14250000
7	10000000	10	100000000	5000000	95000000
8	100000000	5	500000000	25000000	475000000
TOTAL EARNING :					586443075

Note : This illustration is based on assumption that every Member makes 10 Downlines

લેવલ ઈન્કમ મેળવવા પહેલા લેવલમાં નીચે મુજબ જોઈનિંગ હોવું જોઈએ

૨ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૪
૩ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૮
૪ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૦
૫ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૫
૬ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૦
૭ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૫
૮ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૩૦

નોંધ :- ★ તમામ ઇનસેન્ટિવ એક વખત જ મળશે અને સેલ્સ ટારગેટ એક વર્ષના રહેશે.
★ કોઈ પણ રકમમાં ૫% ટીડીએસ કપાશે જ.

આ પ્લેટફોર્મ પર નીચે મુજબના એવોર્ડ મળશે

★ **ડાયરેક્ટર:** એક મહિનામાં ૩૦ જોઇનિંગ લાવે તો ૧ વર્ષ માટે બને પ્રેસ પ્રતિનિધિ

★ **સિલ્વર ડાયરેક્ટર:** ત્રણ મહિનામાં ડાયરેક્ટ ૧૦૦ જોઇનિંગ અને લેવલ ગ્રુપ ટોટલ ૧૦૦૦૦ થાય તો એક્ટીવા (શો રૂમ કિંમત) માસિક ૫૦૦/- પેટ્રોલ એલાઉન્સ, જોડાયાના એક વર્ષ સુધી

★ **ગોલ્ડ ડાયરેક્ટર:** છ મહિનામાં ડાયરેક્ટ ૨૦૦ જોઇનીંગ અને ૧૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો અલ્ટો (શો રૂમ કિંમત) ત્યાર પછીના બાકીના મહિનામાં દર મહિને ૫૦૦૦/- પેટ્રોલ એલાઉન્સ.

★ **પ્લેટિનમ ડાયરેક્ટર:** એક વર્ષમાં ૪૦૦ ડાયરેક્ટ જોઇનીંગ અને ૨૫૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો ૨૫૦૦૦૦ હાઉસ ફંડ વન ટાઈમ તથા ૫૦૦૦૦૦ પેંશન વન ટાઈમ

"યાદ રહે આ કોઈ ઇન્વેસ્ટમેન્ટ પ્લાન નથી, અન્યોને જોડશો તો જ કમાશો."

જોડાવા માટે અમારા ફોન પે, પેટીએમ, ગુગલ પે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫ માં રૂપિયા ૫૫૦/-અને જોઈનિંગ ગિફ્ટ મોબાઈલ એન્ટીરેડીએશન ચિપના કુરિયર ચાર્જ રૂપિયા ૧૦૦/- એમ કુલ ૬૫૦/- ટ્રાન્સફર કરો . ટ્રાન્જેક્સનનો ફોટો ૭૫૭૪૮૮૮૮૬૧ પર મોકલો તુરંત વધુમાં વધુ ત્રણ કલાકમાં આપના વોટ્સએપમાં જોઈનિંગ પીન આવી જશે. ત્યારબાદ **www.connectindians.in** વેબસાઈટ ખોલી મેનુમાં જઈ રજીસ્ટ્રેશન ખોલી સ્પોન્સર આઈડી **99999999 Dhananjay** આવશે તેની નીચે તમામ વિગતો ભરી સબમિટ કરો અને આપ જોડાઈ ગયાનો મેસેજ આવશે જેમાં આપનો આઈ ડી પાસવર્ડ આવશે જે સાચવી રાખવો.

"અન્ય ને પણ આજ રીતે **Market4u**ની કેટેગરી વાપરવા જોડો. ફક્ત જેતે સમયે બાય ડિફોલ્ટ આવેલા મારા આઈડી ૯૯૯૯૯૯૯૯૯ ને ડીલીટ કરી આપનો આઈડી લખો ને ડિટેલ ભરી સબમિટ કરાવો

મિત્રો આટલી આવક સરળતાથી ક્યાંય નહિ મળે www.jungegujarat.in

જે વ્યક્તિનું ફોર્મ ભર્યું હશે એ આપની નીચે ડાઉન લાઈન બની ગયો, બસ આટલું કરી અન્યોને એજ શીખવો અને આપ મેળવશો લેવલ પ્રમાણે અઢળક કમાણી.

આજે જ ૯૮૨૫૩૧૮૨૨૫ ના પેટીએમ ફોનપે કે ગૂગલ પે માં માત્ર ૬૫૦/-ભરો જેમાં ગિફ્ટ નો કુરિયર ચાર્જ આવી ગયો તો આજે જ આપની આવકનો શુભારંભ કરો

વધુ વિગત માટે કોલ કરો :
CEO MARKET4U, DHANANJAY ZAVERI, 9978406257
(સમય સવારે ૧૦ થી ૬ વાગ્યા સુધી જ)

તંત્રી સ્થાનેથી...

ત્રાસવાદની કમર તુટી નથી

પાકિસ્તાનમાં ત્રાસવાદની કમર હજુ સુધી તુટી નથી. આના માટે જે સૌથી મોટુ કારણ દેખાઇ આવે છે તે ત્રાસવાદને લઇને વિશ્વના દેશોના અસ્પષ્ટ વલણ છે. અમેરિકા સહિતના દેશો ત્રાસવાદના મુદ્દા પર પણ બેવડા માપદંડ સાથે આગળ વધી રહ્યા છે. પોતાના સ્વાર્થ માટે નિર્ણય જુદા જુદા દેશો દ્વારા કરવામાં આવી રહ્યા છે. જેથી ત્રાસવાદને ખતમ કરવામાં સફળતા મળી નથી. દુનિયાના જુદા જુદા દેશોમાં અને ખાસ કરીને પડોશી ભારતમાં અનેક હુમલા માટે સીધી રીતે જવાબદાર રહેલા ત્રાસવાદીઓ સામે પાકિસ્તાન કોઇ પગલા લઇ રહ્યુ નથી. અમેરિકા અને યુરોપના દેશો તેમજ સંયુક્ત રાષ્ટ્ર દ્વારા માત્ર નિવેદનબાજી કરવાથી કામ ચાલશે નહીં. કારણ કે જ્યાં સુધી પાકિસ્તાન પર નિર્ણાયક દબાણ લવાશે નહીં ત્યાં સુધી તે કામ કરશે નહીં. દરેક પ્રકારના નિયંત્રણ પાકિસ્તાન પર લાવવાની આજે જરૂર છે. ત્રાસવાદી આકા અને ત્રાસવાદીઓને પાકિસ્તાન પકડીને સજા ન કરે ત્યાં સુધી તેને મળતી દરેક પ્રકારની સહાય પર બ્રેક મુકવા જેવા કઠોર નિર્ણય કરવાની જરૂર છે. તમામ પ્રકાનુ દબાણ છતાં પાકિસ્તાનનુ ત્રાસવાદ પ્રત્યે તેનુ વલણ બદલાયુ નથી. ઇમરાન ખાનના નેતૃત્વમાં સરકાર પણ પાકિસ્તાનમાં સક્રિય ત્રાસવાદીઓ પર મહેરબાન દેખાઇ રહી છે. આજ કારણસર આગામી દિવસોમાં ભારતને વધારે મુશ્કેલી નડી શકે છે. ઇમરાન ખાનની સરકારે ભારતમાં અનેક હુમલા માટે જવાબદાર ખતરનાક ત્રાસવાદી હાફિજ સઇદના સંગઠનોને પ્રતિબંધિત સંગઠનોની યાદીમાંથી દુર કરી લીધા છે. જે સાબિતકરે છે તે ત્રાસવાદને લઇને ગંભીર નથી. તેને ભારત સાથે સંબંધ સુધારીને આગળ વધવામાં પણ કોઇ રસ નથી. ત્રાસવાદના મામલે વિશ્વના દેશોની આંખમાં ધુળ નાંખવાની પ્રક્રિયા પાકિસ્તાને જારી રાખી છે. પાકિસ્તાનના કૃત્યો તમામ દેશોને દેખાઇ રહ્યા હોવા છતાં નક્કર પગલા અમેરિકા સહિતના દેશો દ્વારા લેવામાં આવી રહ્યા નથી. ત્રાસવાદના દુષણના કારણે આજે અમેરિકા, યુરોપના તમામ દેશો અને ભારત ભારે પરેશાન છે પરંતુ આને મક્કમતા સાથે રોકવામાં દશકોથી સફળતા મળી રહી નથી. ત્રાસવાદ પર અંકુશ ન આવવા માટે કેટલાક કારણો તો દેખીતા છે. જે પૈકી એક કારણ તો ત્રાસવાદને પોતાની નીતિ મુજબ ગણવાની બાબત છે. બીજી બાજુ સારા અને ખરાબ ત્રાસવાદને લઇને વિશ્વના દેશો દલીલો કરતા રહ્યા છે. અમેરિકા અને અન્ય દેશો પોતાની સ્વાર્થી નિતીના કારણે ત્રાસવાદને કાબુમાં લઇ શક્યા નથી. જેના પરિણામે હવે તેમની પણ દુનિયામાં ટિકા થઇ રહી છે. ત્રાસ દુષણને રોકવા માટે સંયુક્ત રાષ્ટ્ર દ્વારા કરવામાં આવી રહેલા પ્રયાસોને લઇને હવે પ્રશ્નો ઉઠવા લાગી ગયા છે. કારણ કે સંયુક્ત રાષ્ટ્રના પછપાતી વલણને હવે વિશ્વના દેશો પણ જાણી ગયા છે. જાણકાર પંડિતો પણ કહે છે કે સંયુક્ત રાષ્ટ્ર માત્ર અમેરિકાના ઇશારે જ ચાલે છે. વિશ્વના અન્ય જે દેશો ત્રાસવાદના શિકાર છે તેમના પ્રત્યે સંયુક્ત રાષ્ટ્રનુ ઉદાસીન વલણ રહ્યુ છે. યુરોપિયન દેશો પ્રત્યે સંયુક્ત રાષ્ટ્ર ગંભીર રહે છે જ્યારે અન્ય દેશો તરફ ધ્યાન અપાતુ નથી. તેના આવા વલણના કારણે જ ત્રાસવાદીઓ તેમના ફેલાવાને વધારી દેવામાં સફળ રહ્યા છે.

અમેરિકા સહિત જુદા જુદા દેશોના બેવડા માપદંડના લીધે આંતકવાદીને સીધો લાભ

સ્કુલોમાં હજુ ડ્રોપ આઉટ દર

શિક્ષણના સ્તરને સુધારી દેવા માટે દેશના જુદા જુદા રાજ્યોમાં વિવિધ પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં દેશમાં હજુ પણ ડ્રોપ આઉટ દર જોવા મળે છે. જે ચિંતાજનક બાબત રહેલી છે. ડ્રોપ આઉટ દરન ઘટાડી દેવા માટે યુદ્ધસ્તર પર પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં ચિંતાજનક આંકડા સપાટી પર આવી ગયા છે. સરકાર દ્વારા હાલમાં જ લોકસભામાં જરૂરી આંકડા રજૂ કરવામાં આવ્યા હતા. લોકસભામાં હાલમાં જ વર્ષ ૨૦૧૭-૨૦૧૮ માટેના રાજ્યવાર માધ્યમિક અને પ્રાથમિક સ્તર પર સ્કુલોમાં ડ્રોપ આઉટના દર જારી કર્યા હતા. સ્કુલોમાં પ્રવેશ મેળવી લીધા બાદ ડ્રોપ આઉટના રેશિયાને લઇને અભ્યાસની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેના આધારે કેટલીક માહિતી સપાટી પર આવી ચુકી છે. સ્કુલમાં પ્રવેશ લીધા બાદ સ્કુલ જવાનુ બંધ કરી દેતા બાળકોના આંકડા આમાં જારી કરવામાં આવ્યા છે. આંકડામાં દાવો કરવામાં આવ્યો છે કે આસામમાં માધ્યમિક અને પ્રાથિક સ્કુલોમાં ડ્રોપ આઉટ દર સૌથી વધારે છે. કેન્દ્રિય માનવ સંશાધન વિકાસ મંત્રાલય દ્વારા આંકડા જારી કરવામાં આવ્યા છે. જે મુજબ બાળકોના સ્કુલ છોડવા માટે કેટલાક કારણોં રહેલા છે. આ કારણોમાં ગરીબી, આરોગ્ય સંબંધિત તકલીફ મુખ્ય છે. બાળકો સ્કુલમાં મોટી સંખ્યામાં આવી શકે તે માટે રાજ્યો દ્વારા જુદા જુદા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. છતાં આ સમસ્યા સંપૂર્ણપણે દુર થઇ નથી. આસામ અને બિહારમાં સેકન્ડરી સ્કુલોમાં વિદ્યાર્થીનિઓના ડ્રોપ આઉટ દર સૌથી વધારે છે. પ્રાથમિક સ્તર પર આંકડો ચિંતાજનક છે. આસામમાં ડ્રોપ આઉટ દર ૧૦.૧ ટકાની આસપાસ છે. જ્યારે અરૂણાચલ પ્રદેશ, મિઝોરમ, ઉત્તરપ્રદેશ, ઉત્તરપ્રદેશ, તમિળનાડુમાં પણ આંકડા ચિંતાજનક છે. આવી જ રીતે આસામ, બિહાર, ઓરિસ્સા, ત્રિપુરા, કર્ણાટકમાં માધ્યમિક સ્તર પર એટલે કે નવમાં ધોરણથી લઇને ૧૦ ધોરણ સુધી ડ્રોપ આઉટ રેટ વધારે છે. આસામની વાત કરવામાં આવે તો આ રાજ્યમાં પ્રાથમિક સ્તર પર ડ્રોપ આઉટ રેટ ૧૦.૧ ટકા અને માધ્યમિક સ્તર પર ૩૩.૭ ટકાની આસપાસ છે.

પ્રોફેશનલ, નિષ્પક્ષ સેનાની પ્રતિષ્ઠા પર સવાલ થવા ન જોઈએ

ભારતીય સેના, અમે અને લોકતંત્ર

ગયા વર્ષે ફેબ્રુઆરી મહિનામાં બે મોટી ઘટના બની હતી. જે પૈકી એક ઘટના ૧૪મી ફેબ્રુઆરીના દિવસે પુલવામાં ત્રાસવાદી હુમલા અને બીજી ઘટના ૨૬મી ફેબ્રુઆરીના દિવસે ભારતીય સેના દ્વારા પાકિસ્તાનમાં ઘુસીને બાલાકોટ સ્થિત ત્રાસવાદી કેમ્પો પર હવાઇ હુમલા તરીકેની હતી. કેટલાક મહિના બાદ જ લોકસભાની ચૂંટણી પણ યોજાવવાની હતી. માનવામાં આવી રહ્યુ હતુ કે સત્તારૂઢ પાર્ટીને આ કાર્યવાહી બાદ રાજકીય લાભ મળશે. લોકોના પ્રવાહ અને તેમના મનની વાત અંગે માહિતી મેળવી લેવા માટે લોકનીતિ અને સીએસડીએસ દ્વારા ચૂંટણી પહેલા અને ચૂંટણી બાદ સર્વે કરવામાં આવ્યા હતા. જેના પરિણામ મતદારોની એવી ભાવનાને રજૂ કરે છે કે આજે દેશમાં રાષ્ટ્રીય સુરક્ષા અને સેના સાથે સંબંધિત મામલાનો રાજકીય લાભ લેવા માટે ભરપુર પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. આના માટે જવાબદાર તમામ પક્ષો રહેલા છે. આ પ્રવૃતિ ચોક્કસપણે ચિંતા ઉપજાવે છે. આ બાબત સ્પષ્ટ કરવાની જરૂર છે કે દેશના વિકાસ, પ્રગતિ, સંવર્ધન તેમજ સુરક્ષામાં કેટલીક સંસ્થાઓ અભૂતપૂર્વ યોગદાન આપી રહી છે. આમાંથી કેટલીક સંસ્થાઓ તો વર્ષોથી સક્રિય છે. જેમાં એક ભારતીય સેના પણ છે. તેના આધુનિક રૂપમાં વિકાસની પ્રક્રિયા અંગ્રેજોના શાસનકાળ દરમિયાન શરૂ થઇ હતી. સ્વતંત્રતા બાદ ભારતીય સેનાનુ ધીમે ધીમે ભારતીયકરણ થયુ હતુ. ખુબ સંતોષ સાથે કહી શકાય છે કે ભારતીય સેનાએ ખુબ જ કુશળતા અને પ્રોફેશનલ રીતે પોતાની કામગીરીને અદા કરી છે. યુદ્ધની સ્થિતી અને શાંતિના ગાળામાં ભારતીય સેનાએ શાનદાર ભૂમિકા અદા કરી છે. આ જ કારણ છે કે લોકનિતી અને સીએસડીએસ દ્વારા વર્ષ ૨૦૦૫ અને ૨૦૧૦ના પાંચ વર્ષના ગાળામાં કરવામાં આવેલા સ્ટેટ ઓફ ડેમોક્રેસી ઈન સાઉથ એશિયા અભ્યાસમાં કેટલી નવી બાબતો સપાટી પર આવી હતી. અભ્યાસમાં



રાજકીય સત્તા સાથે જોડાયેલા હોદેદારોએ સેનાના કાર્યોની ક્રેડિટ લેવાથી બચવાની જરૂર : ભારતીય સેના દેશના નાગરિકો માટે ગૌરવ છે

જાણવા મળ્યુ છે કે માત્ર ભારતમાં જ નહીં બલ્કે સમગ્ર એશિયાના મુખ્ય દેશોમાં લોકોએ સૈન્ય સંસ્થામાં જ સૌથી વધારે વિશ્વાસ વ્યક્ત કર્યો છે. આ બાબત ધ્યાન આપવા યોગ્ય છે કે પોલીસ ઉપરાંત જે સંસ્થાઓમાં લોકોને સૌથી ઓછો વિશ્વાસ રહ્યો છે તેમાં રાજકીય પક્ષો અને સાંસદો પણ છે. સેના બાદ સૌથી વધારે વિશ્વાસ ન્યાયપાલિકામાં લોકો વ્યક્ત કરે છે. જો કે છેલ્લા કેટલાક વર્ષોમાં સેનાના ટોપ અધિકારીઓ દ્વારા જે રીતે દેશની રાજનીતિ અંગે જાહેર મંચ પર જે ટિપ્પણી કરી છે તેના કારણે સેના બિન રાજકીય હોવાના દાવાની સામે કેટલાક અંશે પ્રશ્નો થયા છે. પ્રસિદ્ધ ઇતિહાસકાર રામચન્દ્ર ગુહાએ પોતાના પુસ્તક ઇન્ડિયા આફ્ટર ગાંધીમાં કેટલીક બાબતોનો ઉલ્લેખ કરેલો છે. તેઓ કહે છે કે કઇ રીતે સેનાના અધ્યક્ષ કેએમ કરિયપ્પાએ રાજનીતિમાં દરમિયાનગીરી કરવાના પ્રયાસ કર્યા હતા. જો કે જવાહરલાલ નહેરુએ તેમને રોકી દીધા હતા. ગુહા લખે છે કે કરિયપ્પાએ જાહેરમાં સરકારના કામો અંગે વાત કરવાની શરૂઆત કરી દીધી હતી. નહેરુએ તેમને પત્ર લખીને આવુ ન કરવા માટે કહ્યુ હતુ. જો કે તેઓ માન્યા ન હતા. પોતાની સેવાનિવૃતિ બાદ તેઓએ વર્ષ ૧૯૫૮માં પાકિસ્તાન જઇને ત્યાંના સૈનિકોની પ્રશંસા પણ કરી હતી. નહેરુએ તેમને ઓસ્ટ્રેલિયાના હાઇ કમીશનર બનાવીને મોકલી દીધા હતા. પરત ફરીને કરિયપ્પાએ ચૂંટણી લડી હતી. જો કે તેઓ ત્રીજા સ્થાને રહ્યા હતા. આવા પ્રયાસ સમય સમય પર થતા રહ્યા છે. વર્ષ ૧૯૭૧ના યુદ્ધના હિરો જનરલ જેએસ અરોડાએ અનેક વખત કહ્યુ છે કે સેનાને પ્રોફેશનલ રહેવાની જરૂર છે. સેનાને રાજનીતિ પર કોઇ ટિપ્પણી કરવી જોઇએ નહીં. સેનિક નેતૃત્વ દ્વારા દેશની રાજનીતિ પર વારંવાર ટિપ્પણી કરવામાં આવે છે આ પ્રવૃતિ દેશના હિતમાં નથી. સીએએના સંબંધમાં પણ જ્યારે સેના ડા બિપિન રાવત દ્વારા ટિપ્પણી કરવામાં આવી ત્યારે કેટલાક નિષ્ણાંતોએ તેને યોગ્ય ગણી ન હતી. રાજનીતિ સાથે પ્રેરિત બાબતોમાં કોઇ દરમિયાનગીરી સેના કરશે નહીં તે બાબતનો ઉલ્લેખ પણ રહેલો છે. ભારતીય બંધારણ એક સંસદીય લોકશાહીની સ્થાપના કરે છે. જે હેઠળ પ્રજા દ્વારા ચૂંટી કાઢવામાં આવેલા પ્રતિનિધી દેશ પર શાસન કરે છે. જ્યારે દેશની અન્ય સંસ્થાઓ જેમ કે સેના, ન્યાયપાલિકા, અધિકારી આમા સંસદની મદદ કરે છે.જેથી મર્યાદાથી બહાર ટિપ્પણી કરવાની બાબત યોગ્ય નથી.

દુનિયાભરમાં તેલ ભંડાર ખતમ થઇ રહ્યા છે, નવો વિકલ્પ તૈયાર

ઇલેકટ્રિક વાહનોની માંગ વધવા લાગી

ભારતમાં હાલના સમયમાં લેવામાં આવી રહેલા પગલાઓના કારણે ભારતમાં ઇલેક્ટ્રિક વાહનોની માંગમાં હવે તેજી આવી રહી છે. આવનાર સમયમાં ઇલેક્ટ્રિક વાહનોની માંગ અનેક ગતિ વધનાર છે. આવનાર સમય પણ ઇલેક્ટ્રિક વાહનોનો રહેલો છે. તે બાબતની નોંધ લઇને ભારતમા પણ કંપનીઓ આગળ વધી રહી છે. વર્તમાન સ્તિતીમાં બેટરીની કિંમત ટુ વ્હીલર્સ વાહનની કુલ કિંમતના ૪૦ ટકાની આસપાસ છે. આવનાર પાંચ વર્ષમાં આ ઘટીને ૨૦ ટકા થઇ જવાના સંકેત દેખાઇ રહ્યા છે. જે ઇકો સિસ્ટમ માટે ખુબ સારા સંકેત તરીકે છે. સાથે સાથે પર્યાવરણની દ્રષ્ટિએ પણ આ કાર ઉપયોગી રહેનાર છે. તમામ લોકો સારી રીતે જાણે છે કે દુનિયાભરમાં તેલ ભંડારો હવે ખતમ થઇ રહ્યા છે. આંતરરાષ્ટ્રીય તાકાતો તેની કિંમતો પર સીધી અસર કરે છે. ભારતના આયાત બિલમાં સૌથી મોટો હિસ્સો તેલ આયાત છે. આનો ઉકેલ લાવવા માટે અને આયાતને ઘટાડી દેવા માટે ઇલેક્ટ્રિક વાહનોની સારા વિકલ્પ તરીકે છે. ઇલેક્ટ્રિક મોબિલિટી સીધા વિકલ્પ તરીકે છે. ઇલેક્ટ્રિક વાહનોના બજારમાં ઝડપથી વધારો થતા નવી આશા જાગી છે. ઇલેક્ટ્રિક વાહનો સાથે સંબંધિત માર્કેટ કદ ખુબ વધનાર છે. ટેકનિકલ પરિવર્તનના કારણે પણ સ્થિતીમાં સુધારો થયો છે. ઇલેક્ટ્રિક વાહનોમાં ગ્રાહકોનો વિશ્વાસ સતત વધી રહ્યો છે. આ કહેવાની બાબત ખોટી નથી કે આવનાર સમય ઇલેક્ટ્રિક વાહનોનો છે. ભારતીય કંપનીઓ અને બજાર બંને તેને હાથો હાથ લેવા માટે તૈયાર છે. ભારતના બજારને રોચક ગણી શકાય છે. ભારતીય વસ્તીની સરેરાશ વય ૨૮ વર્ષની છે. સાથે સાથે આશરે ૬૪ ટકા વસ્તી ૪૦ વર્ષથી પણ ઓછી વયની છે. ભારતના શહેરીકરણની ગતિ પણ ખુબ ઝડપથી થઇ રહી છે. ગ્રામીણ ક્ષેત્રોને શહેરી માળખામાં સામેલ કરવા માટે શહેરોની મર્યાદાને ઝડપથી વધારી દેવામાં આવી રહી છે. રોજગાર અને વધારે સારી તક મળી શકે તે માટે ગ્રામીણ વિસ્તારોમાંથી લોકો



ઇલેક્ટ્રિક વાહનો માટે બજાર વ્યાપક અને વિસ્તૃત છે : ટેકનિકલ પરિવર્તનથી ગતિ તીવ્ર : આવનાર સમય ઇલેક્ટ્રિક વાહનોનો છે

મોટા પાયે શહેરોની તરફ આવી રહ્યા છે. વર્ષ ૧૯૫૫માં માત્ર પોણા બે કરોડ લોકો શહેરી વિસ્તારમાં રહેતા હતા. ૭૦ વર્ષ બાદ આ વસ્તી ૪૪ કરોડ સુધી પહોંચી ગઇ છે. અંદાજ તો એવો છે કે આવનાર પાંચ વર્ષમાં ૫૩ કરોડ લોકો શહેરી ક્ષેત્રોમાં રહેતા થઇ જશે. હાલની મંદીને બાજુમાં મુકીને જોઇએ તો ભારતીય અર્થવ્યવસ્થા દુનિયાની સૌથી ઝડપથી વધી રહેલી અર્થવ્યવસ્થા તરીકે છે. વધતી જતી અર્થવ્યવસ્થા લોકોને ગરીબીમાંથી બહાર કાઢવામાં ભૂમિકા અદા કરી રહી છે. આનુ પરિણામ એ આવ્યુ છે કે દેશમાં મધ્યમ વર્ગનો વિકાસ સૌથી ઝડપથી થઇ રહ્યો છે. દેશમાં હાલના સમયમાં મધ્યમ વર્ગની વસ્તી આશરે ૩૮ કરોડ છે. અનુમાનની દ્રષ્ટિએ જોવામાં આવે તો વર્ષ ૨૦૩૦ સુધી દુનિયાભરની મધ્યમ વર્ગીય વસ્તી પૈકી બે તૃતિયાશ એશિયામાં રહેનાર છે. સાથે સાથે આશરે દુનિયાના આગામી ૧૦૦ કરોડ મધ્યમવર્ગીય લોકો પૈકી ૪૦ ટકા ભારતમાં રહેનાર છે. ગરીબી ઓછી થવાનો અર્થ એ છે કે લોકોની પાસે ખર્ચ કરવા માટે વધારે નાણા રહેનાર છે. એટલે કે માંગમાં વધારો થનાર છે. જેના કારણે પુરવઠા પર સીધી અસર થનાર છે. બીજી બાજુ ભારત દુનિયાના સૌથી વધારે પ્રદુષિત દેશ પૈકી એક છે. વૈશ્વિક એર ક્વાલિટી ઇન્ડેક્સમાં દુનિયાના ૩૦ સૌથી પ્રદુશિત શહેરોમાં ભારતના ૨૨ શહેર આવે છે. દેશના માર્ગ પરિવહન પ્રધાન નિતિન ગડકરી આને ધ્યાનમાં લઇને ઇલેક્ટ્રિક વાહનોને હવે વધારે પ્રોત્સાહન આપી રહ્યા છે. સરકારે ઇલેક્ટ્રિક વાહનો તરફ વધારે ધ્યાન આપ્યુ છે. ફેમ પોલીસીની રચના પણ આ દિશામાં કરવામાં આવી છે. ફેમ-૨ હેઠળ સરકારે ગ્રાહકોને ઇલેક્ટ્રિક વાહનોની ખરીદી પર ૨૦ ટકા સબસિડી આપવાની જાહેરાત કરી છે. આ ઉપરાંત મેક ઇન ઇન્ડિયાને પ્રોત્સાહન આપવા માટે પણ પહેલ કરી છે. ગ્રાહક સેવાના દરને ૧૨ ટકાથી ઘટાડીને પાચં ટકા કરી દેવામાં આવ્યો છે. તેલના ભંડારો ખતમ થઇ રહ્યા છે. ભારતના આયાત બિલ પણ વધારે છે. જેથી તેના પર અંકુશ મુકવા માટે પહેલ કરવામાં આવી રહી છે. ઇલેક્ટ્રિક વાહનોમાં સાધન પેટ્રોલ અને ડીઝલની ગાડીની તુલનામાં ઓછા હોય છે. દાખલા તરીકે એક સામાન્ય ટુ વ્હીલર્સમાં આશરે ૨૦૦૦ પાર્ટ હોય છે જ્યારે ઇલેક્ટ્રિક સ્કુટરમાં માત્ર ૨૦ ઉપકરણ હોય છે. જાળવણી કિંમત પણ ઘટી જાય છે. સાથે સાથે નવી નવી કંપનીઓ આ ક્ષેત્રમાં આવી રહી છે. ઇલેક્ટ્રિક વાહનોમાં ઉપયોગ કરવામાં આવતી લિથિયમ બેટરીની કિંમતો પણ ઘટી રહી છે. ઇલેક્ટ્રિક વાહનોમાં હાલમાં કિંમત પણ ઓછી છે. સાતમી ફેબ્રુઆરીના દિવસે ગ્રેટર નોઇડામાં ઓટો એક્સ્પોમાં નિતિન ગડકરીએ કહ્યુ હતુ કે આવનાર સમયમાં ભારત ઇલેક્ટ્રિક વાહનોના સૌથી મોટા માર્કેટ તરીકે ઉભરીને આવનાર છે.

હેલ્થી ટ્રિક્સ : જંક ફુડથી બાળકોને દુર રાખવાની તાકીદની જરૂર

બાળકો હાલમાં જંક ફુડના સકંજામાં

હાલના સમયમાં મોટા ભાગના માતાપિતાની ફરિયાદ છે કે તેમના બાળકો જંક ફુડ વધારે પસંદ કરે છે અને ભોજનથી દુર રહે છે. બ્રેકફાસ્ટને પણ ટાળે છે. નિયમિત રીતે ભોજન ન કરવાના કારણે હાલના સમયમાં બાળકો જુદા જુદા પ્રકારના ઇન્ફેક્શનના સકંજામાં આવી રહ્યા છે. સાથે સાથે બિમારીઓને આમંત્રણ આપી રહ્યા છે. બજારમાં ઉપલબ્ધ જંક ફુડથી દિવસ કાઢી નાંખવાની પ્રવૃતિ હાલના સમયમાં વધી છે. જેના કારણે શ્રેણીબદ્ધ સમસ્યા સપાટી પર આવી રહી છે. સ્પર્ધાના યુગમાં બાળકો અને નોકરી કરનાર લોકો નિયમિત રીતે બ્રેકફાસ્ટ પણ કરતા નથી. જેના કારણે આરોગ્યની સમસ્યા ઉભી થાય છે. દરેક વ્યક્તિ ફિટ અને એનર્જેટિક રહેવા માટે ઇચ્છુક હોય છે પરંતુ તે જરૂરી સમય કાઢી શકતો નથી. ટેક્સાસમાં હાલમાં કરવામાં આવેલા નવા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે શરીરમાં બે ટકા પાણીની કમી થવાની સ્થિતીમાં પણ એનર્જી લેવલ ખુબ ઓછુ થઇ જાય છે. ડિહાઇડ્રેશનના કારણે બ્લડવોલ્યુમ ઘટી જાય છે. જેના કારણે લોહી ગાઢ બની જાય છે. જેના કારણે હાર્ટ ઓછા અસરકારક રીતે કામ કરે છે. આનાકારણે ઓક્સીજન અને પૌષક તત્વો ઓછી ગતિથી આપની મસલ્સ અને ઓર્ગન્સ સુધી પહોંચે છે. આના માટે રહી રહીને પાણી પીતા રહેવાની જરૂર હોય છે. નિષ્ણાંત લોકો કહે છે કે સવારે ઉઠી ગયા બાદ વધારે સમય સુધી



ભુખ્યા રહેવાની બાબત યોગ્ય નથી. બ્રેકફાસ્ટ કરવાથી આપના મેટાબોલિજમ યોગ્ય રહે છે. જો તમે બ્રેક ફાસ્ટમાં પૌષ્ટિક ભોજન લઇ રહ્યા છો તો દિવસ દરમિયાન ઉર્જા રહે છે. સવારના સમયમાં ભુખ્યા રહેવાની સ્થિતીમાં દિવસ દરમિયાન માથુ ચકરાવે છે. આના કારણે ખુબ થાક લાગે છે. જેથી સવારના સમયમાં નાસ્તાને પ્રાથમિકતા આપવામાં આવે તે જરૂરી છે.જંક ફુડથી દુરી રાખવામાં આવે તે પણ જરૂરી છે. જંક ફુડ ખાવાથી શરીરને કોઇ ઉર્જા મળતી નથી. આ માત્ર સ્વાદમાં ગમી શકે છે. જંક ફુડથી બ્લડ શુગર વધી જાય છે. જેના કારણે આપને વધારે થાક લાગે છે. આપને ભોજનમાં પ્રોટીનયુક્ત ચીજોનો ઉપયોગ કરવાની સલાહ મોટા ભાગના નિષ્ણાંત લોકો આપે છે. ૨૪ કલાક ફિટ અને એનર્જેટિક રહેવા માટે કેટલીક ખરાબ ટેવ છોડી દેવાની જરૂર છે. ખોટી ટેવ છોડી દેવાના કારણે ફિટ રહેવામાં મદદ મળશે.ફિટ અને હેલ્થી રહેવા માટે નિયમિત કસરત જરૂરી બની ગઇ હોવાનું તારણ નવા અભ્યાસમાં બહાર આવ્યું છે. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે કસરતથી શરીરમાં બ્લડ સરક્યુલેશનમાં ઉલ્લેખનીય વધારો થાય છે. સાથે સાથે આનાથી કુશળતા પણ વધી જાય છે. નોકરીની જગ્યાએ લાંબા સમય સુધી કોમ્પ્યુટરની સામે બેસી રહેવાથી ઘણી તકલીફ ઉભી થઈ શકે છે આવી સ્થિતિમાં નિયમિતપણે કસરત ખૂબ જ જરૂરી છે. નિયમિતપણે કસરત નહીં કરવાથી શરીરમાં બ્લડ સરક્યુલેશનની ગતિ ધીમી પડી જાય છે. યાદશક્તિ અને ધ્યાનશક્તિને વધારવા નિયમિત કસરત જરૂરી બની ગઈ છે. આનાથી શરીરમાં ટોકસીન ફોર્મેશનની ગતિ ધીમી પડે છે. કસરતના સંબંધમાં વારંવાર તારણો સપાટી પર આવી ચૂક્યા છે. જંક ફુડમાં જુદા જુદા ઘટક તત્વોનો ઉપયોગ વધારે પ્રમાણમાં કરવામાં આવે છે. જે શરીરને લાંબા ગાળામાં નુકસાન કરે છે. આના કારણે સ્થુળતાને આમંત્રણ મળે છે. જંક ફુડ વધારે પ્રમાણમાં ઉપયોગ કરનાર બાળકો અને મોટી વયના લોકો પણ વધુ વજન ધરાવે છે. વધુ વજન થવાની સાથે જ જુદી જુદી બિમારીને આમંત્રણ મળી જાય છે.

ફિલ્મી ગપસપ...

રાણા દગ્ગુબાતીની ફિલ્મ 'હાથી મેરે સાથી'નું ફર્સ્ટ પોસ્ટર રિલીઝ



'બાહુબલી' ફેમ રાણા દગ્ગુબાતીની ફિલ્મ 'હાથી મેરે સાથી'નું ફર્સ્ટ લુક પોસ્ટર રિલીઝ થયું છે. આ ફિલ્મમાં તેનું નામ બનદેવ છે. આ ફિલ્મ ૨ એપ્રિલના રોજ રિલીઝ થવાની છે. આ ફિલ્મ હિન્દી, તમિળ અને તેલુગુમાં બની છે. રસપ્રદ વાત એ છે કે ત્રણેય ભાષાનું ડબિંગ રાણાએ જાતે કર્યું છે.

ફિલ્મનું અનાઉન્સમેન્ટ તો ૨૦૧૭માં થયું હતું. રાણા આ ફિલ્મ માટે ડબિંગ કરતો હોય તેવા અમુક વીડિયો વાઈરલ થયા હતા. ફિલ્મના ડિરેક્ટર સોલોમન છે અને સ્ટારકાસ્ટમાં પુલકિત સમ્રાટ અને શ્રિયા પિલગાંવકર પણ સામેલ છે.

'હાથી મેરે સાથી' ટાઈટલનો યુઝ ૪૯ વર્ષ બાદ થયો છે. આ પહેલાં ૧૯૭૧માં રાજેશ ખન્નાની ફિલ્મ 'હાથી મેરે સાથી' રિલીઝ થઈ હતી. આ ફિલ્મ રાજેશ ખન્નાને ટ્રિબ્યુટ આપે છે પણ મેકર્સનું કહેવું છે કે આ ફિલ્મ જૂની ફિલ્મની રિમેક નથી.

'થપ્પડ'નું ટ્રેલર જોઈ સ્મૃતિ ઈરાની બની ભાવુક, સમાજ પર રોષ ઠાલવ્યો

મુંબઈ

બોલિવૂડ અભિનેત્રી તાપસી પન્નુની આવનારી ફિલ્મ થપ્પડનું ટ્રેલર રીલિઝ કરવામાં આવી ગયું છે. લોકોનો સારે પ્રતિસાદ પણ મળી રહ્યો છે. હવે સ્મૃતિ ઈરાનીએ પણ આ ટ્રેલર જોયું અને ગુસ્સે થઈ ગઈ છે. સમાજ પર ગુસ્સો કાઢતાં સ્મૃતિ ઈરાનીએ મહિલા વિશે બે શબ્દો કહ્યા છે.




સ્મૃતિ ઈરાની ટ્રેલર જોઈને ભાવુક થઈ ગઈ. સમાજ પર ગુસ્સો કાઢતાં લખ્યું કે, કેટલા લોકોએ સાંભળ્યું છે મહિલાઓને જ એડજસ્ટ કરવું પડે છે. કેટલા લોકો એવું વિચારે છે કે, માર-પીટ માત્ર ગરીબ મહિલાના જ પતિઓ કરે છે. કેટલા લોકો એવું માને છે કે, શિક્ષિત લોકો પોતાની પત્ની પર હાથ ઉપાડતાં જ નથી. કેટલા લોકો પોતાની દીકરી અને વહુને એવું કહે છે કે, ના દીકરી આવું તો અમારી સાથે પણ થયું છે. જુઓ અમે અત્યારે કેટલા ખુશ છીએ.

ઈરાનીએ આગળ લખ્યું કે, હું કોઈ નિર્દેશકની રાજનીતિ વિચારધારા નથી જોતી કે પછી કોઈ એક્ટર સાથે અસહેમત હોઈ શકું છું. પરંતુ એટલું પાક્કું છે કે, હું આ ફિલ્મ જોઈશ અને મને આશા છે કે, લોકો આ ફિલ્મ પરિવાર સાથે જઈને જોશે. એક મહિલાને મારવું ઠીક નથી. એક થપ્પડ પણ નહીં. એક પણ થપ્પડ નહી.

'શુક્રાણુ' માટે દિવ્યેન્દુએ બિગ બી અને ધર્મેન્દ્રની એક ડઝન ફિલ્મો જોઈ

મુંબઈ

'પ્યાર કા પંચનામાના' લિક્વિડ ફેમ દિવ્યેન્દુ શર્માની અપકમિંગ ફિલ્મ 'શુક્રાણુ' છે. આ ડિજિટલ ફિલ્મ ૭૦ના દશકના બેકગ્રાઉન્ડ પર આધારિત છે. તે એક એવા યુવકના રોલમાં છે જેની નસબંધી થઈ જાય છે. તે યુવાનના રોલને સમજવા માટે દિવ્યેન્દુએ તે સમયમાં રિલીઝ થયેલ અમિતાભ બચ્ચન, ધર્મેન્દ્ર અને મનોજ કુમારની એક ડઝનથી પણ વધુ ફિલ્મ જોઈ નાખી છે અને આવું કરવા પાછળ તેની એક ઈચ્છા પણ હતી. ફિલ્મમાં તેનો લુક અને સ્ટાઈલ પણ ૭૦ના દશકથી પ્રેરિત છે.પોતાની



ઈચ્છા વિશે વાત કરતાં દિવ્યેન્દુએ કહ્યું કે, જ્યારે મને આ ફિલ્મ ઓફર થઈ તો હું ઘણો ઉત્સાહિત થઈ ગયો હતો. 'શુક્રાણુ' ૭૦ના દશકની સ્ટોરી છે અને ફિલ્મનો વિષય એકદમ નવો છે. હું અમિતાભ જી, મનોજ કુમાર, ધર્મેન્દ્ર અને તે સમયના અન્ય એક્ટર્સની ફિલ્મોને જોઈને મોટો થયો છું. હું હંમેશાં જુના જમાનાના સમયનો અનુભવ કરવા માટે એક પિરિયડ ફિલ્મ કરવા ઈચ્છતો હતો. 'શુક્રાણુ' ફિલ્મમાં શ્વેતા બાસુ પ્રસાદ અને શીતલ ઠાકુર લીડ રોલમાં છે. આ ફિલ્મને રિલાયન્સ એન્ટરટેઈન્મેન્ટ પ્રોડ્યૂસ કરી રહ્યું છે જ્યારે નેશનલ અવોર્ડ વિનર ડિરેક્ટર વિષ્ણુ દેવની આ પહેલી ડિજિટલ ફિલ્મ છે. આ ૧૪ ફેબ્રુઆરીના રોજ સ્પેશિયલી ડિજિટલ પ્લેટફોર્મ ઝી ૫ પ્રીમિયર પર રિલીઝ થશે.

મને આજ સુધી કોઈએ પ્રપોઝ કર્યું નથી: દિશા પટનીનો ખુલાસો

મુંબઈ

૧૪ ફેબ્રુઆરીએ દુનિયાભરમાં વેલેન્ટાઈન ડે સેલિબ્રેટ કરવામાં આવશે, જો કે વેલન્ટાઈન વીકની શરૂઆત થઈ ગઈ છે. ૭ ફેબ્રુઆરીએ રોઝ ડે અને ૮ ફેબ્રુઆરીએ પ્રપોઝ ડે ઉજવવામાં આવ્યો. પ્રપોઝ ડેના દિવસે બોલિવુડની ખૂબ જ બોલ્ડ એક્ટ્રેસ દિશા પાટનીએ પોતાના અંગત જીવનને લઈને એવો ચોંકાવનારો ખુલાસો કર્યો જેના વિશે જાણીને તેના ફેન્સ પણ ચોંકી જશે.

દિશા પાટની હાલમાં રિલીઝ થયેલી તેની ફિલ્મ 'મલંગ'ને લઈને ચર્ચામાં છે. તે સંદર્ભે તેણે એક અંગ્રેજી વેબસાઈટને ઈન્ટરવ્યૂ આપ્યો હતો. જ્યાં તેને પૂછવામાં આવ્યું કે, 'તને અત્યારસુધીમાં કેટલા પ્રપોઝલ મળ્યા છે અને તે કેટલાના દિલ તોડ્યા છે?'.

સવાલનો જવાબ આપતા દિશા પાટનીએ કહ્યું કે, 'કોઈએ મને આજ સુધી પ્રપોઝ કર્યું નથી. હું સ્કૂલમાં ટોમ બોય હતી. મારા પિતા પોલીસમાં હતા. તેથી કોઈએ મને પૂછવાની હિંમત કરી જ નહીં. પછી કોલેજમાં ગઈ તો ત્યાં પણ એમ જ થયું. પછી હું અહીંયા આવી ગઈ. હું અહીંયા પણ કોઈને ત્યાં પાર્ટીમાં જતી નથી, એટલે કોઈને મળવાનું થતું નથી. મારી લાઈફ દુઃખથી ભરેલી છે'.




ફિલ્મ 'ઝિંદગી ઈન શોર્ટ'નું ફર્સ્ટ પોસ્ટર રિલીઝ

મુંબઈ

પ્રોડ્યૂસર ગુનીત મોન્ગાના પ્રોડક્શન હાઉસ 'શિખ્યા એન્ટરટેઈનમેન્ટ' હેઠળ 'ઝિંદગી ઈન શોર્ટ' નામની એન્થોલોજી ફિલ્મ રિલીઝ કરવાની છે. શોર્ટ ડોક્યુમેન્ટરી 'પિરિયડ. એન્ડ ઓફ સેન્ટેન્સ' માટે ઓસ્કર જીતેલા ગુનીતે 'ગેંગ્સ ઓફ વાસેપુર ૧ અને ૨', 'ધ લંચબોક્સ', 'મસાન' જેવી બોલિવૂડ ફિલ્મો પણ પ્રોડ્યૂસ કરી છે. તેની ભુવન બામ સ્ટારર શોર્ટ ફિલ્મ 'પ્લસ માઈનસ'ને બેસ્ટ શોર્ટ ફિલ્મનો ફિલ્મફેર અવોર્ડ પણ મળ્યો છે.

'ઝિંદગી ઈન શોર્ટ' નામની ૭ શોર્ટ ફિલ્મ ધરાવતી એન્થોલોજી ફિલ્મને 'ફ્લિપકાર્ટ વીડિયો' પર રિલીઝ કરવામાં આવશે. આ ફિલ્મ ૧૯ ફેબ્રુઆરીના રોજ રિલીઝ થશે. એન્થોલોજી એટલે અલગ-અલગ વાર્તાઓનો સંગ્રહ. આમાં 'છજ્જુ કે દહીં ભલ્લે', 'નૈનો સો ફોબિયા', 'સની સાઈડ અપ પર', 'સ્વાહા', 'પિન્ની', 'સ્લીપિંગ પાર્ટનર' અને 'થપ્પડ' નામની ૭ શોર્ટ ફિલ્મ છે. આ ફિલ્મો ઓનલાઈન રોમાન્સ, બાળપણની નિર્દોષતા વગેરે પર આધારિત છે.

રમત જગત વિશેષ



બેલારુસના મિંસ્કમાં કિસિંગ મેરેથોનમાં ભાગ લેનારાઓ.

U19 વર્લ્ડકપ: બાંગ્લાદેશી ક્રિકેટર્સની હરકતને પ્રિયમ ગર્ગે કહ્યું 'ડર્ટી'

પોટચેફ્સટ્રૂમ

રવિવારના રોજ પોટચેફ્સટ્રૂમમાં બાંગ્લાદેશની અંડર ૧૯ ક્રિકેટ ટીમે વર્લ્ડ કપ જીતીને પોતાના દેશ માટે સોનેરી ઈતિહાસ રચી દીધો. સાઉથ આફ્રિકાના પોટચેફ્સટ્રૂમમાં અહીં બાંગ્લાદેશે ભારતને ૩ વિકેટથી હરાવીને પહેલી વખત આ ખિતાબ પોતાના નામે કર્યો. પરંતુ તેના ખેલાડીઓએ આ જીત પર પોતાના ખરાબ વ્યવહારના લીધે પોતાના દેશની છબી પર કાળું ટિલ્લું લગાવી દીધું છે. પોતાના ખેલાડીઓના બિન-જરૂરી આક્રમક અને નકારાત્મક વ્યવહાર માટે બાંગ્લાદેશની યુવાન ટીમના કેપ્ટન અકબર અલીને પણ માફી માંગવી પડી છે. ભારતીય ટીમના કેપ્ટન પ્રિયમ ગર્ગે બાંગ્લાદેશી ખેલાડીઓની આ હરકતને 'ડર્ટી' ગણાવી છે. તેઓ દરવખતે આક્રમકતા દેખાડી રહ્યા હતા પરંતુ મેચ બાદ તો તેમણે તમામ હદો પાર કરી દીધી અને ભારતીય ખેલાડીઓને અપશબ્દો કહ્યા



અને તેમની ટીમના બે ખેલાડીઓએ ભારતીય ખેલાડીઓની સાથે ધક્કામુક્કી સુદ્ધા કરવા લાગ્યા.

બાંગ્લાદેશના કેપ્ટન અકબર અલીએ આ શરમજનક ઘટના માટે માફી માંગી. અલી એ કહ્યું કે ક્રિકેટને જેન્ટલમેન ગેમ તરીકે ઓળખાય છે. એવામાં મારી ટીમની તરફથી હું માફી માંગું છું. અહીં જે પણ થયું તે થવું જોઈતું નહોતું.

પ્રિયમ ગર્ગે કહ્યું કે અમે સહજ હતા. અમે એ જ વિચાર્યું કે આ રમતનો એક ભાગ છે — તમે કંઈક જીતો છો અને કંઈક હારી જાઓ છો. પરંતુ તેમની પ્રતિક્રિયા 'ડર્ટી' (ગંદી) હતી. હું સમજું છે કે આવું થવું જોઈતું નહોતું . પરંતુ ઠીક છે.

૭:૩૦ વાગે મેચ શરૂ થશે, સિરિઝમાં ન્યૂઝીલેન્ડ ૨-૦થી આગળ

આજે અંતિમ વન-ડે: ન્યૂઝીલેન્ડ વ્હાઈટવૉશના ઈરાદે તો ભારત શાખ બચાવવા ઊતરશે

માઉન્ટ મૉન્ગેનુઈ

ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે ૩ વનડે સીરિઝની છેલ્લી મેચ આજે માઉન્ટ માઉનગુઈમાં રમાશે. ટીમ ઈન્ડિયા પહેલેથી સીરિઝ ૦-૨થી હારી ગઈ છે. તેઓ છેલ્લી મેચ જીતીને વ્હાઈટવોશથી બચવા માંગશે. આ ગ્રાઉન્ડ પર ભારત અત્યાર સુધી ૨ વનડે રમ્યું છે અને બંનેમાં જીત મેળવી છે. છેલ્લે ૨૮ જાન્યુઆરી ૨૦૧૯ના રોજ ભારતે કિવિઝને ૭ વિકેટે હરાવ્યું હતું.

સીરિઝની પહેલી વનડેમાં હેમિલ્ટન ખાતે કિવિઝ ૪ વિકેટે મેચ જીત્યું હતું. તે પછી ઓકલેન્ડમાં ભારતે ૨૨ રને હારનો સામનો કરવો પડ્યો હતો. રોસ ટેલર ૧૮૨ રન સાથે હાઈએસ્ટ સ્કોરર છે. શ્રેયસ ઐયર ૧૫૫ રન સાથે બીજા સ્થાને છે. વિકેટના મામલે ટિમ સાઉથી સૌથી આગળ છે. શાર્દુલ ઠાકુર અને યૂઝવેન્દ્ર ચહલ ૩-૩ વિકેટ સાથે બીજા સ્થાને છે.

ફાસ્ટ બોલર બુમરાહે આ વર્ષે જ ઈજા પછી ટીમમાં વાપસી કરી છે. તે પછી તેણે ૫ વનડેમાં ૨૭૭ની સ્ટ્રાઈક રેટથી માત્ર ૧ વિકેટ લીધી છે. છેલ્લી ત્રણ વનડેથી તેણે



એકપણ વિકેટ લીધી નથી. આવું તેના કરિયરમાં પહેલીવાર થયું છે.

ખભાની ઈજાના લીધે સીરિઝની પ્રથમ બે મેચમાં ન રમનાર કિવિઝ કપ્તાન કેન વિલિયમ્સને ફિટનેસ ટેસ્ટ પાસ કરી લીધો છે. તે ત્રીજી મેચમાં રમી શકે છે. તેમજ ટીમમાં ઈશ સોઢી અને બ્લેર ટિકનેરને તક મળી શકે છે. સોઢીએ પ્રથમ મેચમાં વિરાટ કોહલીની વિકેટ લીધી હતી.

ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે અત્યાર સુધીમાં કુલ ૧૦૯ વનડે રમાઈ છે. ભારતે ૫૫ મેચ જીતી છે અને ૪૮માં હારનો સામનો કર્યો છે. એક મેચ ટાઈ રહી છે અને ૫માં પરિણામ આવ્યું નથી. ન્યૂઝીલેન્ડમાં ભારત ૪૧માંથી ૧૪ મેચ જ જીત્યું છે. ૨૪માં હાર મળી, એકમાં ટાઈ પડી અને ૨માં રિઝલ્ટ નહોતું આવ્યું. ભારતે કિવિઝ સામેની ૧૪માંથી ૮ સીરિઝ પોતાના નામે કરી છે, ૪માં હારનો સામનો કર્યો છે અને ૨ ડ્રો રહી હતી.

મંગળવારે માઉન્ટ મોનગુઈમાં તાપમાન ૧૫થી ૨૪ ડિગ્રી સેલ્સિયસની વચ્ચે રહેશે. મેચ દરમિયાન વરસાદની કોઈ સંભાવના નથી. પિચથી બેટ્સમેનને મદદ મળશે. ભારતે ગ્રાઉન્ડ પર રમેલી બંને મેચમાં જીત મેળવી છે. અહિયાં રમાયેલી ૧૦ મેચોમાં ટોસનું મહત્ત્વ ૫૦-૫૦ ટકા રહ્યું છે.

ભારતઃ પૃથ્વી શો, મયંક અગ્રવાલ, વિરાટ કોહલી (કેપ્ટન), કેએલ રાહુલ (વિકી), મનીષ પાંડે, રવિન્દ્ર જાડેજા, મોહમ્મદ શમી, શાર્દુલ ઠાકુર/નવદીપ સૈની, યુજવેન્દ્ર ચહલ, જસપ્રીત બુમરાહ.

ન્યૂઝીલેન્ડઃ ટોમ લેથમ (કેપ્ટન), હેમિશ બેનેટ, ટોમ બ્લેંડલ, કોલિન ડી ગ્રાન્ડહોમ, માર્ટિન ગુપ્ટિલ, માર્ક ચેપમેન, કાયલ જેમિસન, સ્કોટ કુગલન, જિમ્મી નીશમ, હેનરી નિકોલ્સ, મિશેલ સેન્ટનર, ઈશ સોઢી, ટિમ સાઉથી અને રોસ ટેલર

પ્રથમ ટેસ્ટમાં પાકિસ્તાને બાંગ્લાદેશને ૪૪ રને હરાવ્યું: નસીમ શાહની હેટ્રિક



દુબઈ

યજમાન પાકિસ્તાન અને બાંગ્લાદેશની ટીમ વચ્ચે આઈસીસી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ અંતર્ગત બે મેચોની ટેસ્ટ સિરીઝ રમાઈ રહી છે. આ સિરીઝના પ્રથમ મુકાબલામાં યજમાન પાકિસ્તાને બાંગ્લાદેશને કારમો પરાજય આપ્યો છે. પાકિસ્તાને બાંગ્લાદેશને ઈનિંગ અને ૪૪ રનથી હરાવ્યું છે. આ મેચમાં પાકિસ્તાનના યુવા ફાસ્ટ બોલર નસીમ શાહે હેટ્રિક ઝડપીને ઈતિહાસ રચ્યો છે. નસીમ શાહ સૌથી નાની ઉંમરમાં ટેસ્ટ ક્રિકેટમાં હેટ્રિક ઝડપનાર વિશ્વનો પહેલો બોલર બની ગયો છે.

રાવલપિંડીમાં રમાયેલી પ્રથમ ટેસ્ટ મેચમાં પાકિસ્તાન ટીમના કેપ્ટન અઝહર અલીએ ટોસ જીતીને પ્રથમ બોલિંગનો નિર્ણય કર્યો હતો. તેવામાં પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી બાંગ્લાદેશની ટીમ પ્રથમ દાવમાં ૮૨.૫ ઓવરમાં ૨૩૩ રન બનાવી ઓલઆઉટ થઈ ગઈ હતી. બાંગ્લાદેશ તરફથી મોહમ્મદ મિથુને ૬૩ રન બનાવ્યા, જ્યારે નજમુલ હુસેન ૪૪ અને લિટન દાસે ૩૩ રનનું યોગદાન આપ્યું હતું. પાકિસ્તાન તરફથી પ્રથમ ઈનિંગમાં આહીન આફ્રિદીએ ૪, મોહમ્મદ અબ્બાસ અને હારિશ સોહેલે બે-બે વિકેટ ઝડપી જ્યારે નસીમ શાહને એક સફળતા મળી હતી.

૨૩૩ રનના જવાબમાં પાકિસ્તાનની ટીમે પોતાની પ્રથમ ઈનિંગમાં ૧૨૨.૫ ઓવરમાં તમામ ૧૦ વિકેટ ગુમાવી ૪૪૫ રન બનાવ્યા હતા. યજમાન તરફથી બાબર આઝમે ૧૪૩, શાન મસૂદે ૧૦૦, હારિસ સોહેલે ૭૫ અને અસદ શફીકે ૬૫ રનનું યોગદાન આપ્યું હતું. તો બાંગ્લાદેશ તરફથી અબુ જાયેદ અને રુબેલ હુસેને ત્રણ-ત્રણ વિકેટ પોતાના નામે કરી, જ્યારે ૨ વિકેટ તઈજુલ ઈસ્લામ અને એક વિકેટ ઈબાદત હુસેનને મળી હતી. આ રીતે પાકિસ્તાનની ટીમને ૨૧૨ રનની વિશાળ લીડ મળી હતી.

બાંગ્લાદેશની ટીમ બીજી ઈનિંગમાં ૬૨.૨ ઓવરમાં ૧૬૮ રન બનાવી ઓલઆઉટ થઈ ગઈ હતી. આમ તેણે ઈનિંગ અને ૪૪ રનથી પરાજયનો સામનો કરવો પડ્યો હતો. પાકિસ્તાન તરફથી બીજી ઈનિંગમાં નસીમ શાહે હેટ્રિક સહિત ૪ વિકેટ ઝડપી હતી.



નમિલીયા સંગ્રહ ન્યૂ યોર્કમાં ન્યૂ યોર્ક ફેશન વીક દરમિયાન પિયર ૫૯ સ્ટુડિયોમાં મોડેલ રેમ્પ વોક કરી રહી છે.

બજેટમાં દેશને પાંચ ટ્રિલિયનનું અર્થતંત્ર બનાવવાનો પાયો નખાયો છે

જીએસટીના દરો ત્રણ મહિને નહિ, વર્ષમાં એક જ વખત બદલાશેઃ સીતારમન

કોલકાત્તા

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમને હવે જીએસટીના દરોમાં વર્ષમાં એક વખત ફેરફાર કરવાની વાત કરી છે. હાલમાં દર ત્રણ મહિને આ કામગીરી હાથ ધરાય છે. આની સાથે સાથે તેમણે કહ્યું છે કે ૨૦૨૪-૨૫ સુધી દેશને પાંચ ટ્રિલિયનનું અર્થતંત્ર બનાવવા માટે બજેટમાં પાયો નખાયો છે. જેમાં વપરાશ વધારવાનો અને સરકારી રોકાણનો ઉપયોગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર બાંધવા માટે જ થાય તે પ્રકારની જોગવાઈ કરાઈ છે.

સીતારમને ઉમેર્યું છે કે 'મને લાગે છે કે વપરાશ વધારવા માટેનો પાયો અમે નાખી દીધો છે. મૂડી ખર્ચ અને સરકારના રોકાણો પણ માળખાગત અસ્કયામતો બાંધવાની દિશામાં જ વપરાય તેનું ખાસ ધ્યાન રખાયું છે. જેની ટૂંકા અને લાંબાગાળાની અસર થશે.' તેમણે ઉમેર્યું હતું કે 'ગ્રામ્ય ચિંતાઓના ઉકેલ માટે બજેટમાં ૧૬ જેટલા પગલાં યોજનાની જાહેરાત કરાઈ છે. આથી મને અપેક્ષા છે કે આ તમામને કારણે દેશ પાંચ ટ્રિલિયન ડોલરનું અર્થતંત્ર બનવાની દિશામાં દોરાઈ જશે.'

બજેટમાં પશ્ચિમ બંગાળને શું મળ્યું તેવા સવાલના જવાબમાં તેમણે કહ્યું કે 'કોને શું મળ્યું એવા સવાલના જવાબમાં મારે શું કહેવું તે હું જાણતી નથી. હું અર્થતંત્રની સ્થિરતા, દેશમાં અકસ્યામતો બાંધવા, વ્યક્તિઓના હાથમાં સીધીરીતે પૈસા જાય તે અને કરવેરાના દરો ઘટે તે દિશામાં જોઈ રહી છું.'

વિવિધ પ્રોજેક્ટો અંગે બજેટમાં જાહેરાતો કરાઈ છે તેમ જણાવતાં સીતારમને ઉમેર્યું હતું કે આ પ્રોજેક્ટો અલગ-અલગ રાજ્યોમાં છે. તેથી તે રીતે અલગ રાજ્યોમાં ફાળવણી કરાઈ છે. તેમણે સ્પષ્ટ કર્યું કે સરકાર ઉદ્યોગ-વેપાર સાથે જોડાઈ રહેવા માગે છે અને વેરાની ચુકવણી સરળતાપૂર્વક થાય તે માટે તેમની સહાય કરશે.

પોલીસે ઓખલામાં બેરિકેડ લગાવી પ્રદર્શનકારીઓને અટકાવ્યા

નાગરિકતાના વિરોધમાં જામિયાના વિદ્યાર્થીઓની માર્ચઃ પોલીસ સાથે ઘર્ષણ

ન્યુ દિલ્હી

જામિયા મીલીયા ઈસ્લામીયાના વિદ્યાર્થીઓ અને જામિયા નગરના રહીશો સહિતના સેંકડો વિરોધીઓ સોમવારે સવારે સંસદ તરફ કૂચ કરતા અટકાવવા માટે પોલીસ સાથે અથડામણ થઈ હતી. આ અથડામણમાં કેટલાંક વિદ્યાર્થીઓ ઘાયલ થયા હતા. દિલ્હી પોલીસ વિદ્યાર્થીઓની કૂચને સસંદ તરફ જતી રોકી રહ્યા હતા. જ્યારે કેટલાંક વિદ્યાર્થીઓનો આરોપ છેકે, પોલીસે તેમની ઉપર હુમલો કર્યો હતો. જામિયા કોઓર્ડિનેશન કમિટી (જેસીસી) ના નેતૃત્વ હેઠળ જામિયાના વિદ્યાર્થીઓ અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ સહિતના વિરોધીઓએ આ રેલી કાઢવાનો પ્રયાસ કર્યો હતો.

પ્રદર્શનકારીઓ સુધારેલા નાગરિકતા અધિનિયમ (સીએએ) અને રાષ્ટ્રીય રજિસ્ટર ઓફ સિટીઝન (એનઆરસી) વિરુદ્ધ સંસદની તરફ કૂચ કરવાના હતા. પોલીસે કહ્યું કે વિરોધીઓને સંસદ તરફ કૂચ કરવાની મંજૂરી નહોતી. યુનિવર્સિટીની આસપાસ સુરક્ષા જવાનો મોટી સંખ્યામાં તૈનાત કરવામાં આવ્યા હતા.આંદોલનકારીઓએ જામિયાના ગેટ નંબર સાતથી તેમની કૂચની શરૂઆત કરી હતી. પોલીસે તેમને તેમની કૂચ ખતમ કરવાની અપીલ કરી હતી. વિરોધીઓ 'અમે કાગળ નહીં બતાવીએ' અને 'જ્યારે અમે ગોરાઓથી ડર્યા નથી, ત્યારે અમે બીજાથી કેમ ડરીએ' જેવા સૂત્રોચ્ચાર કરી રહ્યા હતા.

ઘણી મહિલાઓ પણ આ પ્રદર્શનમાં હતી. ઘણા લોકો હાથમાં ત્રિરંગો પકડીને 'હલ્લા બોલ' ના નારા લગાવી રહ્યા હતા. આ દરમિયાન વિરોધીઓએ માનવ સાંકળની રચના પણ કરી હતી.પ્રદર્શનકારી જેબા અનહાદે કહ્યું, 'અમે બે મહિનાથી પ્રદર્શન કરી રહ્યા છીએ. સરકાર તરફથી કોઈ અમારી સાથે વાત કરવા માટે આવ્યું ન હતું, તેથી અમે તેમની પાસે જવા માંગીએ છીએ. પોલીસે વિરોધીઓને રોકવાનો પ્રયાસ કર્યો ત્યારે ધક્કા-મુક્કી થઈ ગઈ હતી.

એક ગુપ્તચર રિપોર્ટમાં ખુલાસો

દેશભરમાં સીએએ વિરુદ્ધ ૫૦૦૦ પ્રદર્શન કરવાની મુસ્લિમ સંગઠન PFIની યોજના

ન્યુ દિલ્હી

વિવાદાસ્પદ મુસ્લિમ સંગઠન પોપ્યુલર ફ્રન્ટ ઓફ ઈન્ડિયા એટલે કે PFI દ્વારા અન્ય સંગઠન સાથે મળીને દેશભરમાં સીએએ સામે ૫૦૦૦ વિરોધ પ્રદર્શન કરવાની યોજના તૈયાર કરાઈ હોવાનો ઘટસ્ફોટ એક ગુપ્તચર રિપોર્ટમાં થયો છે.

આ પાંચ હજાર વિરોધ પ્રદર્શનમાં ધરણા અને ડોર ટુ ડોર અભિયાનનો પણ સમાવેશ થાય છે. આ પ્રદર્શનને ..કાગઝ નહી દીખાયેંગે નામ આપવામાં આવશે. જેમાં લોકોને આગામી વસતી ગણતરી એટલે કે નેશનલ પોપ્યુલેશન રજિસ્ટર માટે પણ પોતાની કોઈ પણ પ્રકારની ઓળખ નહી આપવા સંદેશો અપાશે.

આ પ્રકારના પ્રદર્શન શરૂ પણ થઈ ગયા છે. આંધ્રપ્રદેશ અને કર્ણાટકમાં કેટલાક વિસ્તારોમાં મુસ્લિમ સમુદાય દ્વારા સરકારી અધિકારીઓને સહયોગ નહી અપાતો હોવાના અહેવાલો મળી રહ્યા છે.

સીએએ સામે ૨૩૦૦ જેટલા ધરણા પ્રદર્શન દેશના વિવિધ વિસ્તારોમાં અત્યાર સુધી યોજાયા હોવાનો અંદાજ છે. જેમાં સૌથી વધારે ૫૮૭ પ્રદર્શન કેરલમાં યોજાયા છે.આ સિવાય

પશ્ચિમ બંગાળમાં ૨૨૧, યુપીમાં ૨૦૨, તમિલનાડુમાં ૨૨૧, મહારાષ્ટ્રમાં ૨૦૧, આંદ્રપ્રદેશમાં ૧૧૮, તેલંગાણામાં ૧૦૫, કર્ણાટકમાં ૧૦૦, રાજસ્થાનમાં ૮૭, દિલ્હીમાં ૭૭ અને ગુજરાતમાં ૪૮ જગ્યાએ સીએએ વિરોધી દેખાવો યોજાઈ ચુક્યા છે.

ગૃપ્તચર એજન્સીએ પોતાના ઈનપુટમાં ખુલાસો કર્યો

સંઘના કાર્યાલયની સાથે-સાથે નેતાઓ પર આતંકી હુમલાનું જોખમ

ન્યુ દિલ્હી

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના કાર્યાલય સાથે-સાથે સંગઠનના નેતાઓને વૈશ્વિક આતંકી સંગઠનો દ્વારા નિશાન બનાવવામાં આવી શકે છે. તેનો ખુલાસો ગૃપ્તચર એજન્સી ઈન્ટેલિજન્સ બ્યૂરોએ પોતાના હાલના ઈનપુટ્સમાં કર્યો છે. આ ખુલાસામાં કહેવામાં આવ્યું છે કે, આ હુમલ માટે ઈમ્પ્રોવાઈસ્ડ એક્સપ્લોસિવ ડિવાઈસ અથવા વિસ્ફોટકથી ભરેલા વાહનનો ઉપયોગ થઈ શકે છે. આ હુમલો મહારાષ્ટ્ર, પંજાબ, રાજસ્થાનમાં થઈ શકે છે. આ મહિને જાહેર કરવામાં આવેલા નવા ઈનપુટ્સમાં દાવો કરવામાં આવ્યો છે કે, કોઈ વૈશ્વિક આતંકી સંગઠન સાથે જોડાયેલા અજાણ્યા વ્યક્તિ આવનારા દિવસોમાં આઈઈડી અથવા વીબી-આઈઈડીનો ઉપયોગ કરી આરએસએસ કાર્યાલયો અને નેતાઓ અને પોલીસ સ્ટેશનોને નિશાન બનાવવાની યોજના બનાવી રહ્યાં છે.

શાહિનબાગ કેસ મુદ્દે સુપ્રિમ આગામી સુનાવણી ૧૭ ફેબ્રુઆરીએ કરશે

વિરોધ માટે સાર્વજનિક રોડ બંધ ન કરી શકાયઃ સુપ્રિમ કોર્ટ

ન્યુ દિલ્હી

નાગરિકતા સંશોધન એક્ટર (સીએએ) અને નેશનલ રજિસ્ટર ફોર સિઝીઝન વિરુદ્ધ છેલ્લા બે મહિનાથી ચાલી રહેલા શાહીન બાગમાં પ્રદર્શન પર સુપ્રીમ કોર્ટમાં સુનાવણી થઈ. સર્વોચ્ચ અદાલતે સીધી રીતે પ્રદર્શનકારીઓને હટવાના આદેશ આપવાનો ઈનકાર કરી દીધો. જોકે, સુપ્રીમ કોર્ટનુ કહેવુ છે કે હંમેશા માટે કોઈપણ સાર્વજનિક રસ્તાઓ બંધ નથી કરી શકાતા. સુપ્રીમ કોર્ટે શાહીન બાગમાંથી પ્રદર્શનકારીઓને હટાવવાની અપીલ કરનારી અરજીઓ પર કેન્દ્ર, દિલ્હી સરકાર અને પોલીસને નોટિસ પાઠવી છે.

સુપ્રીમ કોર્ટમાં હવે આ મામલાની સુનાવણી આગામી ૧૭ ફેબ્રુઆરીએ થશે. કોર્ટે કહ્યું કે, જો આટલી રાહ જોઈ છે તો એક અઠવાડિયુ વધુ રાહ જોઈ લો. જસ્ટીસ સંજય કિશન કૌલ, જસ્ટિસ કે એમ જોસેફની બેન્ચે કહ્યું કે, આ મામલે પોલીસ અને સરકારને પક્ષકાર બનાવવામાં આવ્યા છે, એટલે તેમની વાત સાંભળવી જરૂરી છે.

ઉલ્લેખનીય છે કે શુક્રવારે આ મામલે સુનાવણી થવાની હતી, શુક્રવારે આ અરજીઓ સુનાવણી માટે આવી હતી, પણ કોર્ટે એ કહીને ટાળી દીધી હતી કે ચૂંટણી બાદ આ મામલે સુનાવણી ઉચિત રહેશે. વકીલ અમિત સાહની અને બીજેપી નેતા નંદકિશોર ગર્ગે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી છે.



ન્યુ યોર્કમાં મેનહટનના ચાઈનાટાઉનમાં, લુનાર નવા વર્ષની પરેડમાં લોકો કૂચ કરે છે.

તાઈવાને ફિલ્મો-સિરિયલોમાં કિસિંગ સીનના શૂટિંગ પર રોક લગાવી

ચીનમાં કોરોના વાયરસના કારણે ૨૪ કલાકમાં ૯૭ લોકોના મોતઃ મૃતાંક ૯૧૦થી વધુ

આ વાયરસથી દુનિયામાં ૪૦ હજારથી વધુ લોકો બિમાર,ચીનમાં મોંઘવારીના દરમાં ૨૦ ટકાનો વધારો થયો

બીજિંગ

કોરોના વાયરસના કારણે સમગ્ર દુનિયામાં ૯૧૦થી વધારે લોકોના મોત નીપજ્યા છે. આ સિવાય અત્યાર સુધી સમગ્ર દુનિયામાં ૪૦, ૫૫૪ લોકો બીમાર થઈ ચૂક્યા છે. આ દરમિયાન તાઈવાને નાના અને મોટા પડદા પર રોમાન્સ, કિસિંગ અને અંગત વાતચીત ફિલ્માવાને લઈને મોટો નિર્ણય લીધો છે.

જોકે, કોરોના વાયરસના ડરથી તાઈવાને ફિલ્મો અને સીરિયલોમાં કિસિંગ સીનની શૂટિંગ પર રોક લગાવવાનો આદેશ આપ્યો છે. એટલુ જ નહીં શૂટિંગ દરમિયાન અભિનેતા અને અભિનેત્રીઓને વધારે નજીક ના આવવાની પણ સલાહ આપવામાં આવી છે.

તાઈવાનની ન્યુઝ એજન્સી યુનાઈટેડ ડેલીની રિપોર્ટ અનુસાર મીડિયા રિપોર્ટસમાં જણાવવામાં આવ્યુ છે કે ચીનના વુહાન શહેરમાંથી ફેલાવેલા આ જીવલેણ સંક્રમણ અત્યારે આ પરિસ્થિતિ સુધી પહોંચી ગયા કે કિસિંગ સીન પર પણ પ્રતિબંધ લાદી દેવાયો છે.

તાઈવાનમાં ફિલ્માંકન ચાલુ રહેશે જ્યાં વાયરસની સ્થિતિ ખરાબ છે ત્યાં વધારે સાવધાની વર્તવાની સલાહ આપવામાં આવી છે.

તાઈવાનમાં ફોરમોસા ટીવી પર પ્રસારિત થનારી સીરિયલ ગોલ્ડલ સિટીમાં એકટ્રેસ મિયા ચિઉ અને એક્ટર જૂન ફૂ વચ્ચે ઘણા કિસિંગ સીન દેખાડવામાં આવ્યા છે પરંતુ અત્યારે આ બંને કોરોના વાયરસના ડરમાં કિસિંગ સીન આપી શકતા નથી.

ચીનના અધિકારીઓના ડેટા મુજબ, વાયરસને કારણે મોંઘવારીનો દર ગયા આઠ વર્ષની ટોચે છે. ચીનમાં પહેલા જ અર્થવ્યવસ્થામાં સુસ્તી છે. જો કે કોરોના વાયરસને કારણે સપ્લાઈ ચેનમાં રોક લાગી ગઈ છે. મોટા ભાગના શહેરોમાં લોકડાઉન છે. એટલે કે કેટલીક જગ્યાઓ પર યાત્રા અને વેપાર પર ખરાબ અસર પડી રહી છે. ખાણી-પીણીની વસ્તુઓના ભાવમાં ૨૦ ટકાનો વધારો થયો છે.

આજે ફેંસલો
પહેલા પાનાથી ચાલુ

દિલ્હીના પરિણામ પર રહે તેમ છે. તેમની સામે સૌથી વધુ ઉમેદવારો ઉભા છે.

આ વખતે પણ ઈવીએમથી મતદાન થયું હોવાથી બપોરના ૧૨ વાગ્યા સુધીમાં પરિણામ જાહેર થઈ જશે. કોની સરકાર બની રહી છે તે ટ્રેન્ડ પણ ૧૦ વાગ્યાની આસપાસ જોવા મળશે. ૭૦ બેઠકો માટે ૬૭૨ ઉમેદવારો મેદાનમાં છે. વિવિધ એક્ઝીટ પોલમાં દરેક દ્વારા આમઆદમી પાર્ટી(આપ)ની ફરીથી સરકાર બને તેવી આગાહી કરવામાં આવી છે. સવારના ૮ વાગ્યાથી જે તે સ્ટ્રોંગરૂમમાંથી ભારે સુરક્ષા વચ્ચે ઈવીએમ મતગણતરી સ્થળે લાવવામાં આવશે. ઈવીએમમાં કોઈ ગરબડ ના થાય તે માટે સત્તાધારી આપ પાર્ટી દ્વારા સ્ટ્રોંગ રૂમની બહાર ચોવીસે કલાક ચોકી પહેરો રાખવામાં આવ્યો હતો. જો કે ચૂંટણી પંચ દ્વારા જ્યાં ઈવીએમ રખાયા હતા તે તમામ સ્ટ્રોંગરૂમ ખાતે જડબેસલાક સુરક્ષ વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. જેથી કોઈ પણ પક્ષ કે ઉમેદવારને ફરિયાદ કરવાની કોઈ તક જ ના મળે.

૮ ફેબ્રુઆરીના રોજ એક જ તબક્કામાં તમામ ૭૦ બેઠકો માટે મતદાનની પ્રક્રિયા હાથ ધરાઈ હતી. ગઈ વખતે ૨૦૧૫માં ૬૭.૧ ટકા મતદાન નોંધાયું હતું. આ વખતે ૬૨.૫૯ ટકા મતદાન નોંધાતા ગઈ વખત કરતાં ૫ ટકા ઓછુ મતદાન થયું હોવાથી અને ઈવીએમ મશીન દ્વારા મતદાન થયું હોવાથી ખૂબ ઝડપથી પરિણામ જાહેર થવાની આશા આપ, ભાજપ અને કોંગ્રેસના નેતાઓ રાખી રહ્યાં છે.

કુલ ૧૩,૭૮૦ મતદાન મથકો ખાતે મતદાન હાથ ધરાયું હતું. ૭૦ બેઠકોમાંથી જે પક્ષને બહુમતિ મળસે તે સરકાર બનાવશે. સરકાર બનાવવા માટે ૭૦માંથી કમ સે કમ ૩૬ બેઠકો જરૂરી છે.

ગઈ વખતના પરિણામ પર નજર નાંખીએ તો પાંચ વર્ષ પહેલાં ૨૦૧૫માં યોજાયેલી ચૂંટણીમાં સૌને નવાઈ પમાડે તેમ નવી-સવી આપ પાર્ટીને ૭૦માંથી ૬૭ બેઠકો મળી હતી અને ભાજપને માત્ર ૩ જ બેઠકો મળી શકી હતી. જ્યારે સૌથી જુની પાર્ટી કોંગ્રેસને ૭૦માંથી એકપણ સીટ મળી નહોતી. આ વખતે એક્ઝીટ પોલમાં ફરીથી આપ પાર્ટીની સરકાર બનવાના અનુમાનો વચ્ચે ભાજપે ૪૦થી વધારે બેઠકો સાથે સરકાર બનાવવાનો દાવો કર્યો છે. કોંગ્રેસ દ્વારા બહુમતિનો કે પછી સરકાર બનાવવાનો કોઈ દાવો કરાયો નથી.

દિલ્હી બાદ
પહેલા પાનાથી ચાલુ

બગીચાના કૃષિ આવકવેરાને માફ કરવાનો પ્રસ્તાવ મૂક્યો.

રાજ્ય સરકારે નવી યોજના શરૂ કરી છે, આ યોજનાનું નામ છે 'બંધુ પ્રકલ્પ'. આ યોજના અંતર્ગત અનુસૂચિત જાતિ સમુદાયના ૬૦ વર્ષથી વધુ ઉંમરના લોકોને, જેઓ અન્ય કોઈ પેન્શન યોજના હેઠળ આવરી લેવામાં આવતા નથી, તેઓને માસિક ૧૦૦૦ રૂપિયા પેન્શન આપવામાં આવશે.

મુખ્યમંત્રી મમતા બેનર્જીએ બજેટ બાદ પત્રકારો સાથે વાતચીત કરતાં કહ્યું કે હાલનાં દિવસોમાં કેન્દ્ર કોઈ નિર્ણય લેતા પહેલા રાજ્યોની સલાહ લેતું નથી. તેમણે કહ્યું કે આર્થિક સ્થિતિ સુધારવા માટે સૌએ સાથે મળીને કામ કરવું જોઈએ, જો જરૂરી હોય તો વડા પ્રધાને વિરોધી પક્ષો સાથે વાત કરવી જોઈએ. મમતા બેનર્જીએ કહ્યું કે, 'કેન્દ્ર સરકારે નફરતના રાજકારણમાં વ્યસ્ત રહેવાને બદલે અર્થવ્યવસ્થા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ'.

એટ્રો સીટી કેસ
પહેલા પાનાથી ચાલુ

જસ્ટિસ અરૂણ મિશ્રા, જસ્ટિસ વિનીત શરણ અને જસ્ટિસ રવિન્દ્ર ભટ્ટે ૨-૧થી ચુકાદો આપ્યો હતો.

૨૦ માર્ચ ૨૦૧૮માં સુપ્રીમ કોર્ટે એસસી/એસટી એક્ટના દુરૂપયોગને પગલે તેમા મળતી ફરિયાદો પર તરત એફઆઈઆર અને ધરપકડ પર રોક લગાવી હતી. જે બાદ સમગ્ર દેશમાં આંદોલન થયા હતા. જેના કારણે સુપ્રીમ કોર્ટે જ પોતાનો નિર્ણય પરત લીધો હતો.

સુપ્રીમ કોર્ટે એસસી/એસટી એક્ટ મામલે તપાસ વિના ધરપકડ પર રોક લગાવવાનો ચુકાદો સંભળાવ્યો હતો. જેને કેન્દ્ર સરકારે ૯ ઓગસ્ટ ૨૦૧૮ના લોકસભામાં એસસી/એસટી સંશોધન વિધેયક પાસ કરીને પલટી દીધો હતો. આ સંશોધિત એક્ટ પ્રમાણે, આ કાયદા અંતર્ગત કોઈ પણ કેસ દાખલ કરવા અને ધરપકડ માટે એફઆઈઆરની જરૂરત નહી રહે. જો કે સરકારે આ નિર્ણય વિરૂદ્ધ સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી. જેના પર સુપ્રીમ કોર્ટે પોતાનો ચુકાદો સુરક્ષિત રાખ્યો હતો. જેના પર આજે સુપ્રીમ કોર્ટે પોતાનો નિર્ણય સંભળાવ્યો હતો.

દેશમાં અનુસૂચિત જાતિઓ અને જનજાતિના લોકો પર થતા અત્યાચાર અને ભેદભાવને રોકવાના હેતુથી એસસી/એસટી એક્ટ ૧૯૮૯ બનાવવામાં આવ્યો હતો. જે બાદ સમગ્ર દેશમાં આ કાયદાને લાગુ કરવામાં આવ્યો હતો. આ કાયદા અંતર્ગત એવા લોકોને સમાજમાં સમાન દરજ્જો અપાવવા માટેની જોગવાઈ કરવામાં આવી. આવા લોકો પર થતા અત્યાચારોની સુનાવણી માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી. જેથી તે પોતાની વાત ખુલી રાખી શકે.

અનામત મામલે
પહેલા પાનાથી ચાલુ

દાખલ કરવાની સલાહ પણ આપી. આ મુદ્દે સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કહ્યું કે ૨૦૧૨માં ઉત્તરાખંડમાં કોંગ્રેસની સરકાર હતી અને આ મુદ્દે ચર્ચા માટે સરકાર તૈયાર હોવાનું જણાવ્યું.

ગૃહમાં લોક જનશક્તિ પાર્ટી, જનતાદળ યુનાઈટેડ અને અપના દળ જેવા એનડીએના સાથી પક્ષોએ વિપક્ષના આરોપોને ફગાવ્યા. સાથે જ સુપ્રીમ કોર્ટના નિર્ણય અંગે અસહમતિ વ્યક્ત કરતાં સરકાર અનામતના વિષયને બંધારણની ૯મી અનુસૂચિમાં નાખવાની માગ કરી. લોકજનશક્તિ પાર્ટીના પ્રમુખ ચિરાગ પાસવાને આ મુદ્દે કહ્યું કે તેમની પાર્ટી સુપ્રીમ કોર્ટના હાલના નિર્ણયથી ખુશ નથી ત્યારે આ મામલે કેન્દ્ર સરકારે હસ્તક્ષેપ કરવો જોઈએ. સરકાર તત્કાળ સુપ્રિમ કોર્ટના આદેશને બદલે. અનામત ભેટ નથી, આ બંધારણીય અધિકાર છે.

તો સંસદીય કાર્ય મંત્રી પ્રહલાદ જોશીએ કહ્યું કે આ સુપ્રીમ કોર્ટનો નિર્ણય છે, ભારત સરકારને આ વાતથી કોઈ લેવા દેવા નથી. જ્યારે લોકસભામાં અપના દળની પ્રમુખ અનુપ્રિયા પટેલે કહ્યું કે તેમનો પક્ષ પણ સુપ્રીમ કોર્ટના નિર્ણયથી સહમત નથી. પ્રમોશનમાં અનામતને લઈને લોકસભામાં ભારે હોબાળો થયો હતો જેને પગલે ગૃહની કાર્યવાહી સ્થગિત કરવાની ફરજ પડી હતી.

ઉલ્લેખનીય છે કે, સુપ્રીમ કોર્ટે નિર્ણય કરતા કહ્યું હતું કે, સરકારી નોકરીઓમાં અનામત આપવા સરકાર બંધાયેલી નથી. કોર્ટે વધુમાં એ પણ કહ્યું કે, પ્રમોશનમાં આરક્ષણ કોઈનો મૂળ અધિકાર ન હોઈ શકે.

વિરમગામ સહિત સમગ્ર જીલ્લામાં સંત રવિદાસજીની જન્મ જયંતિની ઉજવણી કરાઇ



સંત રવિદાસજીના જીવન પર બૌધીક, પુજન, આરતી, શોભાયાત્રા સહિતના કાર્યક્રમો યોજાયા

વંદના નીલકંઠ વાસુકિયા
વિરમગામ દ્વારા

વિરમગામ સહિત સમગ્ર જિલ્લામાં માઘ પુર્ણિમાએ સંત રવિદાસજીની જન્મ જયંતિની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ પ્રેરીત સામાજિક સમરસતા સમિતી દ્વારા સંત રવિદાસજીના જીવન પર બૌધીક, પુજન, આરતી, શોભાયાત્રા સહિતના કાર્યક્રમો યોજાયા હતા. વિરમગામ શહેરના આનંદ બાલમંદિર અને કે બી શાહ સ્કુલ ખાતે સંત રિવાદસજીના જીવનચરિત્ર વિશે ઉદબોધન આપવામાં આવ્યુ હતુ અને પુજનનો કાર્યક્રમ યોજાયો હતો. માંડલ ખાતે સંત રવિદાસ જંયતિ નિમિત્તે પુજન તથા મહાઆરતીનો કાર્યક્રમ યોજાયો હતો. પાટડી ખાતે સંત રવિદાસજીની ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી અને ડો.બાબા સાહેબની પ્રતિમા પાસે આરતી, બૌધિક, પ્રસાદીનો કાર્યક્રમ યોજાયો હતો. કોયલ માતાજી મંદિર દસાડા ખાતે પણ સંત રવિદાસજીની જયંતિની ઉજવણી કરવામાં આવી હતી. રામપુરા ખાતે સૌ હિન્દુ એક માતાના સંતાન છીએ તેવા ભાવ સાથે સંત રવિદાસજીની શોભાયાત્રા કાઢવામાં આવી હતી. જીલ્લામાં સંત રવિદાસજી જન્મ જયંતિ નિમિત્તે વિવિધ તાલુકાઓમાં આયોજીત કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ, ભાઇ, બહેનો જોડાયા હતા.

જ્વેલરી શોપનાં લૂંટનો પ્રયાસ... ઝપાઝપીમાં સોનીએ એક લૂંટારૂને ઝડપી લીધો

અમદાવાદ

નિકોલનાં વિરાટનગરમાં આવેલી ક્રિષ્ના ગોલ્ડ પેલેસમાં બાઈક પર આવેલા અજાણ્યા શખ્સો દ્વારા દેશી તમંચા દ્વારા ફાયરિંગ કરીને લૂંટનો પ્રયાસ કરવામાં આવતા ચકચાર મચી જવા પામી છે. આ અંગે મળતી પ્રાથમિક માહિતી અનુસાર બાઈક પર આવેલા બે શખ્સો દ્વારા લૂંટનો પ્રયાસ કર્યો હતો. જો કે ક્રિષ્ના ગોલ્ડ નામની જ્વેલરી શોપનાં માલિકે તમામ લૂંટારૂઓનો પ્રતિકાર કર્યો હતો. જેનાં કારણે લૂંટારૂઓ ભાગવા માટે મજબુર બન્યા હતા. આ ઝપાઝપીમાં જ્વેલરી શોપનાં માલિકે એક વ્યક્તિને ઝડપી લીધો હતો. બંન્ને પક્ષે થયેલી સામસામી ઝપાઝપીમાં દુકાનનાં માલિકને પણ ઈજાઓ થઈ હતી. ઉગ્ર જપાજપીનાં કારણે લૂંટારૂઓએ ભાગવું પડ્યું હતું. જો કે માલિકે એક વ્યક્તિને ઝડપી લીધો હતો. હાલ તો ઘટના અંગે જાણ થતા ફરી એકવાર નિકોલ પોલીસ દોડતી થઈ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, નિકોલમાં લૂંટની આ બીજી ઘટના બની છે. અગાઉ સોનાનાં હોલસેલનાં વ્યાપારીને લૂંટી લેવામાં આવ્યો હતો. તે કેસનો ઉકેલ આવ્યો નથી ત્યાં ફરી બીજી લૂંટના પ્રયાસનો ગુનો બનતા નિકોલ પોલીસ દોડતી થઈ છે.

ઈકબાલગઢ હાઈવે પર કાર, ટ્રક અને લકઝરી બસનો ત્રિપલ એક્સિડન્ટ: ૪ના મોત

બનાસકાંઠા

બનાસકાંઠાના ઈકબાલગઢમાં ત્રિપલ અકસ્માત સર્જાયો હતો. કાર, લકઝરી બસ અને ટ્રક વચ્ચે સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં ૪ લોકોના મોત નિપજયા હતા. જયારે ૧૦ લોકો ઘાયલ થયા હતા. ઘાયલોને સારવારાર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. ઈકબાલગઢ ત્રિપલ અકસ્માત બાદ ૧૦૮ની ટીમ અને પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો.

ટ્રેલર અને કાર વચ્ચે અકસ્માત થતા બે લોકોના મોત નીપજ્યાં

અમદાવાદ

અમદાવાદ-ધ્રાંગધ્રા હાઈવે પર ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માત ટ્રેલર અને કાર વચ્ચે થયો હતો. અકસ્માત થતા બે લોકોના ઘટના સ્થળે મોત થયા હતા. કચોલિયા ગામના પાટિયા પાસે આ અકસ્માત થયો હતો. કારમાં સવાર ત્રણમાંથી બેના મોત થયા છે જયારે એકને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યું છે.

નવસારીના ચીખલી પાસે સ્કૂલ બસના અકસ્માતની ઘટના સામે આવી હતી. અંકલેશ્વરની અમૃતપુરા પ્રાથમિક શાળાના બાળકોમાં સાપુતારા પ્રવાસ માટે જઈ રહ્યા હતા. આ દરમિયાન બસને અકસ્માત નડ્યો હતો. રાણકુવાથી વાસંદા માર્ગ પાસે અકસ્માત થયો હતો. આ બસમાં ૫૪ જેટલા વિદ્યાર્થીઓ સવાર હતા. અકસ્માત થતા ૨૦ જેટલા વિધાર્થીઓને નાની મોટી ઈજા થઈ હતી. તમામ વિદ્યાર્થીઓને સારવાર અર્થે નવસારી સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતા. આ ઘટનામાં વધુ ઈજાગ્રસ્ત બાળકોને સુરત સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતા.

કોરોના વાઇરસની શંકાએ સિવિલમાં દાખલ યુવતીનો રિપોર્ટ નેગેટિવ આવ્યો

રાજકોટ

રાજકોટ જિલ્લાના જેતપુર પંથકની અને ચીન મેડિકલના અભ્યાસ માટે ગયેલી યુવતી થોડા દિવસ પહેલા વતન પરત આવી હતી. યુવતીને શરદી, તાવ, ઉધરસ હોય શંકાસ્પદ કોરોના વાઇરસના લક્ષણો જણાતા તેણીને સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી.

અહીં તેના લોહી, કફના નમૂના લઈ અમદાવાદ લેબોરેટરી અર્થે મોકલી દેવામાં આવ્યા હતા. જેનો રિપોર્ટ નેગેટિવ આવતા આરોગ્ય તંત્રએ પણ હાશકારો અનુભવ્યો છે. આજે તેને ડિસ્ચાર્જ મળશે.

વડોદરા કોર્પો. ૧૯ લાખનાં ખર્ચે નિમેટા વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટનો વાલ્વ બદલશે

વડોદરા

ગંદા પાણીના પ્રશ્ને નિમેટાનો વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ નંબર ૩ ખૂબ જ વિવાદમાં રહ્યો છે. પ્લાન્ટ નં.૩ વર્ષ ૨૦૦૯મા રાજકમલ બિલ્ડરએ બનાવ્યો હતો. આ પ્લાન્ટમા ખામી હોવાથી તેના કારણે શહેરીજનોને ગંદુ પાણી પીવાનો વારો આવ્યો હતો. આ પ્લાન્ટ બનાવનાર રાજકમલ બિલ્ડર્સને ત્રણ વર્ષ માટે બ્લેકલિસ્ટ કરાયો હતો અને રૂપિયા ૫૦ લાખનો દંડ પણ કરાયો હતો. આ દંડ કોર્પોરેશને હજી વસુલ કર્યો નથી. એ તો ઠીક પણ ખામીવાળા પ્લાન્ટ નં.૩ ના જુના વાલ્વને બદલીને નવા ફીટ કરવાનો ખર્ચ તેની પાસેથી વસૂલ કરવાના બદલે કોર્પોરેશન પોતે ઉઠાવશે. કોર્પોરેશન રૂપિયા ૧૮ લાખ ૮૩ હજારના ખર્ચે આ કામગીરી કરશે. વાલ્વ બદલવાનો ખર્ચનો અંદાજ ૧૪ લાખ ૪૦ હજાર હતો, પરંતુ કોર્પોરેશન વધુ ભાવનુ ટેન્ડર મંજૂર કરીને ૪ લાખ ૪૩ હજાર વધુ ચૂકવશે. સ્ટેન્ડિંગ કમિટીએ છેલ્લી ઘડીએ એજન્ડા પર આ દરખાસ્ત મૂકીને એક મંજૂર કરી દીધી હતી.

મહાકાળી મંદિર ટ્રસ્ટમાં ચાંદીનાં કૌભાંડ મુદ્દે સીઆઈડી ક્રાઈમને રજૂઆત કરાશે

પંચમહાલ

જીલ્લાનું સુપ્રસિદ્ધ યાત્રાધામ અને શક્તિ પીઠ એવા પાવાગઢના મહાકાળી મંદીર ટ્રસ્ટનાં ટ્રસ્ટીઓ દ્વારા કથિત રૂપે મંદીરના દાનમાં આવતી ચાંદીનું કૌભાંડ આચરવામા આવ્યુ હોવાની એક અરજી કલોલના એક અરજદાર દ્વારા કરવામા આવી હતી, ત્યાર બાદ આ અંગે અત્યાર સુધી કોઈ પણ પ્રકારની તપાસ કે પગલાં ન ભરાતા હાલ અરજદાર દ્વારા આ ટ્રસ્ટીઓ સામે પોલીસ ફરીયાદ દાખલ કરાવવા માટેના પ્રયત્નો હાથ ધરવામા આવી રહ્યા છે.

જેનાં ભાગ રૂપે આજરોજ અરજદાર વિરલ ગોસ્વામી અને હાલના ટ્રસ્ટના દાતા ટ્રસ્ટી કૈલાશ ઠાકોરે સમગ્ર મામલે આજે પંચમહાલ જીલ્લા પોલીસવડાને રૂબરૂમાં મુલાકાત કરી કૌભાંડી ટ્રસ્ટીઓ સામે ગુનો દાખલ કરવા રજુઆત કરી હતી. પંચમહાલ જીલ્લા પોલીસવડાએ આગામી ત્રણ દિવસમાં તપાસ કરી યોગ્ય કાર્યવાહી કરવાનું અરજદારને આશ્વાસન આપવામા આવ્યુ છે. આ સમગ્ર મામલો ટ્રસ્ટના દાતા ટ્રસ્ટી કૈલાશભાઇ ઠાકોરના ધ્યાને ત્યારે આવી હતી. જ્યારે મંદીરની ચાંદી શુદ્ધ કરવા મેલ્ટીન્ગની પ્રક્રિયામા આપવા અંગેનો અહેવાલ ટપાલ દ્વારા જાણવા મળ્યો, ત્યારે સપાટી પર આવ્યો હતો. અરજદાર અને દાતા ટ્રસ્ટી દ્વારા આ સમગ્ર મામલે પોલીસ ફરીયાદ નોંધાવવાની ગતિવિધિઓ તેજ કરવામાં આવી હતી. આગામી ત્રણ દિવસમાં પંચમહાલ પોલીસ દ્વારા જો યોગ્ય કર્યવાહી ન થાય તો સી આઈ ડી ક્રાઈમ ગાંધીનગરને રજૂઆત કરી સમગ્ર મામલે કાર્યવાહી કરવામા આવશે.

લગ્નની લાલચ આપી ત્યક્તા પર દુષ્કર્મ આચરતા ખળભળાટ

રાજકોટ

રાજકોટનાં સાધુવાસવાણી રોડ પર રહેતી ત્યકતા પર લગ્નની લાલચ આપી દુષ્કર્મ ગુજારવામાં આવ્યું હોવાની પોલીસમાં ફરીયાદ નોંધાઈ છે. ત્યક્તા સાથે આરોપીએ ફેસબુકથી સંપર્ક કર્યા બાદ પોતે પરણીત હોવા છતાં લગ્નનાં ફોર્મમાં અપરણીત તરીકે દર્શાવીને ખોટા પુરાવાઓ ઉભા કરી ફરીયાદી પોતાની પત્ની હોવાનું કહીને દુષ્કર્મ આચર્યું હતું. હાલ પોલીસે જામનગરનાં ચાર શખ્સો સામે ફરીયાદ નોંધી તપાસ શરૂ કરી છે.

જામનગરનો વતની જયદીપ દેવાયત ડવ જેણે રાજકોટની ૩૦ વર્ષિય ત્યક્તાને ફેસબુકનાં માધ્યમ થી સંપર્ક કરી લગ્નની લાલચ આપી દુષ્કર્મ આચરવાનો. સમગ્ર મામલા પર નજર કરીએ તો, રાજકોટનાં સાધુવાસવાણી રોડ પર રહેતી ૩૦ વર્ષિય ત્યક્તાએ યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં જયદિપ દેવાયત ડવ, અજય ભાદરકા, દર્શક ક્રાંગા અને અનિલ બાધિયા સામે દુષ્કર્મ અને મદદગારીનો ગુનો નોંધાવ્યો છે. ત્યારે સમગ્ર મામલે પોલીસે ગુનો નોંધી આરોપીને પકડી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

ફરીયાદી ત્યક્તાએ આપેલ ફરિયાદ મુજબ ફેસબુક પર મિત્રતા કેળવ્યા બાદ આરોપી જયદીપે પોતે અપરણીત હોવાનું કહિ પોતાની સાથે લગ્ન કરવાનું કહિ જાળમાં ફસાવી હતી. લગ્ન નોંધણીનાં ફોર્મમાં પણ આરોપી જયદિપ પરિણીત હોવા છતાં અપરણીત હોવાનું લખીને લગ્નનાં ખોટા પૂરાવાઓ ઉભા કરીને ફરીયાદી તેની પત્ની હોવાનું કહિને શારિરીક સુખ બાંધ્યું હતું. જોકે ભોગ બનનારને આરોપી પરિણીત હોવા છતાં ખોટી રીતે લગ્ન કર્યા હોવાનું અને બળજબરીથી દુષ્કર્મ આચર્યું હોવાની જાણ થતા આરોપી અને તેનાં મિત્રોએ ધમકીઓ આપી હતી. જેથી પોલીસ સ્ટેશન સુધી મામલો પહોંચ્યો હતો. હાલ પોલીસે ફરીયાદ નોંધી તપાસ શરૂ કરી છે.

સૌરાષ્ટ્ર યુનિ. ફરી વિવાદમાં... નિવૃત્ત આર્મીમેનની ભરતીને લઈ એનએસયુઆઈનો વિરોધ

રાજકોટ

છેલ્લા કેટલાક સમયથી વિવાદમાં છે. પહેલા ડમી કાંડ વિવાદમાં આવ્યો હતો. ભાજપ નેતાની જગ્યાએ કોઈ બીજા વિદ્યાર્થીએ પરીક્ષા આપી હતી. ત્યાર બાદ કોપી કાંડ ૩૧ ઉત્તરવહીમાં એક સરખાં જવાબ લખાયા હતા આ મામલે હજુ તો યુનિ. ખુલાસા કરે એ પહેલા જ હવે પરીક્ષામાં ગેરરીતિ રોકવા નિવૃત્ત આર્મીમેનની ભરતીને લઈને વિવાદના સૂર ઉઠ્યા છે. વળી ગાંધીનગરમાં બિનસચિવાલય મુદ્દો ચગ્યો હતો અને હવે એલઆરડીની ભરતી મુદ્દે મહિલાઓ છેલ્લા ૨ મહિનાથી મહિલા ઉમેદવારો ઉપવાસ ઉપર બેઠી છે ત્યારે આ નવો મુદ્દો સરકારની મુશ્કેલી વધારી શકે છે.

એનએસયુઆઈ દ્વારા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં નિવૃત્ત આર્મીમેન મૂકવામાં આવતા વિરોધના સૂર ઉઠ્યા છે. આ અંગે એનએસયુઆઈ વિરોધ પ્રદર્શન કર્યું હતુ. પરીક્ષામાં ગેરરીતિ અટકાવવા નિવૃત આર્મીમેનને મુકવાના મામલે વિરોધ શરુ થયો હતો. યુનિ.માં સીસીટીવી, સ્કવોર્ડ અને સુપરવાઈઝર ઉપલબ્ધ હોવા છતાં ખોટી રીતે નિવૃત આર્મીમેનને રાખવામાં આવ્યા છે. આ કારણે પ્રદર્શન ઉભું થયું હતું. એનએસયુઆઈ કહે છે કે, નિવૃત આર્મીમેનને રૂ. ૨૫૦ વેતન આપવામાં આવશે અને સૌરાષ્ટ્ર યુનિ. માં પહેલેથી જ સીસીટીવી, સ્કવોર્ડ અને સુપરવાઈઝર ઉપલબ્ધ હોવા છતાં ખોટી રીતે નિવૃત આર્મીમેનને રાખવામાં આવ્યા છે.

પતિએ ફોનમાં પત્નીને 'તલાક તલાક તલાક...' કહીને છૂટાછેડા આપ્યા

વડોદરા

વડોદરાના તાંદલજા વિસ્તારમાં આવેલ જાવેદ પાર્કમાં રહેતી નઝરીન શેખના નિકાહ ૨૦૦૮માં ઝારખંડમાં રહેતા ઈસ્તેખાર શેખ સાથે થયા હતા. નિકાહ સમયે નઝરીનના પિતાએ ૧૫ તોલા વજનના દાગીના, રોકડા ૫ લાખ ઉપરાંત ભેટ સોગાદો આપ્યા હતા. શરૂઆતમાં બંને પતિ પત્નીનું લગ્ન જીવન સારું ચાલી રહ્યું હતું. પરંતુ બાદમાં નઝરીનનો પતિ ઈસ્તેખાર કતાર દેશમાં કામ માટે ગયો હતો. કતારથી આવ્યા બાદ પતિ ઈસ્તેખાર અને તેના માતા પિતાએ નઝરીનને દહેજ માટે હેરાન કરવાનું શરૂ કર્યું. જેથી નઝરીન ઝારખંડથી તેના પિતાના ઘરે તાંદલજા રહેવા આવી ગઈ. જ્યાં પતિ ઈસ્તેખારને ફોન કરતા ઈસ્તેખારએ નઝરીનને ફોન પર જ ત્રણ વખત તલાક કહી છૂટાછેડા આપી દીધા. જેથી નઝરીને જે પી રોડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

વડોદરામાં ટ્રિપલ તલાકનો પહેલો મામલો સામે આવ્યો છે, જેમાં પોલીસે મુસ્લિમ મહિલા અધિકાર રક્ષણ ૨૦૧૮ની કલમ ૩ અને ૪ મુજબ ગુનો દાખલ કર્યો છે. સાથે જ દહેજ માંગવા બદલ સ્ત્રી અત્યાચાર અને દહેજની પણ કલમો લગાવી છે. પોલીસે આરોપી પતિ ઈસ્તેખાર શેખ, સસરા ઈમામુલ હક, સાસુ શહર બાનુ સામે ફરિયાદ નોધી છે. મહત્વની વાત છે ટ્રિપલ તલાકની કલમ બિન જામીનપાત્ર ગુનો છે, ત્યારે પોલીસે આરોપી પતિ સહિતના આરોપીઓને શોધવા માટે ઝારખંડ સુધી તપાસ લંબાવી છે.

રોઝ ડે પર યુવકે યુવતીને ગુલાબ આપવું ભારે પડ્યું, માતાપિતાએ કોલેજ બંધ કરાવી

અમદાવાદ

અમદાવાદ શહેરના આશ્રમ રોડ પર આવેલી કૉલેજમાં અભ્યાસ કરતી યુવતીએ સાત ફેબ્રુઆરીએ સાબરમતી રિવરફ્રન્ટ પર તેના મિત્રો સાથે ઉજવેલા રોઝ ડેના એક વીડિયોના લીધે તેના માતાપિતાએ કૉલેજ જવાનું બંધ કરાવી અને મોબાઈલ લઈ લીધો હતો. યુવતીએ આ મામલે અભયમ હેલ્પલાઈન ૧૮૧ની મદદ માંગી હતી. વીડિયોમાં જે યુવકે ગુલાબ આપ્યું હતું તેને બોલાવી પૂછતાં આ માત્ર મજાક હતી એવું તેના માતાપિતાને કહેતા યુવતીને ફોન પરત આપી કૉલેજ જવા પરમિશન આપી હતી.

ફેબ્રુઆરીમાં બીજા અઠવાડિયામાં અલગ અલગ ડે ની યુવક-યુવતીઓ ઉજવણી કરતા હોય છે. ખાસ કરીને કોલેજીયન યુવક યુવતીઓના ગ્રૂપ ભેગા મળી આ દિવસો ઉજવે છે. આશ્રમ રોડ પર આવેલી કૉલેજમાં પહેલા વર્ષમાં અભ્યાસ કરતી યુવતી ૭ ફેબ્રુઆરીએ તેની મિત્રો સાથે સાબરમતી રિવરફ્રન્ટ પર ફરવા ગઈ હતી. રોઝ ડે હોવાથી ગ્રુપમાં બધાએ ગુલાબ આપ્યા હતાં તેમાં એક યુવકે યુવતીને ગુલાબ આપ્યું હતું. દરમિયાન તેમની જ સોસાયટીમાં રહેતા એક વ્યક્તિએ યુવક-યુવતીને ગુલાબ આપતો વીડિયો ઉતારી લીધો હતો. બાદમાં આ વીડિયો યુવતીના માતાપિતા સુધી પહોંચ્યો હતો. ગુસ્સે થયેલા માતાપિતાએ યુવતીનો મોબાઈલ ફોન લઈ અને કૉલેજ જવાનું બંધ કરાવી દીધું હતું. યુવતીએ તેની મિત્રની મદદ લઈ અભયમ હેલ્પલાઈન ૧૮૧ની મદદ લીધી હતી. હેલ્પલાઈનના કાઉન્સેલરોએ યુવકને બોલાવ્યો હતો, જેની પૂછપરછ કરતા યુવકે આ માત્ર મજાક હોવાનું જણાવ્યું હતું. યુવતીના માતાપિતાને પણ સમજાવતા છેવટે તેઓએ યુવતીને કૉલેજ જવા પરમિશન આપી હતી.

જેલના દવખાનામાંથી મોબાઈલ મળી આવતા અજાણ્યા કેદી સામે ગુનો નોંધાયો

રાજકોટ

રાજકોટ જેલમાં ગમે ત્યારે મોબાઈલ ફોન, પાન મસાલા, ચાર્જર, કેબલ, તમાકુ સહિતની પ્રતિબંધીત ચીજવસ્તુઓ ળી આવે છે. થોડા દિવસ પહેલા જ જેલમાંથી માથાભારે કેદીએ ફોન કરીને વ્યાજની ઉઘરાણી માટે ફોન કર્યો હતો. ત્યારે હવે જેલના દવખાના વિભાગમાં ડોક્ટરના ઓપીડી રૂમના ટેબલના ખાનામાંથી મોબાઈલ ફોન મળી આવ્યો છે. આ ફોન અમદાવાદથી આવેલી સ્કવોડની ટીમે શોધી કાઢ્યો છે. ડોક્ટરના રૂમમાં ફોન ક્યાંથી આવ્યો? કોણે મુક્યો? કોણે-કોણે ઉપયોગ કર્યો? તે સહિતના સવાલોના જવાબો શોધવા પોલીસે તપાસ શરૂ કરી છે. પોલીસે અજાણ્યા કેદી સામે ગુનો નોંધ્યો છે.

રાજયના એડી. ડીજીપી કક્ષાના જેલવડા ડો. કે.એલ.એન. રાવની અન્ડરમાં કામ કરતી ખાસ જડતી સ્કવોડએ રવિવારે અચાનક રાજકોટ જેલમાં પહોંચી જડતી શરૂ કરતાં જેલના દવાખાના વિભાગમાં ઓપીડી રૂમના ટેબલના ખાનામાંથી ડબલ સીમની સુવિધાવાળો ચાલુ હાલતમાં પણ સિમકાર્ડ વગરનો ફોન મળી આવતાં અજાણ્યા કેદી વિરૂદ્ધ ગુનો દાખલ કરાવ્યો છે. આ બારામાં અધિક પોલીસ મહાનિર્દેશક જેલ અને સુધારાત્મક વહિવટની કચેરી અમદાવાદની જડતી સ્કવોડના જેલર ગ્રુપ-૨ દેવશીભાઇ રણમલભાઇ કરંગીયાની ફરિયાદ પરથી અજાણ્યા કેદી વિરૂદ્ધ પ્ર.નગર પોલીસ મથકમાં પ્રિઝન એક્ટની કલમો હેઠળ ગુનો દાખલ કરાવવામાં આવ્યો છે.

રબારી, ચારણ, ભરવાડ જ્ઞાતિને એસટીની યાદીમાંથી દૂર કરોઃ સાંસદોએ પીએમને લખ્યો પત્ર

ગાંધીનગર

રાજ્યના આદિવાસી સાંસદોએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને પત્ર લખ્યો છે. રબારી, ચારણ, ભરવાડ જાતીને એસટીની યાદીમાંથી દૂર કરવાની માગણી કરી છે. જેસાંસદોએ પત્ર લખ્યો છે તેમાં જશવંતસિંહ ભાભોર, ગીતા રાઠવા, મનસુખ વસાવા અને પ્રભુ વસાવાનો સમાવેશ થાય છે. ઉલ્લેખનીય છે કે, ગાંધીનગરમાં હાલ આદિવાસી પ્રમાણપત્રો મુદ્દે પણ આંદોલન ચાલી રહ્યું છે. જેમાં જે લોકોને આદિવાસીના નામે ખોટી રીતે અપાયેલા પ્રમાણપત્રો રદ કરવાની મુખ્ય માગણી છે. જેને પણ કેટલાક સાંસદોએ ખુલ્લુ સમર્થન આપ્યું છે. ગાંધીનગર ખાતે આદિવાસી અધિકાર બચાવ સમિતિ દ્વારા ધરણા કરવામાં આવ્યા છે. આદિવાસીઓની માંગ છે કે ગીર-બરડોમાં રહેતા અમુક જાતિના લોકોને ખોટી રીતે આદિવાસી બનાવી તેમને આદિવાસીના પ્રમાણપત્રો આપવામાં આવ્યા છે. તેઓ આદિવાસીના હક્ક છીનવી રહ્યાં છે. જેથી તેમના પ્રમાણપત્રો રદ કરવામાં આવે અને આવા ખોટા પ્રમાણપત્રો પર મેળવેલી નોકરીઓને પણ રદ કરવામાં આવે. જો આવું નહીં થાય તો આવનારા સમયમાં વધુ ઉગ્ર આંદોલન કરી સરકારને ઘેરવામાં આવશે. આ આંદોલનમાં પૂર્વ સાંસદ રામસિંગ રાઠવાએ પણ આંદોલનને સમર્થન કર્યું હતું.

લીંબડીના ગેડી ગામમાં વિજ્ઞાન જાથાનો ચમત્કારોથી ચેતો કાર્યક્રમ યોજાયો

ભારતમાં મંત્ર-તંત્ર દુનિયામાં યંત્ર ચાલેઃ વિજ્ઞાન જાથા

અમદાવાદ

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટ, તાલુકા પંચાયત લીબડી, ગેડી ગ્રામ પંચાયત દાતાઓના સહયોગથી લીંબડી કેળવણી મંડળ સંચાલિત શ્રી એ. આર.એસ. સખીદા આર્ટસ, સી.સી. ગેડીવાળા કોમર્સ કોલેજ, સી.સી. હોમ સાયન્સ કોલેજ લીંબડીના સંયુક્ત ઉપક્રમે રાષ્ટ્રીય સેવા યોજના અંતર્ગત અનેકવિધ કાર્યક્રમોમાં ગ્રામજનો, જનસમાજમાં અંધશ્રદ્ધા નિવારણનો ભારત જન વિજ્ઞાન જાથાનો ચમત્કારોથી ચેતો લોકજાગૃતિ કાર્યક્રમ સફળતાથી સંપન્ન થયો હતો. ગ્રામજનોને ખગોળશાસ્ત્ર સત્ય અને જયોતિષશાસ્ત્ર અસત્ય સંબંધી વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. ભારતમાં મંત્ર-તંત્ર દુનિયામાં યંત્ર ચાલે છે તેના દાખલા આપવામાં આવ્યા હતા. કાર્યક્રમનું વૈજ્ઞાનિક પદ્ધતિથી ઉદ્ઘાટન તાલુકા પંચાયતના ઉપપ્રમુખ હરપાલસિંહ રાણાએ કરી અંધશ્રદ્ધામાંથી બહાર આવવા સાથે વિજ્ઞાનની પ્રગતિની વાત કરી હતી.

મંચ ઉપર આગેવાનોમાં સેનેટ મેમ્બરડૉ. કિરપાલસિંહ પરમાર, લાલુભા રાણા, તખુભા રાણા, પૃથ્વીરાજસિંહ, વિરેન્દ્રસિંહ, વિજયસિંહ હાજર રહીને કોલેજના કાર્યક્રમથી ગામમાં ઉત્સાહ જોવા મળે છે. અંધશ્રદ્ધામાંથી માનવજાતને બરબાદી મળી છે તેથી જાગવાની જરૂર છે.કોલેજના પ્રોગ્રામ ઓફિસર ડૉ. કિશોરભાઈ ભેંસાણીયાએ ગેડી ગામમાં કરવામાં આવતી વિવિધ પ્રવૃત્તિઓનો ચિતાર આપ્યો હતો. આ વર્ષે જાથાનો કાર્યક્રમ ગ્રામજનો માટે લાભકારક નીવડ્યો અને યુવાનોમાં નવો સંચાર જોવા મળ્યો હતો.જાથાના રાજય ચેરમેન અને એડવોકેટ જયંત પંડયાએ ગ્રામજનોને સંબોધતા જણાવ્યું કે દુનિયાના યુરોપના દેશના લોકોએ વિજ્ઞાન અભિગમ-દ્રષ્ટિકોણ અપનાવી, પુરુષાર્થને પ્રાધાન્ય આપી યંત્રો સ્થાપીને પોતાની દેશની અસાધારણ પ્રગતિ કરી છે તે આપણે નજરે જોઈએ છીએ. જયારે ભારતના લોકો આજે પણ મંત્ર, તંત્ર, અંધશ્રદ્ધા અને ચમત્કારો અને કર્મકાંડ-ક્રિયાકાંડોમાં ફસાયેલા જોઈએ છીએ જેનું જાથાને ભારોભાર દુઃખ છે.

પશુપાલકોને મોટો ફટકોઃ ડેરીએ પ્રતિ કિલો ફેટે રૂ.૨૦નો ઘટાડો કર્યો

રાજકોટ

રાજકોટ ડેરીમાં દૂધ આપતાં પશુપાલકો માટે માઠા સમાચાર છે. પશુપાલકોને દૂધના કિલો ફેટે મળતાં ભાવમાં રાજકોટ ડેરી દ્વારા રૂ. ૨૦નો ઘટાડો કરવામાં આવ્યો છે. મંડળીઓને પ્રતિ કિલો ફેટે રૂ.૬૪૦ના બદલે હવે ફક્ત રૂપિયા ૬૨૦ જ મળશે. મંડળીઓ પશુપાલકોને રૂ. ૬૧૫ ચૂકવશે. રાજકોટ ડેરી દ્વારા કર ૫૦ હજાર દૂધ ઉત્પાદકોને અસર થશે.

ગુજરાતમાં ખેડૂતો બાદ હવે પશુપાલકોનો વારો આવ્યો છે. ખેડૂતોને શાકભાજીનાં પૂરતાં રૂપિયા ન ઉપજયા, અને હવે ગુજરાતમાં દૂધનો વારો આવ્યો. માર્કેટમાં દૂધનો ભાવ વધ્યો પણ પશુપાલકો માટે દૂધનો ભાવ ઘટ્યો છે. એકબાજુ કેન્દ્ર સરકાર દ્વારા પશુપાલનના વિકાસ માટે પ્રયાસો કરી રહી છે. ત્યાં બીજી બાજુ રાજકોટ ડેરી દૂધ ખરીદીમાં ભાવ ઘટાડો કરીને હજારો પશુપાલકોને નુકસાન પહોંચાડી રહી છે.

રાજકોટ ડેરી દ્વારા પ્રતિ કિલો ફેટે ૬૪૦ રૂપિયા આપવામાં આવતા હતા. જે હવેથી ફક્ત ૬૨૦ રૂપિયા આપવામાં આવશે અને તે મંડળીઓને મળશે. જયારે મંડળીઓ પશુપાલકોને તો ફક્ત ૬૧૫ રૂપિયા ચૂકવવામાં આવશે. એટલે કે પશુપાલકો માટે આ ઘટાડો તો ૨૫ રૂપિયાનો થયો. પશુપાલન હાલની પરિસ્થિતિમાં ખુબ જ ખર્ચાળ બનતું જાય છે. અને તેમાં પણ ડેરીઓ દ્વારા કિલો ફેટે પૈસા ઘટાડવામાં આવતાં પશુપાલકો માટે ખરાબ સમય આવી જશે. ગુજરાતમાં એકબાજુ ખેડૂતોની કમર તૂટી ગઈ છે. અને હવે પશુપાલકોની સ્થિતિ પણ ખરાબ થઈ જશે.

'ઈડરીયો ગઢ' પ્લાસ્ટિક મુક્ત બનશે, પર્યાવરણ પ્રેમીઓએ તિરંગા સાથે સફાઈ કરી

હિંમતનગર

ઐતિહાસિક ધરોહર એવા 'ઈડરીયા ગઢ'ને પ્લાસ્ટિક મુક્ત બનાવી, અન્ય લોકો પણ પોતાના ધરોહરની જાણવણી માટે આગળ આવે તે હેતુ સંદેશો આપવા માટે આ અભિયાન યોજવામાં આવ્યું હતું. તિરંગા સાથે 'ઈડરીયા ગઢ'ને સાફસફાઈ કરવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં પર્યાવરણપ્રેમીઓ જોડાયા હતા.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું "સ્વચ્છ ભારત...સ્વસ્થ ભારત"નું સપનું સાકાર કરવા તથા "સ્વચ્છતા ત્યાં પ્રભુતા"ની કહેવતને યથાર્થ કરવા તેમજ મનુષ્ય માટે ખતરનાક એવા પ્લાસ્ટિકનો નાશ કરવા માટે ઈડરના પર્યાવરણ પ્રેમીઓ દ્વારા એક અભિયાન હાથ ધર્યું હતું. આજના આ કાર્યક્રમમાં સેવાકીય પ્રવૃતિઓ સાથે જોડાયેલ વિવિધ સંસ્થાઓના લોકો સ્વયંભૂ જોડાયા હતા.

આ અભિયાનમાં જોડાયેલા પચાસથી વધુ લોકોએ ઈડરીયા ગઢની તળેટીથી લઇ રૂઢિ રાણીના માળીયા સુધી વેસ્ટ પ્લાસ્ટિક એકત્રિત કર્યુ હતું. આજના આ અભિયાનમાં જોડાયેલા લોકોએ દિવસ દરમિયાન ૨૫ કોથળા જેટલો પ્લાસ્ટિકનો કચરો એકત્રિત કર્યો હતો.

સફાઈ અભિયાનમાં જોડાયેલા યુવાનોએ રૂઠીરાણીના માળીયા ઉપર જવાના તુટેલા પગથિયાંમાં પથ્થરો મૂકી હાલ પુરતો આવવા જવાનો રસ્તો ચાલુ કર્યો હતો. અભિયાનમાં જોડાયેલા લોકોએ લોકોને પ્લાસ્ટિકનો નહીંવત ઉપયોગ કરવા તેમજ તેનો યોગ્ય નિકાલ કરવા અપીલ કરી હતી.

એફોર્ડેબલ આવાસ યોજના માટે 'ગ્રીન બિલ્ડીંગ' સર્ટિફીકેટ પ્રાપ્ત કરનાર રાજકોટ દેશનું પ્રથમ શહેર

રાજકોટ

પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત એફોર્ડેબલ પ્રકારની યોજના માટે કેન્દ્રીય નોડલ એજન્સી દ્વારા ગ્રીન બિલ્ડીંગ સર્ટિફિકેટ પ્રાપ્ત કરનાર રાજકોટ શહેર દેશનું પ્રથમ શહેર બન્યું છે. આ યોજના અંતર્ગત શહેરના વેસ્ટઝોન વિસ્તારમાં સ્માર્ટઘર ૩ યોજના અંતર્ગત ૧૧૭૬ આવાસોની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.

આ પ્રોજેક્ટમાં યુનિક, ઈનોવેટીવ, આરામદાયક અને ઉર્જા કાર્યક્ષમ ડીઝાઈન બનાવવા માટે બિલ્ડીંગ ડીઝાઈનના ફીચર્સમાં ટેકનીકલ ફેરફાર કરીને ઘરના અંદરનું તાપમાન ૩૦થી ૩૧ ડીગ્રી વચ્ચે રહે તે મુજબ સ્થાનિકે કામગીરી કરી છે. જે માટે દરેક બિલ્ડીંગમાં બહારની દક્ષીણ બાજુએ કેવીટીવોલનુ આયોજન કરવામાં આવ્યું છે. તેમજ બારીઓની ઓપનેબલ ડીઝાઈન, વેન્ટીલેશન શાફ્ટ, વગેરે સામેલ છે. તેમજ ગ્રીન બિલ્ડીંગના પ્રિન્સિપલ્સને ધ્યાને રાખીને ઉર્જાના સામાન્ય ઉપયોગ માટે સોલાર પીવી સીસ્ટમ, વરસાદી પાણીના બચાવ માટે રેઈન વોટર હાર્વેસ્ટિંગ અને બિલ્ડીંગ લે-આઉટમાં ગ્રીન સ્પેસનું આયોજન કરવામાં આવ્યું છે. ચણતર માટે એએસી બ્લોક્સનો ઉપયોગ કરવામાં આવ્યો છે. તે સાથે યોજનાને ઈકોલુઝીવ બનાવવા માટે આંગણવાડી અને શોપિંગ સેન્ટરનું આયોજન કરવામાં આવ્યું છે.

સસ્તા સોનાની લાલચ આપી ભત્રીજાએ કાકા સાથે કરી ૨૬ લાખની છેતરપિંડી

નડીયાદ

બિકાનેરમાં રહેતા પ્રેમરતન ભંવરલાલ સોની લાંબા સમયથી સોના-ચાંદીનો વેપાર કરી રહ્યા છે. થોડા દિવસો પહેલા પ્રેમરતનનો ભત્રીજો આશિષ તેમને મળવા તેમના ઘરે આવ્યો હતો અને પોતાના લગ્નજીવનની સમસ્યા વિશે જણાવ્યું હતું. પ્રેમરતનભાઈએ ભત્રીજાની વાત સાંભળી છોકરીવાળાને ત્યાં સમાધાન કરાવવા માટે અમદાવાદ આવ્યા હતા. ત્યારે આશિષે તેનો મિત્ર કસ્ટમમાં પકડાયેલું સોનું સસ્તા ભાવે વેચવા માંગે છે તેમ કહી કાકાને લાલચ આપી હતી. પ્રેમરતને પણ લગભગ અડધી કિંમતમાં સોનું મળતું હોવાથી આશિષની વાતોમાં આવી ગયા અને વિચાર્યા વગર તેને ૨૬ લાખ રૂપિયા આપી દીધા હતા.

પૈસા લઈ આશિષ એકલો સોનું લેવા માટે ગયો હતો. થોડા સમય બાદ આશિષે કાકાને ફોન કરી આપણી સાથે છેતરપિંડી થઈ છે તેમ કહ્યું હતું. ફોન પર વાત સાંભળી પ્રેમરતન આઘાતમાં આવી ગયા હતા. આશિષે પ્રેમરતને નુકસાનના અડધા પૈસા હું આપી દઈશ તેમ કહ્યું હતું. જો કે અત્યાર સુધી તેના તરફથી કોઈ પૈસા ન મળતા અંગે પ્રેમરતને પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

ટ્રમ્પ ગાંધી આશ્રમ જશે... મોટેરામાં ચૂસ્ત સુરક્ષા, ૧૦ કિમી સુધીના વિસ્તારનું સ્કેનિંગ

અમદાવાદ

ફેબ્રુઆરી મહિનાના અંતમાં અમેરિકાના રાષ્ટ્ર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિશ્વના સૌથી મોટા ક્રિકેટ સ્ટેડિયમ મોટેરાની મુલાકાતે આવશે. જેને લઈ તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. ક્રિકેટ સ્ટેડિયમમાં અત્યારથી જ ચૂસ્ત સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. સ્ટેડિયમની અંદરના વિસ્તારમાં કોઈપણ વ્યક્તિને પાસ વિના પ્રવેશ આપવામાં આવતો નથી. તેમજ જે રૂટ પરથી ડોનાલ્ડ ટ્રમ્પ અને મોદી પસાર થવાના છે તે તમામ જગ્યાના રેસિડેન્ટ એરિયાનું સ્કેનિંગ કરવામાં આવી રહ્યું છે. ભાટ રોડથી શરૂ કરીને સાબરમતી ટોલનાકા, પરિમલ અને કોટેશ્વર વાળો રોડ, મોટેરા ગામ અને સ્ટેડિયમ સહિત અંદાજે ૧૦ કિલો મીટર જેટલા વિસ્તારનું સ્કેનિંગ કરવામાં આવી રહ્યું છે.

મોદી-ટ્રમ્પની સંભવિત મુલાકાતને લઈ મ્યુનિસિપલ કમિશ્નરે મહત્વનો પરિપત્ર કરી કોર્પોરેશનના વિવિધ વિભાગોના વડાઓને સોંપાઇ છે. આ પરિપત્રમાં કોઈ ચોક્કસ તારીખનો ઉલ્લેખ નથી. મોટેરા સ્ટેડીયમ ઉપરાંત ગાંધી આશ્રમનો પણ પરિપત્રમાં ઉલ્લેખ છે. આમ ટ્રમ્પ ગાંધી આશ્રમની મુલાકાત લેશે તે વાત પણ નક્કી થઈ ગઈ છે. કોર્પોરેશનના અધિકારીઓને મોટેરા સ્ટેડિયમને જોડતા તમામ રોડ તથા ગાંધી આશ્રમ અને મહાનુભાવોની મુલાકાતના રૂટના તમામ રોડ રિપેર કરવાની અને સાફ-સફાઈ કરવાની કામગીરી, સ્ટેડિયમની આસપાસ બસો માટે અન્ય લોકો માટે તથા અન્ય જિલ્લામાંથી આવનાર બસો અને વાહનોના પાર્કિંગ પ્લોટની ઓળખ કરી તેના લેવલિંગ સહિતની કામગીરી, કાર્યક્રમ સ્થળે જરૂરી બસની વ્યવસ્થા, મહાનુભાવોની મુલાકાત સંદર્ભે એરપોર્ટ સર્કલથી ગાંધી

સ્ટેડિયમની આસપાસના તમામ બંગલોઝ, સોસાયટી, ફ્લેટ, ચાલી અથવા તો સિંગલ મકાન હોય તેનો સર્વે કરવામાં આવી રહ્યો છે. આ સર્વે ચાંદખેડા પોલીસ, સાબરમતી પોલીસ તેમજ ઝોન ૨નો પોલીસ સ્ટાફ ઘરે ઘરે જઈ કરી રહી છે. ઘરમાં કેટલા સભ્યો છે, ક્યાંના રહેવાસી છે, કેટલા સમયથી રહે છે, ભાડૂઆત છે કે પોતાનું મકાન છે?, ભાડૂઆત છે તો કેટલા સમયથી રહે છે તેની પોલીસ સ્ટેશનમાં નોંધ કરી છે કે કેમ તે તમામ વિગતો મેળવી તેનો ડેટા બનાવવામાં આવી રહ્યો છે. ઉપરાંત પોલીસ ૧-૨ મહિનામાં કે ૧૫ દિવસથી ભાડે રહેવા આવ્યા હોય તો તેવા તમામ લોકોની સઘન તપાસ ચલાવી રહી છે.

સમસ્ત યુવા કોળી સમાજ સેવા સંગઠન – મહુવા દ્વારા પોસ્ટર પ્રદર્શન તથા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન



ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના ડુંડાસ ગામે તળપદા કોળી જ્ઞાતિ સમુહ લગ્ન કમિટી દ્વારા આયોજીત દ્વિતીય સમુહ લગ્નનું આયોજન કરવામાં આવ્યું હતું. સમાજમાં લોક જાગૃતિ લાવવા માટે વિશ્વની સમસ્યાઓ જેવી કે એચ.આઈ.વી./એઈડ્સ, ટી.બી., વ્યસનમુકિત, કેન્સર, પ્રદુષણ, પર્યાવરણ, ટ્રાફિક, સેનીટેશન, હેન્ડવોર્શ, શિક્ષણ, બેટી પઢાવો, બેટી બચાવો, દિવ્યાંગો, વૃક્ષો બચાવો, રક્તદાન, થેલેસેમિયા, બાળ લગ્ન, બાળમજુરી, પાણી બચાવો, બાળ અધિકારો, દેહદાન, ચક્ષુદાન, સ્વચ્છતા, અંધશ્રધ્ધા, જેવા વિષયો ધ્યાને રાખીને પોસ્ટર પ્રદર્શન કેમ્પ કરવામાં આવ્યો હતો. તથા નવકાર ચેરીટેબલ ટ્રસ્ટ - મહુવા (બ્લડબેંક મહુવા) ના સહયોગથી બ્લડ ડોનેશન કેમ્પ કરવામાં આવ્યો હતો. જે રકતદાતા એ રક્તદાન કર્યું તે તમામ રક્તદાતાઓને પ્રમાણપત્ર તથા પ્રોત્સાહીત ભેટ નવકાર ચેરીટેબલ ટ્રસ્ટ (બ્લડબેંક મહુવા) દ્વારા આપવામાં આવી હતી. ડોકટર તેજુબેન સરવૈયા (મેડીકલ ઓફીસર) દ્વારા ઈમરજન્સી સારવાર આપી હતી. સ્વયં સેવક તરીકે ગોહીલ સાગરભાઈ, મકવાણા મેહુલભાઈ, તથા ગોહિલ બકુલભાઈ અને તેમનો સ્ટાફ (પ્રોજેકટ મેનેજર સરદાર પટેલ સ્નાતક મિત્ર મંડળ – મહુવા) જોડાયા હતા. સમાજમાં લોક જાગૃતિ લાવવા પોસ્ટર પ્રદર્શન તથા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન મકવાણા નરેન્દ્ર (સામાજિક કાર્યકર) દ્વારા કરવામાં આવ્યું હતું.

સરકારી કચેરીમાં બની છેતરપિંડીની ઘટના...

કલાસ-૧ અધિકારી સાથે મિત્રતા કેળવી સહકર્મી મહિલાએ ૨૫ લાખની ઠગાઈ કરી

ગુજરાતમાં છેલ્લાં ઘણા સમયથી છેતરપિંડીઓની ઘટનામાં વધારો થયો હોવાનું જોવા મળી રહ્યું છે. ત્યારે હવે સરકારી કચેરીમાં પણ અધિકારીઓ એકબીજા સાથે છેતરપિંડી કરતાં હોવાની ઘટના બહાર આવી છે અને આ અંગેની અરજી પોલીસ ચોપડે નોંધાઈ છે.

આ અંગેની વિગત પર નજર નાંખીએ તો, જુના સચિવાલયમાં ફરજ બજાવતાં કલાસ વન અધિકારી સાથે તેમની સમકક્ષનો હોદ્દો ધરાવનાર કલાસ ૧ના મહિલા અધિકારી દ્વારા કથિત છેતરપિંડી કરાઈ હોવાની અરજી આપવામાં આવી છે.

હાં, તમને સાંભળીને નવાઈ જરૂર લાગશે, ગાંધીનગરમાં જુના સચિવાલય હિસાબી તિજોરી વિભાગમાં ફરજ બજાવતા અધિકારી ઉમેશ ઓઝા સાથે છેતરપિંડી થતા તેમને ગાંધીનગર એસ.પી.ઓફિસમાં ફરિયાદ દાખલ કરવા અરજી કરેલ છે, તેમની સાથે ફરજ બજાવતા મહિલા અધિકારી ચારુબેન ભટ્ટ વિરુદ્ધ ફરિયાદ નોંધવા અરજી કરેલ છે, ઉમેશ ઓઝાએ જીએનએસ સાથેની વાતચીતમાં જણાવ્યું કે ચારુબેન ભટ્ટ સાથે છેલ્લા ૧૭ વર્ષથી મિત્રતા હતી ચારુબેન ભટ્ટે મિત્રતાનો ગેરલાભ ઉઠાવી તેમની પાસેથી થોડાં થોડાં કરી અંદાજે ૨૫ લાખ રોકડા તેમજ બેંક મારફતે લીધા છે. આ મહિલા અધિકારીએ એવી ખાતરી આપી હતી કે તેઓ તેમના ઉછીના નાણાં મારી સગવડ હું પરત આપી દઈશ પરંતુ આજ સુધી આ રૂપિયા પરત નહિ મળતા ઉમેશ ઓઝા દ્વારા ફરિયાદ દાખલ કરવામાં આવી છે,

ફરિયાદમાં ૨૫ લાખ રૂપિયાની તેમજ ૨૦૦ ગ્રામ સોનાની ફરિયાદ નોંધવા માટે અરજી કરવામાં આવી છે.ત્યારબાદ ઉમેશ ઓઝાએ વધુ જણાવતા કહ્યું કે ચારુબેન ભટ્ટ દ્વારા મારી સમક્ષ ખોટી ફરિયાદો નોંધવામાં આવી છે અમને મારી નાખવાની ધમકી પણ આપેલ છે, ઉમેશ ઓઝાએ જણાવ્યું કે મારી અરજી દાખલ કરી આઈપીસીની કલમ ૪૨૦ અને અન્ય સંબંધિત કલમો લગાવી તટસ્થ તપાસ કરવામાં આવે. નાણાંકિય વ્યવહારના તમામ પુરાવા મારી પાસે છે,આની તટસ્થ તપાસ થાય તો બીજા કોઈ અધિકારીઓ છેતરપિંડીના ભોગ ના બને તેવી તેમની માંગ છે,

ત્યારબાદ જી.એન.એસ દ્વારા મહિલા અધિકારી ચારુબેન ભટ્ટનો ટેલિફોનિક સંપર્ક કરવામાં આવતા તેમણે એવો જવાબ આપ્યો કે, તેઓ સરકારી અધિકારી છે, હું મીડિયા સમક્ષ આ બાબતે કાંઈ કહેવા માંગતી નથી, મારે જે કહેવું હશે તે હું મારી ઓથોરિટી સમક્ષ કહીશ. આમ જેમની સામે ફરિયાદ છે તે ચારુ ભટ્ટે પણ મીડિયા સમક્ષ ચુપ્પી સાધી લીધી છે, ત્યારે સવાલ એ છે કે ઉમેશ ઓઝા પણ સરકારી કલાસ વન અધિકારી છે તે મીડિયા સમક્ષ આવી શકતા હોય તો ચારુ ભટ્ટ કેમ નહીં..? શુ ઉમેશ ઓઝા એ જે આક્ષેપો કર્યા તે સાચા છે.? એટલે ચારુ ભટ્ટ મીડિયા સમક્ષ કાંઈ બોલવાની ના પાડે છે..? આ તમામ સવાલના જવાબ પોલીસ તપાસ બાદ જ માલુમ પડશે.

ATSને મોટી સફળતાઃ ૧૫૦૦ કરોડના ડ્રગ્સ કેસના મુખ્ય આરોપી મુનાફ હલારીની ધરપકડ

અરવલ્લી

ગુજરાતની એન્ટી ટેરરિસ્ટ સ્કવોડને ૧૫૦૦ કરોડ ડ્રગ્સ કેસ મામલે સૌથી મોટી સફળતાં પ્રાપ્ત થઈ છે. ગુજરાત એટીએસ દ્વારા ઈન્ટરનેશનલ ડ્રગ મુનાફ હલારી મુસાને પાકિસ્તાની પાસપોર્ટ સાથે મુંબઈ એરપોર્ટ પરથી દબોચી લેવામાં આવ્યો છે. રૂ.૧૫૦૦ કરોડના ડ્રગ્સ કેસનો તે મુખ્ય સંદિગ્ધ છે. એટલું જ નહીં, મુનાફ મુસા ૧૯૯૩ના મુંબઈ બોમ્બ બ્લાસ્ટનો પણ આરોપી છે.

૨૦૧૮ના અંતમાં જામનગર પાસેથી ૧૫૦૦ કરોડનો હેરોઈનનો જથ્થો ગુજરાત એટીએસ દ્વારા જપ્ત કરાયો હતો. જેમાં અઝીઝ અને રફીફ નામના બે શખ્સોની ધરપકડ કરવામાં આવી હતી. પાકિસ્તાનથી ડ્રગ્સનો જથ્થો લઈ ગુજરાતના દરિયાકાંઠે ઉતારી ઉંઝાથી જીરૂ અને મસાલાના ટ્રકોમાં છુપાવી પંજાબમાં સપ્લાય કરવાનો હતો. પણ તે અગાઉ જ એટીએસ દ્વારા આ ડ્રગ્સ રેકેટને દબોચી લેવામાં આવ્યું હતું.

થોડા સમય અગાઉ જ આ કેસના છેલ્લા બે વર્ષથી નાસતા ફરતા મુખ્ય આરોપી સિમરનજીતસિંઘ સંધૂની ઈન્ટરપોલની રેડકોર્નર નોટીસના આધારે ઈટાલીથી ધરપકડ કરાઈ હતી. ઈટાલીથી જ સમગ્ર નેટવર્ક સંભાળતો સિમરનસિંઘ ત્યાં પકડાયો હોવાની માહિતી મળતા હવે એટીએસની ટીમ દ્વારા તેનો કબ્જો મેળવવા માટેની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

ભરૂચ નારાયણ વિદ્યાવિહારમાં વિદ્યાર્થીઓનો દીક્ષાંત સમારંભ

સફળતા માટે ઈનોવેટિવ આઈડીયાનો અમલ કરોઃ રાજેશ ધામેલિયા

સુરત

નારાયણ વિદ્યાવિહાર-ભરૂચમાં આજે ધો.૧૨ના વિદ્યાર્થીઓના દીક્ષાંત સમારોહનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.કાર્યક્રમનો શુભારંભે દીપ પ્રાગટ્ય અને પ્રાર્થના કરવામાં આવી. આજના મુખ્ય મહેમાન અને વક્તા શ્રી રાજેશભાઈ ધામેલિયાનું ધો.૧૨ના વર્ગ પ્રતિનિધિ વિદ્યાર્થીએ પુષ્પગુચ્છ દ્વારા સ્વાગત કર્યું.

આ પ્રસંગે શ્રી રાજેશભાઈ ધામેલિયાએ જણાવ્યું હતું કે, દીક્ષાંત સમારોહ ગુરુકુળ પરંપરાની યાદ આપે છે. શાળાનું કાર્ય માત્ર ટકાવારી અપાવવાનું નહીં, પરંતુ વિદ્યાર્થીનું સર્વાંગી ઘડતર કરી તેને આદર્શ નાગરિક બનાવવાનું છે. આજે સૌ સફળતા પ્રાપ્ત કરવા ઇચ્છે છે. જે વ્યક્તિ ઈનોવેટિવ આઈડિયાનું અમલીકરણ કરીને સમાજને ઉત્તમ પરિણામ આપશે તે જ સફળ થશે. આજે ગુગલ, માઈક્રોસોફ્ટ જેવી વિશ્વની શ્રેષ્ઠ કંપનીનું સુકાન ભારતીય યુવાનો કરી રહ્યા છે તે દર્શાવે છે કે,આજે વૈશ્વિક લેવલે લાગવગને કોઈ સ્થાન નથી. જે સતત નવું શીખતો રહેશે; નમ્રતા,સખત પુરુષાર્થ, નિયમિતતા, સુવ્યવસ્થિત આયોજન જેવા ગુણો ખીલવશે તે જીવનમાં અવશ્ય સફળ થશે.

વિદ્યાર્થી ભાઈઓ-બહેનોએ પણ પોતાના પ્રતિભાવો વ્યક્ત કર્યા હતા. શાળાના આચાર્ય શ્રી મહેશભાઈ ઠાકરે વિદ્યાર્થીઓને પરીક્ષામાં તેમજ સમગ્ર જીવનમાં સફળ થાઓ તેવી શુભેચ્છાઓ પાઠવી હતી. તમામ વિદ્યાર્થીઓએ હાથમાં દીપક રાખીને મા સરસ્વતીની સાક્ષીએ ઉત્તમ નાગરિક બનવાના સંકલ્પ લીધા હતા. તમામ વિદ્યાર્થીઓને સ્મૃતિભેટરૂપે પેન આપવામાં આવી હતી.

વાપીમાં આયોજીત નિરંકારી સંત સમાગમમાં શ્રદ્ધાળુ ભક્તો ઉમટયા

પ્યારની સુંગધ ફેલાવવા સદ્‌ગુરુ માતાનું આહવાન

વાપી

નિરંકારી ભકતો માટે શુક્રવાર 'નિરાકાર પ્રભુ' અને 'સાકાર સદગુરૂ'ના આભારનો દિવસ રહ્યો. નિરંકારી સદ્‌ગુરુ માતા સુદિક્ષાજી મહારાજે વાપીમાં બ્રહ્મજ્ઞાનની ભેટ આપી ભ્રમ સમાપ્ત કર્યા અને પ્યારની સુગંધ ફેલાવવાનું આહ્વાન કર્યુ. શુક્રવારે ચલા સ્થિત કસ્ટમ રોડના જગન પાર્ક સદગુરૂ અને ભક્તોના મિલનના સાક્ષી બન્યો. જ્યાં જાતિ-ધર્મ, અમીર-ગરીબના ભેદ મુકીને સામાન્ય કે ખાસ દરેક એક જ મંચ પર એકત્રિત હતા. મોકો હતો નિરંકારી સંત સમાગમનો જ્યાં દરેક તબક્કાથી જોડાયેલા શ્રધ્ધાળુ હતા. દરેકમાં સામાજિક વિભિન્નતા હોવા છતાં પણ એકરસતાની ઝલક દેખાઈ રહી હતી.

સંત સમાગમમાં ઉપસ્થિત હજારો શ્રધ્ધાળુઓને સંબોધિત કરતા નિરંકારી સદગુરૂ માતા સુદિક્ષાજી મહારાજે પ્રભુ નિરંકારથી જોડાયેલા રહેવાની શીખ આપતા કહ્યું કે દરેકે બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરી લેવું જોઈએ. બ્રહ્મજ્ઞાનથી જ માનવીય ગુણો આવે છે.

સદગુરૂ માતાજીએ કહ્યું કે સત્સંગથી મુક્તિનો દ્વાર ખૂલે છે અને મુક્તિ બ્રહ્મની અનુભૂતિથી સંભવ છે. શરીરમાં જે આત્મા છે, તે પરમાત્માનો જ અંશ છે. માનવનો જન્મ પોતાના મૂળ પરમાત્માથી જોડાવા માટે થયો છે.

આગળ તેમણે કહ્યું કે, દરેક વ્યક્તિ માં પોતાનું જ રૂપ છે,જો આપણે એવું વિચારી લઈએ કે અરીસો આપણી સુંદરતા દર્શાવે છે અરીસો આપણે જોઈ લઈએ કે આપણે કેવા કાર્ય કરીએ છીએ મનુષ્ય ના જીવન માં આપણે પ્રત્યેક સાથે પ્રેમ જ કરવાનું છે કારણકે તેમના અંદર પણ એ જ પરમાત્મા છે જે આપણી અંદર છે.

સંત સમાગમમાં વાપી તેમજ તેની આસપાસના ક્ષેત્રો સહિત દમણ, બીલીમોરા, સિલવસા, ભીલાડ, સુરત, વ્યારા, કિમ, નૌગામા, નવસારી, વલસાડ, ડુંગરી, કપરાડા, પરિયા, ઉમરગામ, સાપુતારા તથા સુરત જિલ્લાના નગરો સહિત મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને દિલ્હી વગેરે સ્થળોથી પધારેલા હજારો ભક્તોમાં ગજબનો ઉત્સાહ હતો. ભક્તોનો દરેક કદમ સંત સમાગમની તરફ વધતો જોવામાં આવ્યો. સદગુરૂ માતા સુદિક્ષા જી મહારાજના દર્શન હેતુ દરેક ભક્તના ચહેરા પર ઉમંગ, ઉત્સાહ અને ઉલ્લાસ સ્પષ્ટ દેખાઈ રહ્યો હતો.

હાર્દિકની પત્નીનો સરકારને પડકાર: 'જરૂર પડશે તો ૨૦૧૫ની જેમ કાર્યક્રમો કરીશું'

અમદાવાદ

રાજદ્રોહ કેસમાં કોર્ટમાં હાજર ન થતાં જેલમાં બંધ હાર્દિક પટેલ સહિત અન્ય પાટીદાર યુવાનો પર કરવામાં આવેલાં ખોટા કેસો મામલે અમદાવાદમાં પાટીદાર અનામત આંદોલન સમિતિ દ્વારા ચિંતન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. શિબિર બાદ હાર્દિક પટેલની પત્ની કિંજલ પટેલે પ્રતિક્રિયા આપતાં જણાવ્યું કે, પાસ સમિતિ નહીં મારો પરિવાર છે. હાર્દિક અને અલ્પેશ ઉપર ખોટા કેસ કરવામાં આવ્યા છે.

અમદાવાદમાં યોજાયેલ ચિંતન શિબિરમાં અલ્પેશ કથીરીયા, મનોજ પનારા, જયેશ પટેલ, ગીતા પટેલ, સહીત તાલુકા અને જિલ્લાના કન્વિનરો સામેલ થયા હતા. આ મીટિંગ હાજર રહેલા હાર્દિક પટેલના પત્ની કિંજલ પટેલે જણાવ્યું કે, પાસ માત્ર સમિતિ જ નહીં પણ મારો પરિવાર છે. ૪ વર્ષમાં જે સફળતા મળી એનો લાભ તમામ સવર્ણ સમાજ લઈ રહ્યો છે. પણ લાભ જે રીતે મળવો જોઈએ પહોંચ્યા નથી. પરંતુ હજુ હાર્દિક અને અલ્પેશ કથીરિયા પર સરકાર ખોટા કેસ કરે છે. કઈ રીતે અમને હેરાન કરવામાં આવી રહ્યા છે એ આપ સૌ જાણો છો. પરંતુ હજુ આપણે એક નથી થયા, ક્યાંય ક્યાંક મતભેદ છે. આપણા મંતવ્ય અલગ હોઈ શકે અને મંજિલ તો એક જ હોવી જોઈએ. ભેગા થઈને લડીશું તો સમાજને ન્યાય અપાવી શકીશું. અલગ અલગ રહીશું તો બે બિલાડીના ઝઘડામાં વાંદરૂ ફાવી જશે. આપણે સડી નહિ પણ સાવરણી બનીને લડવાનું છે. એક થઈને મતભેદ દૂર કરીને લડીએ.

તો આ મામલે પનારાએ જણાવ્યું કે, જરૂર પડશે તો ૨૦૧૫ જેવું આંદોલન ૨૦૨૦માં કરીશું. એટલું જ નહીં તાલુકા-જિલ્લા પંચાયતમાં કાર્યકરો ચૂંટણી લડશે તેવું પણ પનારાએ જણાવ્યું હતું. સાથે પાસ દ્વારા જણાવવામાં આવ્યું કે, ૨૦૧૫નો એક કેસ છે, જેમાં વસ્ત્રાપુરમાં કેસ થયો તો પછી બીજી જગ્યાએ એ વ્યક્તિ ક્યાંથી હોય? સરકાર છેલ્લા ૩૦ દિવસથી એક્શનમોડ પર આવી છે. ૨૦૨૦માં હાર્દિક પટેલના સમગ્ર ગુજરાતમાં પ્રવાસ થયા તેનાથી સરકારને મુશ્કેલી પડે છે. આગામી સમયમાં તારીખ નક્કી કરીને તમામ જિલ્લા અને તાલુકા મથકે એક સાથે આવેદનપત્ર આપવામાં આવશે. તેની સાથે સાથે જે લોકોએ મધ્યસ્થતા કરી છે તેમની મુલાકાત પણ લઈ ચર્ચા કરવામાં આવશે.

પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો સાથે સંવાદ કરતા રાજ્યપાલ દેવવ્રત

પ્રાકૃતિક ગામમાં જ રહે છેઃ આચાર્ય દેવવ્રત

નવસારી

આજરોજ રાજ્યપાલ શ્રી દેવવ્રત આચાર્યએ પ્રાકૃતિક ખેતી અંગેના ખેડૂત તરીકેના સ્વઅનુભવો રજુ કરી નવસારી કૃષિ યુનિવર્સિટીના જીમખાના મેદાનમાં ઉપસ્થિત ૪૦૦૦ થી વધુ ખેડૂત ભાઈઓ- બહેનો સાથે સીધો સંવાદ કર્યો હતો. રાજયપાલશ્રીએ ખેડૂતોને પશ્નોતરી કરીને પ્રાકૃતિક ખેતીનો પ્રતિભાવ પણ જાણ્યો હતો.

રાજયપાલશ્રી એ કુરૂક્ષેત્રમાં તેમની ૧૫૦ એકર જમીન પર પ્રાકૃતિક ખેતી થઈ રહી છે, તે ખેતીને સોનાની ખેતી કહી હતી. તેઓ પોતાના ઉપવર્ષ સુધી ગુરૂકુળ શિક્ષણ કાર્યની સાથે ખેતી કરતા હતા તેનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતુ કે, ગુરૂકુળમા ૩૦૦ ગાય અને ૨૦૦ એકર જમીન છે. જેમાં, ૧૫૦ એકર પર પ્રાકૃતિક ખેતી કરવામાં આવી રહી છે. અહી ૧૫૦ એકરમા થયેલ ખેતીના પ્રયોગથી મળેલા ફાયદાથી નિર્ણય કર્યો કે, આપ્રાકૃતિક ખેતીનોપ્રચાર પ્રસારદેશભરમાંથવો જોઈએ.

તેમણે ખેડૂતભાઈઓ-બહેનો સાથે સંવાદ કર્યો હતો. પ્રાકૃતિક ખેતી કરશો તો ઉત્પાદન ઘટશે એ કૃષિ વૈજ્ઞાનિકોની ચિંતા છે પરંતુ આ ખેતીથી ઉત્પાદન ઘટતુ નથી તેસ્પષ્ટ થયુ છે. તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, ૧૫૦ એકર સિવાયની ૫૦ એકર જમીન અન્ય

ખેડૂતોને લીઝ પર આપી હતી અને તેમાં રાસાયણિક ખાતરથી ખેતી કરવામા આવેલ જેની ફળદ્રુપતા સતત ઘટી જતા ખેડૂતો ખેતી છોડીને જતા રહ્યા ત્યાર પછી આ જમીનને ફળદ્રુપ કરવા કૃષિ તજજ્ઞોએ રાસાયણિક ખાતરની જ સલાહ આપી પરંતુ તેઓએ સુભાષ પાલેકર ખેતી અપનાવી તેઓએ એક જ વર્ષમાં આ જમીન ફળદ્રુપ બનાવી અને ત્યાના કૃષિ તજજ્ઞો પણ આ પરિણામથીપ્રભાવિત થયા છે. પ્રાકૃતિક ખેતીથીપાણીની બચત થાય છે, પર્યાવરણ, સ્વાસ્થ્ય, ગાય માતાનુ સંવર્ધન થઈ રહ્યુ છે અને ઉત્પાદનમાં કોઇપણ ઘટાડો થતો નથી. તેમણે ઉમેર્યુ હતુ કે, ખેડૂતોને સમૃદ્ધ બનાવવાનો એક માત્ર ઉપાય પ્રાકૃતિક ખેતી છે. પ્રાકૃતિક ખેતી વડે ગામના પૈસા ગામમાંરહે છે અને ખેડૂતની આવક બમણી થશે.

ગ્લોબલવોર્મિંગનુ પણ એક કારણ રાસાયણિક ખેતી છે અને જમીનમા યુરીયા અને ડીએપીના ઉપયોગથી ખેત ઉપયોગી કિટકો અને અળસીયા કે જે હળ જેવુ કામ કરે છે તેનો નાશ થઈ રહ્યો છે જ્યારે ગાયના છાણમાંકરોડો ખેતઉપયોગીબેકટેરીયા રહેલા છે તેમપણતેમણેજણાવ્યુ હતુ.

અજાણ્યા વાહને ઠોકર મારતા યુવાન બ્રેનડેડ બન્યો, લીવર અને કિડનીનું દાન કરાયું

જામનગર

જામનગર નજીક મોટી ખાવડી ગામમાં રહેતા અને મજૂરી કામ કરતા યુવાન દિનેશભાઇ વાઘેલાને બે દિવસ પહેલા રોડ ક્રોસ કરતી વેળાએ અજાણ્યા વાહને ઠોકર મારતા તેને ગંભીર હાલતમાં જીજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તેને બ્રેનડેડ જાહેર કરાતા પરિવારમાં શોકની લાગણી પ્રસરી ગઇ હતી. પરંતુ ગરીબ પરિવારે હિંમત દાખવી યુવાનના અંગોનું દાન કરવાનો નિર્ણય કરતા તેની ચોતરફે સરાહના થઇ રહી છે. તો બીજી બાજું તંત્ર દ્વારા યુવાનના અંગદાનની તમામ તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી હતી અને અમદાવાદથી ડોક્ટરોની ટીમ આવી હતી. લીવર અને કિડનીના દાનથી લોકોને પ્રેરણા પૂરી પાડી છે. દિનેશભાઇને સંતાનમાં બે પુત્રો અને એક પુત્રી છે.

જામનગરના મોટી ખાવડીમાં રહેતા અને મજુરી કામ કરતા દિનેશભાઇ વાઘેલા (ઉ.વ.૨૫) નામનો યુવાન શુક્રવારે મોડી સાંજે મોટી ખાવડી પાસે રોડક્રોસ કરી રહ્યો હતો. ત્યારે અજાણ્યા વાહને તેને ઠોકર મારતા ગંભીર હાલતમાં જીજી હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. બેભાન હાલતમાં રહેલા દિનેશભાઇનું સોનોગ્રાફી અને સિટીસ્કેન કરવામાં આવ્યું હતું. જે બાદ તબીબોએ તેને બ્રેનડેડ જાહેર કરતા ગરીબ પરિવાર પર આભ ફાટી પડ્યું હતું. પરંતુ મુશ્કેલીની આ ઘડીમાં પરિવારજનોએ ગજબની હિંમત દાખવી દિનેશભાઇના અંગદાનનો નિર્ણય જાહેર કરતા હોસ્પિટલ તંત્ર દ્વારા તેની તૈયારી શરૂ કરી દેવામાં આવી છે. દિનેશભાઇની કિડની અને લિવર માટે અમદાવાદના દર્દીને જરૂર હોય ત્યાંથી તબીબોની એક ટીમ જામનગર આવી હતી.

મજૂરી કામ કરનાર દિનેશભાઇનો પરિવાર ગરીબીમાં જીવે છે તેના પિતા પણ મજુરી કામ કરે છે. દિનેશભાઇના લગ્ન થઇ ગયા છે અને સંતાનમાં બે પુત્રો અને એક પુત્રી હોવાનું જાણવા મળ્યું છે.

LRD મામલે ઉગ્ર આંદોલન થાય તે પહેલા સરકારે રસ્તો કરવો જોઈએ : ભરતસિંહ ડાભી

પાટણ

એસસી-એસટી અને ઓબીસી સમાજની મહિલાઓ રાજય સરકારના ૧-૮-૨૦૧૮ના પરિપત્રના રદ કરીને એલઆરડીની ભરતી કરવામાં આવે તેવી માગ સાથે સરકારની સામે ૬૩ દિવસથી આંદોલન કરી રહી છે. ત્યારે આંદોલન કરી રહેલી મહિલાઓની પાટણના સાંસદ ભરતસિંહ ડાભીએ બીજી વખત મુલાકાત કરી હતી.

પાટણના સાંસદ ભરતસિંહ ડાભીએ મીડિયા સાથે વાતચીત કરતા જણાવ્યું હતું કે, રાજય સરકારે જે પરિપત્ર કર્યો છે તે અન્યાયકારી છે. મહિલાઓ છેલ્લા ૬૩ દિવસથી આંદોલન કરી રહી છે. એસસી-એસટી અને ઓબીસી મહિલાઓને જે અન્યાય થયો છે તે બાબતમાં અમે પહેલા પણ મુખ્યમંત્રીને રજૂઆત કરી છે. મારા સિવાય અનેક ધારાસભ્ય અને સાંસદ સભ્યએ આ બાબતે ફરિયાદ કરી છે.



દિક્ષા નગરી તરીકે પ્રખ્યાત બનેલા સુરત શહેરમાં વધુ એક સમૂહ દિક્ષા સમારંભ તા.૧૨'મીના રોજ બુધવારે વેસુખાતે યોજાશે. દિક્ષા ગ્રહણ કરવાનો સંકલ્પ કરનાર આઠ મુમુક્ષો માટે આજથી સંયમ મહોત્સવનો આરંભ થયો છે અને આવતીકાલે ભવ્ય વરસીદાન યાત્રા નીકળશે.

વેસુમાં વધુ ૮ મુમુક્ષુઓનો સમૂહ દિક્ષા મહોત્સવનો આરંભ થયો

વરસીદાન વરઘોડો નીકળશે

સુરત

વેસુ ખાતે ૧૨મી ફેબ્રુઆરી બુધવારના રોજ યોજાનાર આઠ સમૂહ દીક્ષા મહોત્સવની આજથી શરૂઆત થઈ છે. આજે સવારે સંયમ મહોત્સવ બાદ રાત્રે માતૃ પિતૃ વંદના અને કાલે ભવ્ય વરસીદાનનો વરઘોડો નીકળશે. ત્યારબાદ બુધવાર સમૂહ મંગળ દિક્ષા પ્રારંભ થશે.

વેસુ વિસ્તારમાં મહારાણા પ્રતાપ રોડ પર નિર્માણાધીન ચર્તુવિધ સંઘ વૈયાવરણ કેન્દ્ર અને ડામલી વિહારનું વિરાટ સંકુલ મહાવિધેયધામ ભૂમિ ઉપર આજે ૧૦મી ફેબ્રુઆરીથી આચાર્ય ગુણરત્નસૂરિજી મહારાજની નિશ્રામાં ૮ મુમુક્ષુઓની સમૂહ દિક્ષાના વિવિધ પ્રસંગોથી શરૂઆત થઈ છે. આજે ૧૦મી સવારે એક્સેલેન્સીયાથી ગુરૂ ભગવંતોના મંગળ પ્રવેશ થયા હતા. સંયમના સમરંગ ઉપર પ્રવચન અને ભક્તિની પરાકાષ્ઠારૂપે શફસ્તવાભિષેક યોજાશે. સંયમ છાપ મહોત્સવ બાદ રાત્રે માતૃ વંદના થશે. મંગળવારે સવારે ભવ્ય રજવાડી વરસીદાન યાત્રાનો વરઘોડો નીકળશે અને રાત્રે એ તો ચાલ્યા રે વૈરાણી. વિદાય સમારંભ થશે. ૧૨મી ફેબ્રુઆરીએ સવારે ૬.૩૦ કલાકે આઠ મુમુક્ષુઓની મંગળ દિક્ષા વિધિ પ્રારંભ થશે.

બોલાવમાં આર્યમ એજ્યુકેશનલ એકેડમીનો વાર્ષિક મહોત્સવ યોજાયો

ક્રિકેટ નેટ પ્રેક્ટિસ પિચનું ઉદ્‌ઘાટન કરતા રમત-ગમત મંત્રી ઈશ્વરસિંહ પટેલ

સુરત

સહકાર અને રમત-ગમત રાજય મંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલના હસ્તે ઓલપાડ તાલુકાના બોલાવ ખાતે શ્રી વંદનમ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત આર્યમ એજ્યુકેશનલ એકેડેમીના વાર્ષિકોત્સવ પ્રસંગે ક્રિકેટ નેટ પીચ તથા અટલ ટિન્કરિંગ લેબનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

વિદ્યાર્થીઓ રોબોટિક,મેકેનિકલ જેવી અલગ અલગ પ્રકારની પ્રવૃતિઓ શીખી શકશે તે હેતુથી ઓલપાડ તાલુકામાં આવી પ્રથમ ટેક્નોલોજિકલ લેબ કેન્દ્ર સરકારની યોજના દ્વારા અંદાજિત ૨૫ લાખના ખર્ચે નિર્માણ કરવામાં આવી છે. જેમાં શાળાના તેમજ તાલુકાના કક્ષાના વિદ્યાર્થીઓ લાભ લઈ શકશે.

સંસ્થા દ્વારા આયોજિત વાર્ષિક મહોત્સવ કાર્યક્રમમાં ઉપસ્થિત મંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલે જણાવ્યું હતું કે જીવનની શ્રેષ્ઠ અવસ્થા એટલે વિદ્યાર્થી જીવન.જેમાં વિદ્યાર્થી મનગમતા ફિલ્ડ તરફ જઈને પોતાના જીવનનું ઘડતર કરી શકે છે. સ્પોર્ટ ક્ષેત્રે પણ આજે અનેક ખેલાડીઓ ખેલમહાકુંભ થકી ગુજરાતને પ્રાપ્ત થયા છે. વર્ષ ૨૦૧૦માં તત્કાલિન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદી દ્વારા ખેલ મહાકુંભની શરૂઆત થઈ જેના થકી છેવાડાના વિસ્તારમાં રમોત્સવની શરૂઆત થઈ છે અને જે વિદ્યાર્થીઓને રમત ગમતમા મોકો ન મળતો હતો તેવા વિદ્યાર્થીઓ આજે રમત ગમત ક્ષેત્રે ભાગ લઈને રાષ્ટ્રીય,આંતરરાષ્ટ્રીય સ્તરે રમી રહ્યા છે

તેમણે કહ્યું કે, ખેલમહાકુંભ થકી વિદ્યાર્થીઓ ખેલકુદમાં રસ દાખવતા થયા, પરિણામે ૨૦૧૦થી અત્યાર સુધીમાં ખેલાડીઓની સંખ્યા લગભગ ૧૬.૫૦ લાખથી વધીને ૪૭ લાખની આસપાસ નોંધાઈ છે. ગુજરાતમાંથી ૬ ખેલાડીઓ એશિયન ગેમ્સમાં પસંદગી પામ્યા, જેમાં ૪ ખેલાડીઓ મેડલ જીતી ગુજરાતનું વિશ્વસ્તરે ગૌરવ વધાર્યું હોવાનું શ્રી પટેલે જણાવ્યું હતું.

આર્યમ એજ્યુકેશન ટ્રસ્ટ વિશે જણાવતા શ્રી પટેલે કહ્યું, કે માનવતા અને ઉદારતા જેવા માનવીય મૂલ્યો ઘટતા જઈ રહ્યા છે ત્યારે વસુદેવ કુટુંબકમની ભાવનાનો વિકાસ કરવાનો પ્રયાસ આર્યમ એકેડેમી કરી રહી છે જેમાં તેઓ વિદ્યાર્થીઓને ભણતરની સાથે સાથે સંસ્કાર આપવાનું કામ શાળા દ્વારા કરવામાં આવી રહ્યું છે. તેમજ રમત ગમતની પ્રવૃત્તિમાં પણ વિદ્યાર્થીઓ ભાગ લે તે માટે ક્રિકેટ નેટ પ્રેકટીસ પીચનું નિર્માણ કરવામાં આવ્યું છે. તથા અટલ ટીકરીગ લેબનું તાલુકા કક્ષાનું પ્રથમ આધુનિક ટેક્નોલોજિકલ લેબ કેન્દ્ર સરકારની યોજના દ્વારા અંદાજિત ૨૫લાખના ખર્ચે બનાવવામાં આવી છે. તેમાં શાળાના તથા જિલ્લા કક્ષાના વિદ્યાર્થીઓ અલગ અલગ પ્રકારની પ્રવૃત્તિ વિશે જ્ઞાન મેળવી લાભ લઈ શકે છે. વિદ્યાર્થીઓ તેમના જીવનમાં સારી કારકિર્દી ઘડે તેમજ રમત ગમત ક્ષેત્રે આગળ વધે તેના માટે મંત્રીશ્રીએ વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી.

આ પ્રસંગે આર્યમ એકેડેમીના આચાર્યે કહ્યું કે, સંસ્કાર વિહીન વ્યક્તિ સંપત્તિ તથા સંતતિ બંને ગુમાવી શકે છે કારણ સંસ્કાર વિહીન વ્યક્તિ પશુ સમાન હોય છે. આર્યમ એજ્યુકેશન એકેડેમી શિક્ષણની સાથે સંસ્કાર આપવાનું કામ કરી રહી છે. તેમજ ભવિષ્યની અંદર આવનારી મુશ્કેલીઓનો સામનો કેવી રીતે કરી શકાય તેમજ શારીરિક અને માનસિક મજબૂતી લાવવાનો પ્રયન્ત આર્યન એકેડેમીના આંગણે થઈ રહ્યો છે. વધુમાં તેમને જણાવ્યું કે, શિક્ષણની પાયાની જવાબદારીની જરૂરિયાત સમજી આ એકેડેમી આગળ વધી રહી છે. ડો વિક્રમ સારાભાઈ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર અમદાવાદ સાથે એમ.ઓ.યુ સાઈન કરી આર્યમ સ્કૂલે સ્પેસ ક્લબની સ્થાપના કરી છે. જેના થકી બાળકોને સ્પેસ અભ્યાસ વિષે વિશેષ રુચિ આવે બાળકોની અંદર સમાયેલી શક્તિઓને દિશા આપી તેઓ અભ્યાસ કરે તેવા પ્રયન્ત કરવામાં આવે છે. તેમજ ખેલમહાકુંભ, કલામહાકુંભમાં આર્યમ એકેડેમીના વિદ્યાર્થીઓ રમત ગમતના ક્ષેત્રે કરાટે, ક્રિકેટ, કબડ્ડી જેવી વિવિધ પ્રવુતિઓમાં ભાગ લઈ આગળ વધી રહ્યા છે જેનો અમને ગૌરવ છે.

આ પ્રસંગે સાંસ્કૃતિક કાર્યક્રમ, વિદ્યાર્થીઓનો ઈનામ વિતરણ સમારંભ યોજાયો હતો. આ પ્રસંગે લેખક કાજલબેન ઓઝા, ટ્રસ્ટીઓ, શિક્ષકો સહિત મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા

વસીમ બિલ્લા કેસ : હથિયાર અને બાઈકના માલિકને શોધતી પોલીસ

અન્ય આરોપીઓ સુધી પહોંચવાના પોલીસના પ્રયાસો

સુરત

વસીમ બિલ્લા હત્યાકાંડમાં ઉપયોગમાં લેવાયેલી પિસ્તોલને વસઈની ખાડીમાંથી શોધી કાઢવાના પ્રયત્નો થયા હતા. પરંતુ નવસારી પોલીસને પિસ્તોલ મળી આવી ન હતી. તેમજ ઘટનાને અંજામ આપવા માટે ઉપયોગ લેવાયેલી બાઈકના માલિક પણ નવસારી પોલીસને જડતો નથી. રેન્જ આઈજી રાજકુમાર પાંડીયનના સીધા માર્ગદર્શન હેઠળ નવસારી પોલીસ જીણવટભરી તપાસ હાથ ધરી છે.

નવસારી પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર ધરપકડ કરાયેલા મુસ્તાન ડોડિયા સહિત ત્રણેય આરોપીઓ ૧૦ દિવસના પોલીસ રિમાન્ડ ઉપર છે. જેઓની સઘન પૂછપરછ ચાલુ છે. આ ગુનામાં સંડોવાયેલા અન્ય આરોપીઓને શોધી કાઢવાના પણ પ્રયત્નો ચાલુ છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ બદરી લેસવાળાના વિશ્વાસુ મુસ્તાન ડોડિયાએ રૂપિયા ૧૦ લાખની સોપારી શાર્પ શૂટરોને આપી હતી. નવસારી પોલીસે અલગ અલગ ટીમો બનાવી ચારેય દિશામાં તપાસ હાથ ધરી છે. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ આ ચકચારિત કેસમાં વ્હોરા સમાજના બદરી લેસવાળાની પૂછપરછ માટે તેઓની સંભવિત સ્થળોએ સતત તપાસ કરવામાં આવી રહી છે.

બાઈક અથડાવી લોકોના રૂપિયા સેરવતી ગેંગનો એક સાગરિત ઝડપાયો

સુરત

ડીસીબી પોલીસને બાતમી મળી હતી કે, પીક પોકેટીંગ કરતો એક ઈસમ સુરત શહેરમાં ફરી રહ્યો છે. બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવી આંજણા ફાર્મ પાસેથી આરોપી સાહીદ ઉર્ફે આશીફ ઉર્ફે ચૂહા ન્જીર્ખાણ કાદરખાન પઠાણને ઝડપી પાડ્યો હતો. પોલીસે તેની કડક પૂછપરછ કરતા તે માનદરવાજા પાસે પોતાના મિત્રો સમીર ઉર્ફે ભાઉ તથા તોસીફ ઉર્ફે ૧૦૮ ગુલામ અન્સારી સાથે મળી એક ઈસમ સાથે બાઈક અથડાવી ઉપ હજારનો મોબાઈલ ચોરી કરી લીધો હતો એટલું જ નહી પોતાના મિત્ર રામિક ઉર્ફે રાજિક શેખ તથા અલ્તાફ પઠાણ સાથે વરાછા ખાતે બાઈક અથડાવી યુવાનના ખીસ્સામાંથી ઉપ હજાર સેરવી લીધા હતા અને આવી જ રીતે સલાબતપુરામાં પણ યુવાન સાથે બાઈક અથડાવી ૧ લાખ રૂપિયા સેરવી લીધા હતાં.

આ ઉપરાંત પોલીસની પૂછપરછમાં ઉ સલાબતપુરાના અને એક કાપોદ્રા પોલીસ મથકના ગુનાનો ભેદ ઉકેલાઈ જવા પામ્યો હતો. આરોપીની મોડેસ ઓપરેન્ડી વિષે વાત કરીએ તો તે પોતાના મિત્ર સાથે બાઈક પર બેસી લોકોને ટાર્ગેટ કરતો હતો અને જે લોકોના ખીસ્સામાં પૈસા હોય તેવા લોકો સાથે બાઈક અથડાવી તેની નજર ચૂકવી રોકડ તેમજ મોબાઈલ ફોનની ચોરી કરી લેતો હતો. હાલ ડીસીબી પોલીસે તેની ધરપકડ કરી આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

ઘોડીપાડા ખાતે પાટકર કુળના પરિવારોનું સ્નેહ મિલન યોજાયું

મંત્રી પાટકરના અધ્યક્ષ સ્થાને કાર્યક્રમ યોજાયો

વલસાડ

વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના ધોડીપાડા સાંસ્કૃતિક હોલ ખાતે પાટકર કુળ પરિવારનું ૧૪મું સ્નેહ સંમેલન વન અને આદિજાતિ વિકાસ રાજ્યમંત્રી રમણલાલ પાટકરની અધ્યક્ષતામાં યોજાયું હતું.

આ અવસરે આદિજાતિ વિકાસ રાજ્ય મંત્રી રમણલાલ પાટકરે જણાવ્યું હતું કે, પાટકર પરિવારમાં અનેક પરિવારમાંથી ઉચ્ચ શિક્ષણ મેળવી આગળ આવ્યા છે, જે અભિનંદનીય છે. દરેક પરિવારોએ તેમના બાળકોને ઓછામાં ઓછું ગ્રેજ્યુએટ સુધીનું શિક્ષણ અપાવવા અને કૌટુંબિક ભાવના રાખી સમાજના વિકાસ માટે યુવાઓને પૂરતો સહકાર આપી સમાજને ગર્વ થાય તેવી કામગીરી કરવા અનુરોધ કર્યો હતો. સમાજના જરૂરિયાતમંદ વ્યક્તિઓને મદદરૂપ બની તેને આગળ લાવવાનો પ્રયાસ કરવો જોઈએ. સમાજના સંમેલનોમાં ભાગ લેવાથી અનેક પરિવારો સાથે ઓળખાણ થાય છે, જે ભવિષ્યમાં આપણને ખૂબ જ ઉપયોગી બનશે તેમ જણાવી પાટકર સમાજના સંમેલનને સફળ બનાવવા માટેના સહયોગીઓને તેમણે અભિનંદન પાઠવ્યા હતા. પરિવારની સંસ્કૃતિ જાળવવી કુળદેવી-દેવતાઓની નિયમિતપણે પૂજાઅર્ચના કરવી જોઈએ. કુરિવાજોને તિલાંજલિ આપી વ્યસનોનો ત્યાગ કરવા તેમજ લગ્નનો ખર્ચ બચાવવા માટે સમૂહલગ્નમાં ભાગ લેવા જણાવ્યું હતું. ધોડીપાડા ખાતે યોજાનારા સમૂહલગ્નમાં ભાગ લેનારા દંપતિને ઘરઉપયોગી તમામ રાચરચીલું, ૧૫ દિવસ ચાલે તેટલું સીધું અનાજ આયોજકો દ્વારા આપવામાં આવશે, આ ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા પણ પ્રોત્સાહક રકમ આપવામાં આવે છે. રાજ્ય સરકારની અનેકવિધ યોજનાઓ કાર્યરત છે, જેનો લાભ લઈ રોજગારી અથવા સ્વરોજગારી મેળવવા જણાવ્યું હતું. પાટકર પરિવારના બાળકોએ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા હતા, જેને ઉપસ્થિતોએ મનભરીને માણ્યા હતા. આ અવસરે મંત્રીશ્રી રમણલાલ પાટકરના ધર્મપત્ની પાર્વતીબેન, દિલીપભાઈ પાટકર, મંગળદાસ પાટકર, અગ્રણી મહેશભાઈ ભટ્ટ, મહારાષ્ટ્ર-ગુજરાતના પાટકર પરિવારજનો મોટી સંખ્યામાં હાજર રહયા હતા.

નદીમાં ન્હાવા પડેલા યુવાનને બચાવવા જતા તરવૈયો પણ ડૂબ્યો, બંનેના મોત

ઉપલેટા

ઉપલેટાના ખારચીયા ગામની વેણુ નદીમાં નારણ નામનો યુવાન ન્હાવા માટે પડ્યો હતો. પરંતુ તે ડૂબી જતા સ્થાનિક તરવૈયાઓ તેને બચાવવા માટે નદીમાં કુદ્યા હતા. જેમાં સુરેશ દેવશીભાઈ વાઘેલા નામનો તરવૈયો પણ ડૂબ્યો હતો. ઘટનાની જાણ થતા ગોંડલ, ઉપલેટાની ફાયરબ્રિગેડની ટીમ દોડી આવી હતી અને મોડીરાત સુધી શોધખોળ કરી હતી. પરંતુ સવારે બંનેના મૃતદેહ મળી આવ્યા હતા અને ભાયાવદર હોસ્પિટલે પીએમ માટે ખસેડાયા હતા. ઘટનાની જાણ થતા સવારે ધોરાજીના ધારાસભ્ય લલિત વસોયા, તાલુકા પંચાયત પ્રમુખ, મામલતદાર અને ટીડીઓ સહિતના અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. લલિત વસોયાએ આ અંગે જણાવ્યું હતું કે, આ નદીમાં યુવાન ન્હાવા પડ્યો હતો આથી સ્થાનિક તરવૈયાઓ બચાવવા નદીમાં કુદ્યા હતા. જેમાં એક તરવૈયાનું પણ ડૂબી જવાથી મોત નીપજ્યું છે. બંને યુવાનોના મૃતદેહ મળી આવતા પીએમ માટે ભાયાવદર હોસ્પિટલ ખસેડાયા છે. રાજકોટથી એનડીઆરએફની ટીમ પણ આવી હતી. પોલીસની હાજરીમાં ગામના જ યુવક સુરેશ નામનો વર્ષીય યુવક મૃતદેહને શોધવા માટે પાણીમાં ડૂબકી લગાવતા તે પણ પરત ફર્યો ન હોય સ્થાનિક તરવૈયાઓ દ્વારા તેની શોધખોળ આરંભી હતી. આ બંને યુવકના મૃતદેહો મોડી સાંજ સુધી ન મળતા રાજકોટથી એનડીઆરએફની ટીમને બોલાવવામાં આવી હતી જે સવારે ૮ વાગ્યા સુધીમાં પહોંચી ગઈ હતી. એનડીઆરએફની ટીમ પહોંચ્યા બાદ શોધખોળ ચાલુ કરાઈ હતી ત્યારબાદ સવારે ૯ વાગ્યે બંનેના મૃતદેહ મળી આવ્યા હતા.

ભાટીયા ટોલ નાકાની સમસ્યા અંગે ચેમ્બર પણ રજૂઆત કરશે

ચેમ્બર ઓફ કોર્મસ કોઈ પઈ આંદોલનમાં જોડાતું નથી

સુરત

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ શ્રી કેતન દેસાઈ અખબારી યાદીમાં જણાવે છે કે, ભાટીયા ટોલનાકા ઉપર સુરત અને બારડોલીના વાહનચાલકો પાસેથી ટોલટેકસ વસૂલવામાં આવી રહયો છે. સ્થાનિક વાહનચાલકો પાસેથી વસૂલવામાં આવતા ટોલટેકસને સંપૂર્ણપણે નાબૂદ કરવા અથવા તો ખૂબ જ નજીવા દરે ટોલટેકસ વસૂલવામાં આવે તે માટે ચેમ્બર સંબંધિત વિભાગને યોગ્ય રજૂઆત કરશે. પરંતુ ભાટીયા ટોલનાકા સંદર્ભે શરૂ કરવામાં આવેલા બિનરાજકીય આંદોલનને ચેમ્બર પોતાનું સમર્થન આપતુ નથી કે પોતાનો ટેકો જાહેર કરતો નથી તેની અહીં સ્પષ્ટતા કરે છે.

શુક્રવારે, ૭ ફેબ્રુઆરી ૨૦૨૦ના રોજ સુરત જિલ્લા પંચાયતના સભ્ય દર્શન નાયક કેટલાક આગેવાનો સાથે ચેમ્બર ખાતે ભાટીયા ટોલનાકા સંદર્ભેની રજૂઆત લઈને આવ્યા હતા. તેમણે ભાટીયા ટોલનાકા ઉપર સ્થાનિક વાહનચાલકો પાસેથી વસૂલવામાં આવતા ટોલટેકસને નાબૂદ કરવા માટે ચેમ્બર રજૂઆત કરે તેવો અનુરોધ ચેમ્બરના પ્રમુખ શ્રી કેતન દેસાઈને કર્યો હતો. જેના અનુસંધાનમાં ચેમ્બરે પણ આ અંગે સંબંધિત વિભાગને રજૂઆત કરવામાં આવશે તેમ જણાવ્યુ હતુ. જો ટોલટેકસ સંપૂર્ણપણે નાબૂદ નહી કરવામાં આવે તો નજીવા દરે ટોલટેકસ વસૂલવા માટે કેશ માટેની બે જુદી—જુદી લાઈનની વ્યવસ્થા કરવા માટે ચેમ્બર રજૂઆત કરશે તેમ પણ સ્પષ્ટપણે જણાવ્યુ હતુ. પરંતુ આ અંગેના આંદોલનને ચેમ્બરે પોતાનો ટેકો જાહેર કર્યો ન હતો. ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રીને પડતી મુશ્કેલીને નિવારવા માટે ચેમ્બર દ્વારા હંમેશા વિવિધ સ્તરે અસરકારક રજૂઆતો કરવામાં આવે છે પરંતુ ચેમ્બર કયારેય કોઈ આંદોલનમાં જોડાતુ નથી.

કોરોના વાયરસ અંગે સ્વામિનારાયણ ગાદી સંસ્થાન દ્વારા અવિરત સહાય

૧.૩૬ લાખ ઉચ્ચ કક્ષાના સર્જીકલ માસ્કની મદદ

સુરત

૦૧-૦૨-૨૦૨૦: ચીનમાંથી ઉદ્ભવેલો કોરોના વાયરસ હવે દુનિયાભરમાં ફેલાઈને હાહાકાર મચાવી રહ્યો છે. ત્યારે સમાજ સેવામાં હંમેશા અગ્રેસર શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન, મણિનગર, અમદાવાદના આચાર્ય, વર્લ્ડ પીસ એમ્બેસડર શ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજીની આજ્ઞાથી ચીનમાં મોટા પાયે કોરોના ચેપના રક્ષણ માટે સર્જીકલ માસ્ક્સ મોકલવામાં આવી રહ્યા છે. શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન દ્વારા કાર્યકર કેતનભાઈ લીંબડ મારફતે હાલ સુધીમાં ૧,૩૬,૦૦૦ કરતા વધુની સંખ્યામાં ઉચ્ચ ગુણવત્તાના દ્વ-૯૫ સર્જીકલ માસ્ક્સ મોકલવામાં આવ્યા છે તેમજ વધુને વધુ માત્રામાં મોકલવામાં આવી રહ્યા છે.

વાયરસ હવે અન્ય દેશોમાં પણ પ્રસરી રહ્યો હોવાથી કોરોના વાયરસને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને આંતરરાષ્ટ્રીય સંકટ તેમજ ચિંતા ગણી તેને એક સાર્વજનિક હેલ્થ ઈમરજન્સી જાહેર કરી છે. દુનિયાભરમાં કોરોના વાયરસના ૮હજાર ૨૦૦થી વધુ સંક્રમિત દર્દીઓ જાહેર થતાં આચાર્ય સ્વામીજી મહારાજ દ્વારા અન્ય દેશોમાં પણ જરૂર જણાયે તત્કાળ બનતી મદદ પહોંચાડવા હાંકલ કરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે વિશ્વના ખૂણે ખૂણે પથરાયેલા શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના કેન્દ્રો થકી સંસ્થાનના લખો સત્સંગીઓ દ્વારા વિશ્વ બંધુત્વની ભાવનાથી કટોકટીના સમયે કોઈપણ પ્રકારના ભેદભાવ વગર હંમેશા ઉત્કૃષ્ટ સેવા ભાવના બજાવવામાં આવે છે.

અંગત અદાવતમાં બીએસએફ જવાન પર ઘાતકી હુમલો કરાતા મોત નીપજ્યું

અરવલ્લી

ભિલોડાના મલેકપુર ગામના અને બીએસએફમાં ફરજ બજાવતા તથા રજા પર વતનમાં આવેલા રવિન્દ્ર પ્રફુલભાઈ ગામેતી તેના મિત્રો રોશન પ્રવીણભાઈ ખરાડી અને રણજિત અમૃતભાઈ નિનામા સાથે ભિલોડા પેટ્રોલ પંપ પર પેટ્રોલ ભરાવીને પરત ફરતા હતા. ત્યારે અગાઉની અંગત અદાવતમાં મલેકપુર બસ સ્ટેન્ડથી થોડે દૂર અજયભાઈ સુરમાભાઈ નિનામા, કિર્તીભાઈ દિલીપભાઈ સડાત, અજયભાઈ દિલીપભાઈ સડાત, યશપાલભાઈ નિનામા, મહેશભાઈ હીરાભાઈ ખરાડી, વિશાલભાઈ કાવજીભાઈ ખરાડી, વિજયભાઈ રતુભાઈ ખરાડી, પ્રદિપભાઈ કાન્તીભાઈ નિનામા અને નટુભાઈ વાલજીભાઈ નિનામા નામના શખ્શોએ રસ્તો રોકી બીએસએફ જવાન રવિન્દ્ર ગામેતી અને તેના બે મિત્રો પર હુમલો કર્યો હતો.

જવાન અને તેના મિત્રને ગંભીર ઈજા પહોંચી હતી, ત્યારબાદ જવાનને સારવાર અર્થે હોસ્પટિલ ખાતે ખસેડવામાં આવ્યા હતાં. પણ આર્મી જવાનનાં માથાનાં ભાગ પર વાઘેલાં ઘાથી તે કોમામાં સરી પડ્યા હતાં. જે બાદ જવાનને વધુસારવાર અર્થે અમદાવાદની ખાનગી હોસ્પિટલ ખાતે વધુ સારવાર અર્થે ખસેડાયા હતા. પણ સારવાર દરમિયાન બીએસએફ જવાનનું મોત નિપજ્યું હતું. જેને કારણે આ બનાવ હત્યામાં પરિણામ્યો હતો.

પૂણામાં સાડી રોલ પોલીસ ફેકટરીમાં આગ: બે કારીગરો જીવતા ભૂંજાયા



કારખાનાનો દરવાજો અંદરથી બંધ કરી બન્ને કારીગરો ઉંઘી ગયા હતા

સુરત

સુરતના પુણા ગામના આઈમાતા ચોક નજીક આવેલી ભાગ્યોદય ઈન્ડસ્ટ્રીમાંસાડી રોલ પોલીશની ફેક્ટરીમાં મોડી રાત્રે આગ લાગવાની ઘટના બની હતી. જેમાં ફેક્ટરીમાંઅંદરથી લોક મારી સૂતેલા બે યુવકોના મોત નિપજ્યાં છે.આગ લાગ્યાની જાણ થતાં ફાયર વિભાગની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી અને આગ પર કાબૂ મેળવ્યો હતો.

બનાવ અંગે મળતી માહિતી અનુસાર ભાગ્યોદય ઈન્ડસ્ટ્રીમાં સાડી રોલ પોલીશની ફેક્ટરીરામદેવ ડેકોમાં આગ ફાટી નીકળી હતી. જ્યારે આગનો બનાવ બન્યો ત્યારે બે લોકો અંદરથી લોક મારીને સૂતા હતા. રોલ પોલીશના મશીનમાં મોડી રાત્રે ૩.૫૨ વાગ્યાની આસપાસ આગ લાગી હતી. જેમાં ભૂરારામ મકવાણા અને રાધેશ્યામ બેરવાલા નામના કામદારોના મોત નીપજ્યાં છે. બન્ને મૃતકો મધ્યપ્રદેશના રહેવાસી હોવાનું જાણવા મળ્યું છે. ફાયર વિભાગનેફેક્ટરીમાંથી ૭ જેટલા ગેસ સિલિન્ડર પણ મળી આવ્યા છે. પોલીસ બનાવની નોંધ કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

મનોજ શુક્લા (સબ ફાયર ઓફિસર, ડુંભાલ ફાયર સ્ટેશન, સુરત)એ જણાવ્યું હતું કે, રાત્રે આગનો કોલ મળ્યો હતો. તાત્કાલિક ફાયરની ટીમ લઈને દોડી ગયા હતા. ઘટના સ્થળે પહોંચ્યા ત્યારે આગની જ્વાળાઓ દેખાઈ રહી હતી. પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવી લીધો હતો. દરમિયાન સ્થાનિકોએ જણાવ્યું હતું કે, અંદર બે યુવાનો છે. જેથી અંદર જઈને તપાસ કરતા બંને યુવકોને બહાર કાઢી હોસ્પિટલ ખસેડ્યા હતા. ત્યારબાદ જાણ થઈ હતી કે, બંનેના મોત થયા છે.

મિત્ર સાથે ફરવા ગયેલ યુવતીનું બાઈક અકસ્માતમાં મોત નીપજ્યું

સુરત

વાંસદાના જોધાણ ગામ નજીક બાઈક અકસ્માતમાં સુરતની યુવતીનું મોત નિપજ્યું છે. જ્યારે તેના મિત્રને ગંભીર હાલતમાં નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. હાલ તો પોલીસે ઘટના અંગે અકસ્માત મોતની નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી પ્રમાણે, સુરતના ઉધના વિસ્તારમાં આવેલા મોરારજી નગરમાં જીગીશા પ્રવીણ પટેલ (ઉ.વ.૨૩) પરિવાર સાથે રહેતી હતી અને દાંતના ક્લિનીકમાં પરિચારીકા તરીકે કામ કરતી હતી. ગત રોજ રજા હોવાના કારણે મિત્ર અંકિત પટેલ સાથે બાઈક પર સાપુતારા ફરવા માટે ગઈ હતી. દરમિયાન વાંસદાના જોધાણ ગામ નજીક રાત્રે પરત ફરતા સમયે તેમની બાઈકને અકસ્માત નડ્યો હતો. રાત્રે જીગીશા અને અંકિત ઈજાગ્રસ્ત હાલતમાં મળી આવ્યા હતા.

જીગીશા અને અંકિતને ઈજાગ્રસ્ત હાલતમાં નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જયાં ફરજ પરના તબીબે જીગીશાને મૃત જાહેર કરી હતી. જ્યારે અંકિતની હાલત ગંભીર હોવાથી આલીપોર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. યુવતીના મોતના પગલે પોલીસે હાલ અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાકૃતિક ખેતીની નવી ક્રાંતિ આવશે: આ ખેતી ઈશ્વરની પૂજા છે: ગર્વનર દેવવ્રત

નવસારી

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ આજે નવસારી કૃષિ યુનિવર્સિટીમાં સુભાષ પાલેકર પ્રાકૃતિક ખેતીની લીધેલ માસ્ટર ટ્રેનરનો એકદિવસીય તાલીમ વર્કશોપમાં ઉપસ્થિત રહીને દક્ષિણ ગુજરાતના વિવિધ ગામોમાં સુભાષ પાલેકર પ્રાકૃતિક ખેતી કરતા ૪૦૦૦થી વધુ કૃષિકારો સાથે સીધો સંવાદ કરીને કહ્યુ હતુ કે, પ્રાકૃતિક ખેતી વર્તમાન સમયની માંગ છે. આ ખેતી જ ઈશ્વરની પૂજા અને પ્રકૃતિનુ રક્ષણ કરનારી છે. આ પ્રસંગે રાજ્યપાલશ્રીએ પ્રાકૃતિક ખેતી કરી રહેલા ખેડૂતો અન્ય ખેડૂતો પણ આ ખેતીમાં જોડાય તે માટે પ્રેરણા સ્ત્રોત બને તેવો અનુરોધ કરી કહ્યુ કે, ગુજરાતના મહેનતુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરીને દેશના પ્રેરણાસ્ત્રોત બનશે.

રાજ્યપાલશ્રી એ જણાવ્યું હતું કે, પ્રાકૃતિક કૃષિ જ ભારતની પરંપરાગત કૃષિ હોવાનું તેમજ ખેતી અને ખેડૂતોના સર્વાંગી વિકાસ માટે સુભાષ પાલેકર પ્રાકૃતિક કૃષિ જ શ્રેષ્ઠ ઉપાય છે. તેમણે આવનારી પેઢીને ઉપજાઉ જમીન વારસામાં આપવા પાણીની બચત, પર્યાવરણની રક્ષા, દેશી ગાયનીરક્ષા, રોગમુક્ત સ્વસ્થ જીવન અને ખેતી-ખેડૂતના સર્વાંગી કલ્યાણ માટે પ્રાકૃતિક કૃષિ અપનાવવા ખેડૂતોને અનુરોધ કર્યો હતો. વડાપ્રધાનશ્રીનો ૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક બમણી કરવાનો સંકલ્પ પ્રાકૃતિક ખેતીમાં ઉત્પાદન ખર્ચ તદ્દન ઓછો હોવાથીઆ ખેતીથી જ તેસંકલ્પસિદ્ધથશે તેમ કહ્યુ હતુ.

રાજ્યપાલશ્રીએજણાવ્યુંકે, સુભાષપાલેકર પ્રાકૃતિક કૃષિમાં ઓછા ખર્ચે ઉત્પાદન મેળવીને ખેડૂતો આર્થિક રીતે સધ્ધર બની શકે છે. એટલુ જ નહી રાસાયણિક ખાતરઅને જંતુનાશક દવાઓના ઝેરથી મુક્ત કૃષિ ઉત્પાદનો મેળવવાથી લોકોના સ્વાસ્થ્યનીપણ રક્ષા થશે. રાજ્યપાલશ્રીએકહ્યું હતું કે, પાલેકરજી ખેતીમાં એક ગાય દ્વારા ૩૦ એકરની ખેતી થઈ શકેછે. દેશી ગાયના છાણ, ગૌ-મૂત્ર, ગોળ, બેસન અને માટીના મિશ્રણથી તૈયાર થતું જીવામૃત ચારદિવસમાં તૈયાર થાય છે. દેશી ગાયના એક ગ્રામ છાણમાં ૩૦૦ કરોડ જીવાણું હોય છે. આ જીવાણુંઓ જ કૃષિ માટે અગત્યના છે. જીવામૃત અને ઘનજીવામૃતમાં આવા કરોડો જીવાણુંઓ હોય છે જે કૃષિપાકના મૂળ સાથે સહજીવન કરી પાકને પોષણ આપે છે. દુનિયામાં આનાથી શ્રેષ્ઠ કોઈ પધ્ધતિનથી તેમજ ણાવી તેમણે પોતાની ૨૦૦ એકર જમીનમાં થઈ રહેલી પાલે કર ખેતી અંતર્ગત એક રૂપિયાનો બજારમાંથી સામાન ખરીદ્યા વિના શ્રેષ્ઠ ઉત્પાદન મેળવવામાં આવે છે તેની વિસ્તૃત માહિતી આપી હતી. કાર્યક્રમ દરમિયાન સુભાષ પાલેકર પ્રાકૃતિક ખેતી અંગેની ફિલ્મનું નિદર્શન કરવામાં આવ્યું હતું તથા ખેડૂતોને પ્રાકૃતિક ખેતી કરવા અંગે સંકલ્પબધ્ધ કરાયા હતા અને દક્ષિણ ગુજરાતના ૭ જિલ્લાઓના સુભાષ પાલેકર પ્રાકૃતિક ખેતી કરતા ખેડુતોએ પોતાના પ્રતિભાવો વ્યકત કર્યા હતા. તેમજ ૭ જિલ્લાઓના એ સ.પી.એ ન.એ ફ.ના કન્વીનર તથા સહકન્વીનરની નિમણુક કરવામાં આવી હતી.

પ્રાથમિક શાળાનાં આચાર્યની બદલી કરતા ગ્રામજનો વિફર્યા, તાળાબંધી કરી



નવસારી

ચીખલી તાલુકાના સાદડવેલ ગામે આવેલ મુખ્ય પ્રાથમિક શાળા અને કુંભાર ફળિયા પ્રાથમિક શાળા એમ આ બંન્ને પ્રાથમિક શાળામાં ધોરણ ૧થી ૮ના વર્ગો આવેલા છે. જેમાં મુખ્ય પ્રાથમિક શાળામાં ૧૭૦ અને કુંભાર ફળિયા પ્રાથમિક શાળામાં ૧૦૪ જેટલા આદિવાસી પરિવારના બાળકો અભ્યાસ કરે છે. ત્યારે સાદડવેલ ગામની મુખ્ય પ્રાથમિક શાળાના રાકેશ પટેલ અને કુંભાર ફળિયા પ્રાથમિક શાળામાં મહેશ પરમાર નામના આચાર્યો ફરજ બજાવતા આચાર્યોની બદલી સીઆરસી તરીકે થતા શાળામાં શિક્ષકોની ઘટ થનાર છે. સાથે જ આ બંન્ને આચાર્યોએ શાળામાં આદર્શ શિક્ષક તરીકે સેવા બજાવી હોય જેથી સાદડવેલ ગામના લોકોએ જિલ્લા કલેકટર અને જિલ્લા શિક્ષણ અધિકારીને ગત ૫ તારીખ ના રોજ એક આવેદનપત્ર આપી બદલીને રદ કરવાની માંગ કરી હતી.

બંન્ને આચાર્યોને બદલીનો ઓર્ડર રદ ન કરાતા આજે સોમવારના રોજ આ બન્ને શાળાની બહાર મુખ્ય માર્ગ ઉપર મંડપ બાંધી બાળકોના વાલીઓ આંદોલન કરી ધરણા યોજી રસ્તા રોકો આંદોલન કર્યું હતું. સાથે જ શાળાને તાળાબંધી કરી શાળામાં બાળકોને ન બેસાડી ખેતરમાં મંડપ પાડીને ભણતર અપાવવામાં આવ્યુ હતું. સ્થળ પર તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી ધસી આવી લોકોને સમજાવવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, ગામ લોકોએ આચાર્યોની બદલી રદ કરવાની માંગ પર અડગ રહ્યા હતા.

પ્રગતિ વિદ્યાલયમાં કુપોષિત બાળકો માટે પોષણ અભિયાન

પૌષ્ટિક આહાર આપવામાં આવ્યો

સુરત

બેગમપુરા સ્થિત પ્રગતિ યુવક મંડળ પ્રગતિ વિદ્યાલયના ઉપક્રમે આ શળાના તેમજ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની આંગણવાડી મળીને ૩૫૦ થી વધુ કુપોષિત બાળકોને પૌષ્ટિક આહાર આપવામાં આવ્યો હતો. આ બાબતે પ્રગતિ વિદ્યાલયના પ્રમુખશ્રી ઈન્દુભાઈ દાળવાલા ના પ્રમુખ પદે તેમજ ડો. કેતન મોદીના અતિથિ વિશેષ પદે તેમજ મંડળ અને વિદ્યાલયના અગ્રણીઓ શ્રી કિશોરભાઈ મહેતા, શ્રી જીજ્ઞેશભાઈ ડુમસવાલા, શ્રી ફરોખભાઈ રૂવાલા, શ્રી મધુસુદનભાઈ ખેતાવત, આચાર્યા શ્રી ફાલ્ગુનીબેન મહેતા વિગેરેની વિશેષ કામગીરી બજારી હતી.

ખુલ્લી જગ્યામાં જુગાર રમતા ચાર વેપારી સહિત સાત ઝડપાયા

ખટોદરા પોલીસે રૂા.૮૫ હજારથી વધુની મતા કબજે કરી

સુરત

ખટોદરા પોલીસે ખુલ્લામાં જુગાર રમતા ચાર વેપારીઓ સહિત સાત જુગારીની ધરપકડ કરી સાત મોબાઈલ ફોન અને રોકડા મળી કુલ રૂા.૮૫૬૫૦ની મતા કબજે કરી હતી.

ખટોદરા પોલીસે મળેલી બાતમીના આધારે ચોસઠ જોગણી માતાના મંદિરની બાજુમાં આદિનાથ માર્બલની સામે ખુલ્લી જગ્યામાં જુગાર રમતાં અશોક પુનકાચંદ ભંડારી, પિયુષ જેઠમલજી શ્રીમાલ, જીતેન્દ્ર હિરાલાલ મહેતા, સુરેશ અંબાલાલ ચૌટલીયા, બજરંગસિંગ રાજપુત, સંદીપ ઓમપ્રકાશ જૈન, અભિષેક અશોક જૈનની ધરપકડ કરી હતી. ખટોદરા પોલીસે ૬૦ હજાર રૂપિયાની કિંમતના સાત મોબાઈલ ફોન, રોકડા રૂપિયા મળી કુલ રૂા.૮૫,૬૫૦ની મતા કબજે કરી હતી.

રાજપીપળા કોલેજ માં સેનેટરી પેડનું ATM મુકાયું : વિદ્યાર્થીઓ માત્ર ૨ રૂપિયામાં સેનેટરી પેડનો ઉપયોગ કરી શકશે



(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

રાજપીપળાની કોલેજ માં સેનેટરી નેપકીન ATM મુકવામાં આવ્યું છે જેમાં આદિવાસી ગામડાઓ માંથી આવતી વિદ્યાર્થીનીઓને માત્ર ૨ રૂપિયા માં નેપકીન મળી શકે તેવું આયોજન કરવામાં આવ્યું હોય જે થકી કોલેજ માં આવતી વિધાર્થીનીનું પિરિયડ માં ભણતર પણ ન બગડે એ માટે એક જાગૃતિ સાથે કોલેજના આચાર્ય એ પહેલ કરી છે.

રાજપીપળામાં આવેલ એમ.આર. આર્ટ્સ એન્ડ સાયન્સ કોલજ માં મોટી સંખ્યામાં વિધાર્થિનીઓ અભ્યાસ કરે છે જે મોટે ભાગે આજું બાજુના આદિવાસી ગામોમાંથી અને આદિવાસી જિલ્લામાંથી ભણવા આવે છે.ત્યારે ગરીબ આદિવાસી યુવતીઓ પોતાના પિરિયડના સમયમાં સામાન્ય રીતે કપડાનો ઉપયોગ કરતી હોય છે. અને પેડ બજાર માં લેવા જતા સંકોચ અનુભવતી હોય છે સાથે બજાર માં મળતા પેડ ૨૫ થી ૫૦ રૂપિયા સુધીના મળતા હોય એટલે મોંઘા પણ કહેવાય જે પરવડે નહિ તેવામાં પિરિયડના સમયે યુવતીઓ ઘરે જતી રહે છે. જેથી તેનો અભ્યાસ પણ બાગડે છે. આ સમસ્યાના નિકાલ માટે કોલેજના પ્રિન્સિપલ ડો.શૈલેન્દ્રસિંહ માંગરોલા એ એક એજન્સીનો સંપર્ક કરીને જેમની સાથે ટાઈપ કરી કેન્દ્ર સરકારના ભારતીય રેલ વિત્ત નિગમ લિમિટેડ ના ફંડ દ્વારા એમ.પી.કોન સંસ્થા દ્વારા છ્સ પેડ મશીન લગાવવામાં આવ્યું જેમાં માત્ર ૨ રૂપિયાનો કોઈન નાખાથી આ પેડ મળી જાય તેવી પદ્ધતિ હોય માટે કોલેજ માં અભ્યાસ અર્થે આવતી યુવતીઓ માટે હવે આ મશીન આશીર્વાદરૂપ કહી શકાય,આ મશીન કોલેજના ગર્લ્સ રૂમમાં મુકવામાં આવ્યું છે જેથી યુવતીઓ સરળતાથી આ પેડનો ઉપયોગ કરી શકે અને પોતાને સુરક્ષિત મહેસુસ કરે સાથે ભણતર બગાડી ઘરે પણ ના જવું પડે જેથી આ મશીન થી યુવતીઓમાં ખુબ આનંદ જોવા મળ્યો છે.

મહા મહિનાના આરંભ સાથે ઠંડીની અસર ગાયબ : તાપમાનમાં વધારો

સુરતમાં ૧૮.૨ અને નવસારીમાં ૧૫.૫ ડીગ્રી તાપમાન

સુરત

સમગ્ર દક્ષિણ ગુજરાતમાં છેલ્લા બે દિવસથી પવનની દિશા બદલાઈ છે. જેના લીધે તાપમાન વધતા કડકડતી ઠંડીથી લોકોને રાહત મળી રહી છે. ઉત્તર ભારતમાં હજી પણ ઠંડીનો ચમકારો યથાવત છે. પવનની દિશા ઉત્તર તરફની થશે. ત્યારે ફરી ઠંડી અનુભવાશે.

સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે શહેરનું અધિકતમ તાપમાન ૩૦.૨ ડીગ્રી અને ન્યુનતમ તાપમાન ૧૮.૨ ડીગ્રી નોંધાયું છે. હવામાં ભેજનું પ્રમાણ ૪૭ ટકા અને હવાનું દબાણ ૧૦૧૬.૪ મિલીબાર નોંધાયું છે. શહેરમાં સવારથી જ પૂર્વ અને ઉત્તર પૂર્વ દિશાથી કલાકના ૫ કિલો મીટરની ઝડપે પવન ફુંકાઈ રહ્યો છે. આગામી દિવસોમાં પવનની દિશા ફરી ઉત્તર તરફની થશે અને શહેરીજનોને ઠંડા પવનનો સામનો કરવો પડશે.

નવસારી હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે શહેરનું અધિકતમ તાપમાન ૨૯.૨ ડીગ્રી અને ન્યુનતમ તાપમાન ૧૫.૫ ડીગ્રી નોંધાયું છે. હવામાં ભેજનું પ્રમાણ ૬૨ ટકા અને હવાનું દબાણ ૧૦૧૨ મિલીબાર રહ્યું હતું. ઉત્તર પૂર્વ દિશાથી કલાકના ૨ કિલોમીટરની ઝડપે પવન ફુંકાતો હતો. ગતરોજની સરખામણીએ આજે તાપમાન યથાવત છે.

સમગ્ર દક્ષિણ ગુજરાતમાં આજે પવનની દિશા બદલાતા ઠંડીથી રાહત અનુભવાઈ હતી. આગામી દિવસોમાં ઠંડીનું જોર ઘટે તેવી શક્યતા છે.

અંકલેશ્વરના ઉધ્યોગપતિની દિકરીની વર્ષગાંઠે તુલસીના રોપાનું વિતરણ

પાંચસોથી વધુ રોપાઓનું વિતરણ કરી પર્યાવરણીય જન્મદિન ઉજવાયો

અંકલેશ્વર

સાંપ્રત સમયમાં જ્યારે લોકો જન્મદિવસની ઉજવણીમાં માત્ર ખાઈ-પીને સંતોષ માની લેતા હોય છે એવા સમયે અંકલેશ્વરના એક ઉદ્યોગપતિ તેમજ રાજકીય અગ્રણીના પુત્રની જન્મદિવસની ઉજવણીમાં તુલસીના પાંચસોથી પણ વધુ રોપાનું વિતરણ કરીને એક પ્રશંસનીય દાખલો આપવામાં આવ્યો હતો.

દિલ્હીની પ્રદેશ કારોબારીના સભ્ય અને અંકલેશ્વરના અગ્રણી ઉદ્યોગપતિ અનુરાગ પાંડેના પુત્રના જન્મદિવસની ઉજવણી અંકલેશ્વર સ્ટેશન રોડ પર આવેલી એક હોટલમાં રાખવામાં આવી હતી. આ ઉજવણીમાં પૂર્વ સાંસદ શરદ ત્રિપાઠી, એનડીએમસીના ડિરેક્ટર આર એન સિંગ, ભારત સરકારના સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયની હિન્દી સલાહકાર સમિતિના સભ્ય રજનીશ ત્રિપાઠી, ત્રિકાળદર્શી મહારાજ ઉપરાંત ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય પ્રવક્તા પ્રેમ શુક્લા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉજવણી દરમ્યાન પર્યાવરણને ધ્યાનમાં રાખીને અનુરાગ પાંડે દ્વારા આમંત્રિતોને પાંચસોથી પણ વધુ તુલસીના રોપાનું વિતરણ કરવામાં આવ્યું હતું અને પર્યાવરણ પ્રત્યે જાગૃતિ દાખવવાનો સંદેશ આપ્યો હતો જેને સૌ બિરદાવ્યો હતો.

જન્મદિવસની ઉજવણી આવી રીતે કરાય એ માટે પ્રયત્નો તમામ લોકો કરે એ પણ એક અનુકરણીય પગલું ગણાય. આ અંગે સાર્વત્રિક જાગૃતિ પણ અત્યંત જરૂરી છે.

અસામાજીક તત્વો બેખોફ બન્યા... યુવકનું અપહરણ કરી ૫૦,૦૦૦ની ખંડણી માગી

સુરત

સુરત શહેરના લિંબાયત, પાંડેસરા, ગોડાદરા, ઉધના વિસ્તાર બાદ હવે અમરોલી વિસ્તારમાં અસામાજીક તત્વો બેખોફ બન્યા છે. ગત રોજ અમરોલી-કોસાડ આવાસમાં રહેતો ઈલેક્ટ્રીશયન પ્યારેલાલ શ્યામસુંદર પટેલ (ઉ.વ. ૩૫ મૂળ બેલાપેપખરા, થાના, રામપુર, જિ. સતના, મધ્યપ્રદેશ) ગત રાત્રે અમરોલી શાકમાર્કેટમાં પાવર સપ્લાય બંધ કરી પરત ઘરે જઈ રહ્યો હતો ત્યારે કોસાડ આવાસ એચ-૦૫ ખાતે રહેતા બાબા, અજ્જુ, સાગર, સંજય શહાની ઉર્ફે ડાઉ નામના માથાભારે તત્વોએ અટકાવ્યો હતો અને ચપ્પુની અણીએ બાનમાં જાનથી મારી નાંખવાની ધમકી આપી બિલ્ડીંગના ટેરેસ પર લઈ ગયા હતા. જયાં બાબાએ પ્યારેલાલને ગાળો આપી તું જે માર્કેટમાં ભાડેથી લાઈટ આપે છે તેનું ભાડુ હવેથી તારે મને આપવાનું અને તારે જેને ફોન કરવો હોય તેને કરીને કહી દે કે મને ઉઠાવીને કડોદરા ખાતે લઈ ગયા છે. જેથી પ્યારેલાલે તેના મિત્ર નિકુંજને ફોન કરી બાબા તેનું અપહરણ કરી કડોદરા લઈ ગયો છે એમ કહ્યું હતું અને ખંડણી પેટે રૂા. ૫૦ હજારની માંગણી કરી માર માર્યો હતો. જેથી પ્યારેલાલે માથાભારે તત્વોના સકંજમાંથી મુક્ત થવા મિત્ર નિકુંજ પાસે રૂા. ૫૦ હજાર મંગાવ્યા હતા. જો કે ત્યાર બાદ આશિષ ઉર્ફે ચીક્ના નામના બાબાના સાથીદારે ફોન કરી પ્યારેલાલને કહ્યું હતું કે આજે તો તને છોડી દઈશું પણ કાલથી કોસાડ આવાસમાં દેખાવો જોઈએ નહિ. જો દેખાશે તો જાનથી મારી નાંખીશું તેવી ધમકી આપી બાબા અને તેના મિત્રો ત્યાંથી ભાગી ગયા હતા. ઘટના અંગે પ્યારેલાલે અમરોલી પોલીસ મથકમાં બાબા, અજ્જુ, સાગર અને સંજય વિરૂધ્ધ અપહરણ-ખંડણીની ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

દર્દીને બચાવવા થઈ 'થ્રી ઈડિયટ'વાળી, યુવક એક્ટિવા લઈને હોસ્પિટલમાં ઘુસ્યો

ભરૂચ

ભરૂચમાં એક અનોખો કિસ્સો બન્યો હતો. દર્દીની તબિયત લથડતા એક્ટિવાને એમ્બ્યુલન્સ બનાવી હતી. આખરે પેશન્ટને હોસ્પિટલ ભેગા કર્યો હતો. આ ઘટનાનો વીડિયો વાયરલ થયો હતો.

ભરૂચની એક હોસ્પિટલમાં દર્દીનો જીવ બચાવવા માટે ફિલ્મી દ્રશ્યો જોવા મળ્યા હતા. તાત્કાલિક સારવાર મળે તે માટે એક વ્યક્તિ દર્દીને બચાવવા માટે એક્ટિવા લઈને ટ્રોમા સેન્ટરમાં ઘુસ્યો હતો. અને ત્યાર બાદ દર્દીની તાત્કાલિક સારવાર કરવામાં આવતા એક્ટિવાને બહાર લઈ નિકળ્યો હતો.

મહત્વનું છે કે, આ પ્રકારના દ્રશ્યો થ્રી ઈડિયટ ફિલ્મમાં પણ જોવા મળ્યા હતા. મિત્રના પિતાને બચાવવા માટે અમિર ખાન એક્ટિવા લઈને હોસ્પિટલમાં ઘુસ્યો હતો. ત્યારે હવે આ પ્રકારના દ્રશ્યો ભરૂચમાં પણ જોવા મળ્યા છે.

સળગી ગયેલા આધેડનું હોસ્પિટલમાં મોત થયું

સુરત

ગોડાદરા સહજાનંદ સોસાયટી ખાતે રહેતા એક આધેડે પોતાના ઘરમાં કોઈ અગમ્ય કારણોસર શરીર પર કેરોસીન છાંટી દિવાસળી ચાંપી આત્મહત્યા કરી લીધી હોવાનો બનાવ લીંબાયત પોલીસ મથકમાં નોંધાયો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર ગોડાદરા સહજાનંદ સોસાયટી ખાતે વૈંકટેશ રામાસ્વામી વલમ (૬૫) રહે છે. ગત ૧લી ફેબ્રુઆરીના રોજ તેમણે કોઈ અગમ્ય કારણોસર પોતાના ઘરમાં કેરોસીન છાંટી દિવાસળી ચાંપી સળગી ગયા હતા. સારવાર માટે તેમને સ્મીમેર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેનું કરૂણ મોત નીપજ્યું હતું. પોલીસે અકસ્માત મોત નોંધી તપાસ હાથ ધરી છે.

પારડીની એન.કે.દેસાઈ વિજ્ઞાન કોલેજમાં વાલી સમ્મેલન યોજાયું

હેમંત દેસાઈના હસ્તે તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન

વલસાડ

ધી પારડી એજ્યુકેશન સોસાયટી સંચાલિત એન.કે.દેસાઈ સાયન્સ કૉલેજ, પારડી ખાતે વાલી સંમેલનનું આયોજન કરાયું હતું. આ સંમેલનનો મુખ્ય ઉદેશ પ્રથમ વર્ષ બી.એસસી.નું પરિણામ આવતાં શિક્ષકોની વાલી સાથે ચર્ચા-વિચારણા કરવાનો હતો.

આ પ્રસંગે કૉલેજના ડાયરેકટર દીપેશ શાહે વિદ્યાર્થીઓના વાલીઓને વિસ્તૃતમાં માહિતી આપતાં જણાવ્યું હતું કે, પ્રથમ વર્ષ બી.એસસી.ના પરિણામમાં પ્રથમ ક્રમે પૂનમ ૭.૭૩ SGPA, દ્વિતીય ક્રમે માંગે ચૈતન્ય ૭.૬૪ SGPA અને તૃતીય ક્રમે ભૂમિકા ૭.૩૬ SGPA અંકોથી ઉત્તીર્ણ થયા છે. આ વિદ્યાર્થીઓની પ્રેરણા લઈ અન્ય વિદ્યાર્થીઓને સખત મહેનત કરી આવનારા વર્ષોમાં વધુ અંકો મળે તે પ્રકારની તૈયારીઓ કરવા જણાવ્યું હતું.

પ્રથમ ત્રણ ક્રમાંકે ઉત્તીર્ણ તેજસ્વીઓ વિદ્યાર્થીઓનું સન્માન સંસ્થાના પ્રમુખ હેમંત દેસાઈના હસ્તે કરાયું હતું. તેમણે કૉલેજના તમામ વિદ્યાર્થીઓના ઉજજવળ ભવિષ્યની શુભકામનાઓ પાઠવી હતી.

આ કાર્યક્રમની આભારવિધિ પ્રા. પરમાર સુરભી દ્વારા કરવામાં આવી હતી. આ સંમેલનમાં કોલેજ પરિવાર, વિદ્યાર્થીઓના વાલીઓ તેમજ પ્રથમ કોલેજના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહયા હતા.

સારોલીમાં બાઈકે ઉડાવી દેતા રાહદારીનું મોત

સુરત

સારોલી બીઆરટીએસ બસ સ્ટેન્ડ પાસે અજાણ્યા બાઈક સવારે રાહદારીને અડફેટમાં લેતા રાહદારીનું મૃત્યું થયું હતું. આ ઘટના અંગે મરોલી ગામના કિરણ સુખાભાઈ રાઠોડે અજાણ્યા મોટરસાઈકલ ચાલક વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામનાર ફરિયાદીના મામા બુધિયા મંગળાભાઈ રાઠોડ થાય છે. મૃતક સારોલી ગામ હળપતિવાસમાં રહેતા હતા. સારોલીમાં બીઆરટીએસ બસ સ્ટેન્ડ નજીક કોઈક બાઈક સવારે અડફેટે લેતા બુધિયાભાઈ મંગળભાઈ રાઠોડનું કરૂણ મોત નીપજ્યું હતું.



અંકલેશ્વરની સ્કૂલની બસ ચીખલીમાં પલ્ટી: ૨૩ બાળકો ઈજાગ્રસ્ત







અમરાપુરા ગામ પ્રાથમિક શાળા નં ૫૭ બાળકો બસમાં મુસાફરી કરતા હતા

ગંભીર રીતે ઘાયલ ત્રણ બાળકો સુરત સિવિલ હોસ્પિટલમાં દાખલ

સુરત

જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ ભરૂચ સંચાલિત અંકલેશ્વરના અમૃતપુરાની પ્રાથમિક શાળાના બાળકોનો સાપુતારાનો પ્રવાસ યોજાયો હતો. આજે પ્રવાસની લક્ઝરી બસ અંકલેશ્વરથી સાપુતારા જવા નીકળી હતી. દરમિયાન સવારે ૫ વાગ્યે ચીખલી નજીક પલટી મારી ગઈ હતી. જેના પગલે બસમાં સવાર વિદ્યાર્થીઓ સહિત ૨૩ ઈજાગ્રસ્ત થયા હતા. જેમાં ૩ વિદ્યાર્થીની હાલત ગંભીર હોવાથી સુરત સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

ભાવેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, એક લક્ઝરી બસ સ્પીડમાં પસાર થઈ હતી. ત્યારબાદ અચાનક રોડ બાજુએ ઉતરી જતા જોરદાર અવાજ આવ્યો હતો. હું દોડી ને ગયો તો બાળકોની ચીચયારી સંભળાતી હતી. તાત્કાલિક ૧૦૮ને જાણ કરી પલટી ખાય ગયેલી લકઝરી બસમાંથી બાળકોને બહાર કાઢવાની કામગીરી શરૂ કરી હતી. બીજા લોકો પણ મદદે આવી ગયા હતા. તમામ બાળકો અને વડીલોને બહાર કાઢી ૧૦૮ની મદદથી સારવાર માટે રીફર કર્યા હતા. લક્ઝરી બસમાં ૫૭ બાળકો હતા જેમાં ૨૩ને ગંભીર ઈજા થઈ હતી. જેમાં ૩-૪ની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે.

મળતી માહિતી પ્રમાણે, અંકલેશ્વરના અમૃતપુરામાં જિલ્લા પંચાયતશિક્ષણ સિમિતિ ભરૂચ સંચાલિત પ્રાથમિક શાળા આવેલી છે. ધોરણ ૪થી ૮ના વિદ્યાર્થીઓના સાપુતારા પ્રવાસના આયોજનને લઈને આજે વહેલી સવારે ૫૭ વિદ્યાર્થી અને શિક્ષકો રાધે ક્રિષ્ના ટુર્સ એન્ડ ટ્રાવેલ્સની લક્ઝરી બસ(GJ-01-BV-9593)માં અંકલેશ્વરથી નીકળ્યા હતા. દરમિયાન ચીખલીના સુરખેવ નજીક બસ પલટી મારી ગઈ હતી. પ્રવાસી બસને અકસ્માત નડતા રોડ વિદ્યાર્થીઓની ચીચયારીઓથી ગૂંજી ઉઠ્યો હતો.

લક્ઝરી બસ પલટી મારી જતા આસપાસથી લોકો દોડી આવ્યા હતા. લોકોએ ૧૦૮ને જાણ કરી વિદ્યાર્થીઓને બસમાંથી બહાર કાઢવાની કામગીરી હાથ ધરી હતી. દરમિયાન અનાવલ, ચીખલી, કાંકલ, લીમઝર લોકેશનના ૧૦૮ના ઈએમટી-પાયલોટ દોડી આવ્યા હતા અને ૨૩ જેટલા ઈજાગ્રસ્ત થયેલા વિદ્યાર્થીઓને તાત્કાલિક સારવાર અર્થે ચીખલી અને નવસારીની હોસ્પિટલમાં ખસેડ્યા હતા. જે પૈકી ત્રણની હાલત ગંભીર હોવાથી સુરત સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. દરમિયાન વધુ ત્રણની તબિયત લથડતા સુરત સિવિલ ખસેડ્યા હતા.

ખોટા આદિવાસી પ્રમાણપત્રો મામલે રાજપીપળા ખાતે સમસ્ત આદિવાસી સંગઠનનું કલેકટરને આવેદન





(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

ગાધીનગર સત્યાગ્રહ છાવણીમાં ધરણા પર બેઠેલા સાચા આદિવાસીઓના સમેથનમા આજે સમસ્ત આદિવાસી સંગઠન નમેદાના બેનર હેઠળ ચાલો રાજપીપળા લડેગ,જીતેગે ના નારા સાથે મોટી સંખ્યામાં આદિવાસી સમાજ ના લોકો રેલી સ્વરૂપે કલેકટર કચેરી એ ઉમટી પડ્યા હતા.

ગાંધીનગર ખાતે હાલ આદિવાસી ઓના ખોટા પ્રમાણપત્રો લઈ નોકરી કરતા લોકોને દૂર કરી સાચા આદિવાસીઓને ન્યાય આપવા ''સાચા આદિવાસી બચાવો સમિતિ''દ્વારા ધરણા પ્રદર્શન સાથે આંદોલન ચલાવાઈ રહ્યું છે. જેને દિનપ્રતિદિન આદિવાસી સમાજનુ ભારે જન સમેથન મળી રહ્યું છે ત્યારે આજે રાજપીપળા ખાતે પણ સમસ્ત આદિવાસી સંગઠન નમેદા દ્વારા જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું જેમાં કલેકટર નમેદાને રજૂઆત કરીને ખોટા પ્રમાણપત્ર રદ કરી લીધેલા લાભો પરત લેવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી.

નર્મદા જિલ્લા આદિવાસી સંગઠન દ્વારા અપાયેલા આ આવેદનમાં જણાવ્યું હતું કે તા ૨૯-૧૦-૧૯૫૬ ના પ્રેસિડેન્ટલ ઓર્ડરથી ગીર,બરડો અને આલેચ વિસ્તારના નેસમાં રહેતા રબારી,ભરવાડ અને ચારણ જાતિઓનો અનુસૂચિત જન જાતિમાં સમાવેશ કરવામાં આવેલ છે તો આ સિવાયના લોકોને રાજ્ય સરકાર દ્વારા અપાયેલ ખોટા પ્રમાણપત્રો રદ કરી લેનાર અને આપનાર સામે ફોજદારી કાર્યવાહી કરવામાં આવે, ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૧૮માં અનુસૂચિત જનજાતિના પ્રમાણપત્ર આપવા અને ખરાઈ કરવા કાયદો બનાવવામાં આવ્યો છે પરંતુ તેના નિયમો બનાવવામાં આવ્યા નથી તે તાત્કાલિક અસર થી બનાવવા ઉપરાંત રબારી-ભરવાડ અને ચારણ જાતિ ગીર, બરડો, અને આલેચ સિવાયના લોકો બક્ષીપંચમાં સમાવેશ છે તો તે માટે ભારત સરકારને દરખાસ્ત કરવામાં આવે ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા જાતિ પ્રમાણપત્ર આપવા માટે કરવામાં આવેલ ગેરબંધારણીય તમામ ઠરાવો,પરિપત્રો મૂળ ઢાચામાથી રદ કરવામાં આવે ગીર, બરડા,આલેચના નેશ વિસ્તાર છોડી ને અન્ય જગ્યાએ સ્થળાંતર કરીને ગયેલા રબારી ,ભરવાડ અને ચારણ ને અનુસૂચિત જન જાતિનો દરજ્જો આપવા માટે રાજ્ય સરકારના ઠરાવોના આધારે રાજ્ય સરકારે ખોટા જાતીના દાખલા જાહેર સમારંભો કરીને આપેલા છે જે મહામહિમ રાષ્ટ્રપતિ ના તા.૨૯/૧૦/૧૯૫૬ના જાહેરનામાથી ઉપર વટ જઈ આપેલ છે જે રદ થવા જોઈએ અને આદિવાસી ના દાખલાના આધારે સરકારી નોકરીમાં લીધેલા સરકારી લાભો પણ રદ થવા જોઈએ તેવી રજુઆત કરવામા આવી છે.

પાંડેસરામાં ખુલ્લા પ્લોટમાંથી રૂા.૩.૫૦ લાખના તાકા ચોરાયા

સુરત

પાંડેસરા જીઆઈડીસી પ્લોટ નં.૧૬૨ના ગોડાઉનના ખુલ્લા કંપાઉન્ડમાં ત્રાટકેલા તસ્કરો રૂપિયા ૩.૫૦ લાખની કિંમતની સાડીના તાકા નંગ ૧૬૯ની ચોરી કરી ગયા હતા. ગોડાઉનના મેનેજર પરિમલ મોહનલાલ બિસ્કીટવાળાએ પાંડેસરા પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવી હતી. આ બનાવ તા.૯-૨-૨૦૨૦ના રોજ સવારે ૧૦ વાગ્યા પહેલાં બન્યો હતો. પાંડેસરા પોલીસે મેનેજર પરિમલ બિસ્કીટવાળાની ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, જીઆઈડીસીના ગોડાઉન બહાર ખુલ્લા પ્લોટમાં તાકાનો જથ્થો મુકવામાં આવ્યો હતો અને ખુલ્લા મેદાનમાંથી મોટી રકમનો માલ ચોરાય જતા પોલીસે આસપાસ લાગેલા સીસીટીવી ફુટેજની તપાસ શરૂ કરી હોવાનું જાણવા મળે છે.

ઝાડીઓમાંથી યુવકનો મૃતદેહ મળી આવતા ચકચાર મચી

સુરત

વેસુ વિસ્તારમાં આવેલી હાઈટેક બિલ્ડીંગની સામે યુવકની હત્યા કરવામાં આવી હતી. બાદમાં યુવકના મૃતદેહને હાઈ વે નજીક આવેલી ઝાડીઓમાં ફેંકી દેવામાં આવ્યો હતો. મૃતદેહ અંગે સ્થાનિકોને જાણ થતાં તેમણે પોલીસને જાણ કરી હતી. જેથી પોલીસનો કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો અને વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસને તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે, મૃતક ઉમાકાંત રામરાજ તિવારે (ઉ.વ.આ.૩૫) રહે મનીરા ગાર્ડનના કંપાઉન્ડમાં હાઈટેક એવન્યુ સામે વેસુની હત્યા ચાર દિવસ અગાઉ કરાઈ હોવાનું તારણ સામે આવ્યું છે. હાલ પોલીસે શા માટે અને કોણે હત્યા કરી તે અંગે વધુ તપાસ હાથ ધરી છે.

સગાઈના બીજા દિવસે વાગ્દત્તાએ સગાઈ તોડી નાખતા યુવકે ફરિયાદ નોંધાવી

સુરત

સુરતના અડાજણમાં રહેતા ૨૫ વર્ષીય વેપારીની પાલની યુવતી સાથે સગાઈ થઈ હતી. સગાઈના બીજા જ દિવસે અજાણી યુવતીએ વેપારીને બદનામ કરવા ફિયાન્સીના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર એક મેસેજ કર્યો હતો. અજાણ્યા શખ્સે ફિયાન્સીના ઈન્સ્ટાગ્રામ પર એવો મેસેજ કર્યો હતો કે, વેપારીના માતા-પિતા રાજસ્થાન ફરવા ગયા હતા તે વખતે વેપારીએ મહારાષ્ટ્રીયન યુવતીને તેના ઘરે મહિના સુધી રાખી હતી. યુવતીએ લગ્ન કરવાની વાત કરતા તેની સાથે ઝઘડો કરી વેપારીએ તેને કાઢી મૂકી હતી. આ મામલે કેસ થયો હતો પરંતુ લગ્ન થયા ન હોવાથી વેપારી બચી ગયો હતો. આ મામલે યુવકે તેને બદનામ કરવા માટે કોઈએ આવો મેસેજ કર્યો હોવાથી સુરત સાઈબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી હતી. આ મામલે સાઈબર ક્રાઈમમાં તપાસ કરતા પોલીસે ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પરથી મેસેજ કરનાર બનાસકાંઠાના કાંકરેજ તાલુકાના થવા ગામની યુવતીની ધરપકડ કરી પૂછપરછ હાથ ધરી છે.

નર્મદા જિલ્લામાં નશાની હાલતમાં બેફામ ટ્રકો ચલાવી લોકોના જીવ જોખમતા ટ્રક ચાલકો પર લગામ જરૂરી

આમલેથા પાસે બેફામ જતી હાઈવા ટ્રકના ચાલકે નશાની હાલતમાં વાહન ચલાવી એક મહિલાનો ભોગ લઈ નાસી છૂટ્યો જ્યારે અન્ય એક ટ્રકનો ચાલાક નશાની હાલતમાં ટ્રક ચલાવતો ઝડપાયો

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા



સુરત થી બોડેલી રેતી ભરવા આવતી જતી હાઈવા ટ્રકો વર્ષો થી બે લગામ દોડે છે જેના કારણે નર્મદામાં અકસ્માતોની સંખ્યા વધી છે જેમાં અત્યાર સુધી કેટલાય લોકો એ જીવ પણ ગુમાવ્યા છે ત્યારે હજુ આ સિલસિલો આમજ ચાલ્યા કરે છે માટે આવી બેફામ ટ્રકો પર લગામ જરૂરી થઈ પડી છે.

રવિવારે નાંદોદ તાલુકાના આમલેથા પાસે થી પુરપાટ પસાર થતી એક હાઈવા ટ્રક નંબર જીજે૧૭ ટીટી ૭૬૫૯ ના ચાલકે જેના નામ ઠામની ખબર નથી નશો કરી નશો કરી હાઈવા પુરઝડપે અને બેદરકારી પૂર્વક ચલાવી સુનંદાબેન નામની મહિલા ને અડફેટમાં લઈ માથા ઉપર હાઈવા ટ્રક ચઢાવી ગંભીર ઈજા પહોચાડી સ્થળ ઉપર મોત નિપજાવી નાશી ગયો હતો.આ બાબતે આમલેથા પોલીસે અજાણ્યા ટ્રક ચાલાક વિરુદ્ધ ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.જ્યારે અન્ય એક બનાવ તિલકવાડા ના દેવલીયા ચાર રસ્તા પાસે બન્યો જેમાં પોલીસે ૧૨ પૈડા વાળી એક તોતિંગ ટ્રક જી.જે.૦૩ AW ૩૬૫૧ ના ચાલાક પીઠા ભાઈ ઉકાભાઈ પરમાર રહે,જસદણ, રાજકોટને નસો કરેલી હાલતમાં ટ્રક ચલાવતો ઝડપી લઈ કાયદેસર કાર્યવાહી કરી હતી.

પ્રેમસંબંધમાં વિદ્યાર્થીની હત્યા કરનાર કિશોરીના ભાઈની ધરપકડ

સુરત

પાંડેસરામાં રહેતા વિદ્યાર્થીની પ્રેમસંબંધમાં કિશોરીના ભાઈએ ઉધનામાં હત્યા કરી નાખી હતી. આ હત્યા પ્રકરણમાં ક્રાઈમ બ્રાન્ચે રવિવારે મોડી રાતે કિશોરીના ભાઈને દબોચી લીધો હતો. ત્યારબાદ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા આરોપીને ઉધના પોલીસને સોંપવામાં આવ્યો હતો.



પાંડેસરાના નાગસેન નગરમાં રહેતા અને ધો.૧૨માં અભ્યાસ કરતો રોહિત બાવીસ્કર વિષ્ણુનગર-૧ પાસે ટ્યુશનમાં જતો હતો. શુક્રવારે તે ટ્યુશનથી છુટ્યો ત્યારે મુકેશ પીંપળે તેને માથામાં અને પેટના ભાગે ચપ્પુના ઘા મારી ભાગી ગયો હતો. રોહિતને સિવિલમાં લઈ જતાં મોડીરાત્રે તેનું મોત થયું હતું. સીસીટીવી કેમેરામાં કિશોરીનો ભાઈ વિદ્યાર્થી પર હુમલો કરતો હોવાનું સામે આવ્યું હતું. આરોપીએ પોલીસની પૂછપરછમાં જણાવ્યું હતું કે, રોહિતને મુકેશ પોતાની બહેન સાથે વાતચિત ન કરવા અને મુલાકાત ન કરવા અવાર નવાર જણાવ્યું હતું. હત્યાના દિવસે મુકેશની બહેન તેની મિત્રના ઘરે ગઈ હતી. જ્યાં રોહિત પણ હાજર હતો અને ઈશારાથી વાત કરતો હોય મુકેશને ગુસ્સો આવ્યો હતો. જેથી મુકેશ ઘરે પડેલો જૂનું મોટું ચપ્પુ લઈને નીકળ્યો હતો. મિત્રને ખોટું બોલી બાઈક લઈ રોહિત જ્યાં ટ્યુશન જતો હતો ત્યાં પહોંચી ગયો હતો. રોહિત ટ્યુશનમાંથી બહાર આવતા તેને બોલાવી હજુ કેમ મારી બહેન સાથે વાતો કરે છે તેમ કહીં ચપ્પુના ઘા મારી મોતને ઘાટ ઉતારી દીધો હતો. ત્યારબાદ મુકેશ પોલીસથી બચવા પોતાના ઘરે જતો ન હતો અને રાત્રીના સમયે ખાલી પડેલી રિક્ષામાં સૂઈ જતો હતો.